પાના -૮, કિંમત રૂ.૨, તા. ૦૯-૦૭-૨૦૨૫- બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૮૩ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11



# પાદરામાં મહીસાગર નદી પરનો બ્રિજ તૂટી પડતા ૯નાં મોત

## વડોદરા નજીકનો ગંભીરા બ્રીજ એકાએક ધરાશાયી થતા બે ટ્રક, એક પીકઅપ વાન , બાઈકો સહિત અડધો ડઝન વાહનો નદીમાં ખાબક્યાં : ત્રણ લોકો ઘાયલ પાંચનું રેસ્ક્યુ કરાયું : ચાર દાયકા જુનો બિસ્માર બ્રિજ ઉપયોગ માટે ચાલુ રખાતા મોટી દુર્ઘટના



વડોદરા, તા. ૦૯

સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતને જોડતો વડોદરા નજીક મહીસાગર નદી પરનો ગંભીર બ્રીજ આજે સવારે એકાએક તૂટી પડતા રૂલ પરથી પસાર થઈ રહેલા અર્ધોડઝન વાહનો નદીમાં ખાબકતા હતા. નવ લોકોના ડુબી જવાથી મોત થયા હતા. ત્રણ ઈજાગ્રસ્ત હતા અને પાંચનુ રેસ્કયુ કરાયુ હતું.દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના સ્વજનોને રાજ્ય સરકાર તરફથી થી રૂ. ૪ લાખની અને કેન્દ્ર તરફથી ૨ લાખની આર્થિક સહાય જાહેર કરવામાં આવી છે. પુલ તૂટી પડવાને પગલે બન્ને બાજુ વાહનોની કતાર સાથે ટ્રાફિકજામ સર્જાયો હતો. દુર્ઘટનાના કલાકો પછી પણ કોઈ સરકારી તંત્ર ન ફરકતા જબરો આક્રોશ ફેલાયો હતો.આ દુર્ઘટના વિશે પ્રાપ્ત માહિતી પ્રમાણે મધ્ય ગુજરાત (વડોદરા-આણંદ)થી ગુજરાતને જોડતો અને વડોદરા જીલ્લાના પાદરા તાલુકાના મુજપર પાસેથી પસાર થતો ગંભીરા બ્રીજ આજે સવારે તૂટી પડયો હતો. બે કટકા થઈ ગયા હતા. આ વખતે ત્યાંથી પસાર થતા બે ટ્રક, એક પીકઅપ વાન, બાઈક સહિત અર્ધોડઝન વાહનો નદીમાં ખાબકયા હતા.આ દુર્ઘટના બનતા જ આસપાસના લોકો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા. વાહનો સાથે નદીમાં ખાબકેલા લોકોને બચાવવાની કામગીરી કરી હતી. સરકારી વિભાગોને જાણ કરવામાં આવી હતી છતાં કલાકો સુધી તંત્ર નહીં ફરકતા આક્રોશ સર્જાયો હતો.

અનુસંધાન પાના ૭ પર

## નદીમાંથી ૭થી ૮ મૃતદેહો બહાર કાઢયા : પ્રત્યેકદર્શી

### સ્થાનિક માછીમારો લોકોનો જીવ બચાવવા મદદે આવ્યાં

વડોદરા, તા. ૦૯

વડોદરા અને આણંદને જોડતો મહીસાગર નદી પરનો ૪૫ વર્ષ જૂનો ગંભીરા બ્રિજ આજે વહેલી સવારે અચાનક ધરાશાયી થતાં હાહાકાર મચી ગયો હતો. આ ભયાવહ દુર્ઘટનાના પ્રત્યક્ષદર્શીઓએ વર્ણવેલી ક્ષણો હૃદયદ્રાવક છે. પુલ તૂટવાની ઘટના સમયે જાણે ધરતીકંપ આવ્યો હોય તેવો ભાસ થયો હતો, જેમાં અનેક વાહનો નદીમાં ખાબક્યા હતા. જોકે, કેટલાક લોકોનો આબાદ બચાવ થયો હતો જ્યારે કેટલાકનો બચાવ કામગીરીમાં જોડાયેલા સ્થાનિકોની તત્પરતાને કારણે જીવ બચી શક્યા હતા. બાઈક પરથી કૂદીને આબાદ બચનાર યુવાનો અને ગાડી સાથે બ્રિજ નીચે પાણીમાં ખાબક્તા પ્રત્યક્ષદર્શીઓએ સાથેની વાતચીતમાં ઘટના સમયના દ્રશ્યો વર્ણવ્યા હતા.

ઘટનાને આંખે જોનાર અને બચાવ કામગીરીમાં જોડાયેલા નરેન્દ્ર માળી જણાવ્યું કે, 'આઈસરના ટાયર ઘસાયા એ અમને ખબર પડી, પછી અથડાઈ અને એક પોપડો નીચે પડ્યો અને ધબાધબ ગાડીઓ નીચે પડી.' પુલના બીજા છેડેથી પણ ત્રણ ગાડીઓ નીચે પટકાઈ. આ દ્રશ્ય જોતા જ હું અને મારા સાથીઓ તાત્કાલિક પોતાની નાવડીઓ ઘટના સ્થળે લઈ આવ્યા અને સવારના સાત વાગ્યાથી સતત બચાવ કામગીરીમાં જોડાયેલા છીએ.

અનુસંધાન પાના ૭ પર

## બ્રિજ દુર્ઘટના અંગે ઉચ્ચ તપાસનો મુખ્યમંત્રીનો હુકમ

સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતને જોડતો વડોદરા નજીક મહીસાગર નદી પરનો ગંભીર બ્રીજ આજે સવારે એકાએક તૂટી પડતા રૂલ પરથી પસાર થઈ રહેલા અર્ધોડઝન વાહનો નદીમાં ખાબકતા હતા. નવ લોકોના ડુબી જવાથી મોત થયા હતા. ત્રણ ઈજાગ્રસ્ત હતા અને પાંચનુ રેસ્કયુ કરાયુ હતું.આણંદ જિલ્લાના ગંભીરા ગામથી વડોદરાના પાદરા તાલુકાને જોડતા તથા ભરૂચ જવાના માર્ગ પર મહિસાગર નદી પરનો ગંભીરા બ્રીજ તૂટી પડવાની ગંભીર ઘટના અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ઉચ્ચ સ્તરીય તપાસના આદેશો આપી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

### ભારત બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ

## ૨૫ કરોડ કામદારો હડતાળ પર હોવાનો ટ્રેડ યુનિયનનો દાવો

**ભુવનેશ્વરમાં રેલ રોકો આંદોલન : બેંકો , પોસ્ટ ઓફીસના કામકાજ અસરગ્રસ્ત**

નવી દિલ્હી, તા. ૦૯

દેશમાં આજે એટલે કે ૯ જુલાઈના રોજ ઘણી જગ્યાએ બેંકો, વીમા, પોસ્ટ અને જાહેર પરિવહન જેવી સેવાઓ પ્રભાવિત થઈ છે. ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનો અને તેમના સહયોગી સંગઠનોએ હડતાળનું એલાન કર્યું છે. યુનિયને દાવો કર્યો છે કે દેશભરમાં ૨૫ કરોડ કર્મચારીઓ હડતાળ પર છે.

ટ્રેડ યુનિયનો ખાનગીકરણ અને ૪ નવા શ્રમ સંહિતાનો વિરોધ કરે છે. તેઓ કેન્દ્રની નીતિઓનો વિરોધ કરી રહ્યા છે, જેને તેઓ મજૂર વિરોધી, ખેડૂત વિરોધી અને કોર્પોરેટ તરફી માને છે.પીરિયોડિક લેબર ફોર્સ સર્વે મુજબ, દેશમાં જાહેર અને ખાનગી ક્ષેત્રમાં ૫૬ કરોડ કર્મચારીઓ છે. આમાં, અનૌપચારિક ક્ષેત્રમાં ૫૦ કરોડ અને ઔપચારિક ક્ષેત્રમાં ૬ કરોડ કર્મચારીઓ છે.૨૬,૦૦૦ રૂપિયા લઘુત્તમ વેતન અને જૂની પેન્શન યોજના જેવી માંગણીઓ માટે હડતાળ કરવામાં આવી રહી છે. યુનિયનોના ફોરમે એવો પણ આરોપ લગાવ્યો છે કે સરકાર છેલ્લા ૧૦ વર્ષથી વાર્ષિક મજૂર પરિષદો યોજી રહી નથી અને કામદારોના હિત વિરુદ્ધ નિર્ણયો લઈ રહી છે. તે 'વ્યવસાય કરવાની સરળતા'ના નામે સામૂહિક સોદાબાજીને નબળી પાડતા, યુનિયનોની પ્રવૃત્તિઓને નિયંત્રિત કરતા અને નોકરીદાતાઓને લાભ આપતા ચાર શ્રમ સંહિતા લાગુ કરવાનો પ્રયાસ કરી રહી છે.'ભારત બંધ' વિરોધ પ્રદર્શન તીવ્ર બનતા દેશના ઘણા ભાગોમાં જાહેર પરિવહન પ્રભાવિત થયું છે.

## હદની તપાસ વગર પોલીસે ઝીરો નંબરથી ગુનો દર્જ કરવો પડશે

**નવી અપરાધ સંહિતામાં પોલીસ અધિકારીઓ માટે પ્રોટોકોલ નિશ્ચિત કરાયો**

નવી દિલ્હી, તા. ૦૯

દેશમાં નવા ભારત અપરાધ સંહિતાના કાનૂન હેઠળ એફઆઈઆર અને અપરાધ સબંધી તપાસમાં એક નવી કામકામની પ્રક્રિયાનો પણ સમાવેશ કરાયો છે અને તેમાં પોલીસ અધિકારીઓ માટે પ્રોટોકોલ પણ નિશ્ચિત કરાયો છે અને તેમાં પોલીસનો મુખ્ય ઉદેશ પીડીતને સહાય કરવા અને તેને ન્યાય અપાવવામાં સહયોગ કરવાનો હોવો જોઈએ તે નિશ્ચિત કરાયું છે.

ખાસ કરીને કોઈપણ ગંભીર અપરાધ સમયે પણ ભોગ બનનારને પણ એક યા બીજા પોલીસ સ્ટેશન ચકકર કાપવા પડે છે. અને એફઆઈઆર કયા નોંધાવવી તે અંગે પણ પોલીસ તેને 'હદ' બતાવે છે તે હવે કરી શકશે નહી જો કે અત્યારે પણ કાનૂનમાં જોગવાઈ છે કે કોઈપણ પોલીસ સ્ટેશનમાં જીરો નંબરથી એફઆઈઆર નોંધીને બાદમાં જેતે પોલીસ ક્ષેત્રના અધિકાર હેઠળ આવતું હોય ત્યાં તે ફરીયાદ ટ્રાન્સફર કરી દેવાની હોય છે.

પરંતુ અવારનવાર એ જોવા મળ્યું છે કે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ

અનુસંધાન પાના ૭ પર

### બિહાર બંધના એલાન વચ્ચે

## પટનામાં રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવ વિરોધ પ્રદર્શનમાં જોડાયા

**વિવિધ શહેરોમાં ટ્રેનો રોકી દેવા સાથે ઠેર-ઠેર ચક્કાજામ**

નવી દિલ્હી, તા. ૦૯

આજે, મહાગઠબંધને બિહારમાં ચૂંટણી પંચ દ્વારા ચલાવવામાં આવી રહેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ઝુંબેશ સામે રાજ્યવ્યાપી ચક્કા જામનું આહ્વાન કર્યું છે. રાષ્ટ્રીય જનતા દળ (RJD), કોંગ્રેસ, ડાબેરી પક્ષો, ફૈં પાર્ટી અને જન અધિકાર પાર્ટી (પપ્પુ યાદવ) સહિત મહાગઠબંધનના તમામ ઘટક પક્ષો આ વિરોધ પ્રદર્શનમાં સામેલ છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આજે પટના પહોંચ્યા અને તેજસ્વી યાદવ સાથે ઈન્કમટેક્સ ચોકથી ચૂંટણી કાર્યાલય પહોંચશે.

બિહાર ચૂંટણી પહેલા થઈ રહેલા વોટર વેરિફિકેશનના વિરોધમાં વિપક્ષે બંધનું એલાન આપ્યું છે. રાહુલ ગાંધી, તેજસ્વી યાદવ અને પપ્પુ યાદવ ઈનકમ ટેક્સ ક્રોસિંગ પહોંચ્યા અને અહીથી વિરોધ પ્રદર્શન કર્યા પછી તમામ નેતાઓ ચૂંટણી પંચની ઓફિસ તરફ રવાના થયા.

ભોજપુરના બિહિયા સ્ટેશન પર, પૂર્વ આરજેડી ધારાસભ્ય ભાઈ દિનેશે તેમના સમર્થકો સાથે શ્રમજીવી એક્સપ્રેસ અને વિભૂતિ એક્સપ્રેસને રોકી અને સૂત્રોચ્ચાર કર્યા. ૩ મિનિટ પછી ટ્રેનને રવાના કરવામાં આવી.બેગુસરાયમાં, આરજેડી કાર્યકરોએ NH-૩૧ને જામ કર્યો હતો. તેમણે

અનુસંધાન પાના ૭ પર

## નામિબિયામાં પરંપરાગત નૃત્ય સાથે વડાપ્રધાન મોદીનું સ્વાગત

**૨૭ વર્ષ બાદ ભારતના વડાપ્રધાન નામિબિયા દેશની મુલાકાતે**

નવી દિલ્હી, તા. ૦૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દક્ષિણ આફ્રિકાના દેશ નામિબિયા પહોંચ્યા છે. ૨૭ વર્ષ પછી કોઈ ભારતીય પ્રધાનમંત્રીની નામિબિયાની આ પહેલી મુલાકાત છે. રાજધાની વિન્ડહોકના એરપોર્ટ પર ઉતર્યા બાદ તેમનું પરંપરાગત નૃત્ય સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પીએમએ કલાકારો સાથે ઢોલ પણ વગાડ્યો હતો.

પીએમ મોદી પહેલા તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી ૧૯૯૮માં નામિબિયાની મુલાકાતે ગયા હતા. ૧૯૯૦ની શરૂઆતમાં તત્કાલીન વડાપ્રધાન વીપી સિંહ, ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી અને ઘણા ઉચ્ચ કક્ષાના નેતાઓએ નામિબિયાના સ્વતંત્રતા દિવસ પર તેની મુલાકાત લીધી હતી.

મોદી અહીં રાષ્ટ્રપતિ નેટુમ્બો નંદી-નદૈત્વાને મળશે. બંને દેશો વચ્ચે હીરાના વ્યવસાય, આવશ્યક ખનિજો અને યુરેનિયમ પુરવઠા પર ચર્ચા થવાની અપેક્ષા છે.આ ઉપરાંત, મોદી નામિબિયાની સંસદને પણ સંબોધિત કરશે. મોદીની નામિબિયા મુલાકાત

અનુસંધાન પાના ૭ પર

## અમેરિકાએ ત્રણ માસમાં ફકત ૯૯૦૬ વિદ્યાર્થીઓને વિઝા આપ્યા

વોશિંગ્ટન, તા. ૦૯

અમેરીકામાં ડોનાલ્ડ ટ્રમ્પના શાસનના આગમન બાદ ડ્રીમ અમેરીકા વધુ મુશ્કેલ બન્યું છે તેમાં ચાલુ વર્ષે સ્ટુડન્ટ વિઝાની પ્રક્રિયા એક તબકકે સ્થગિત કર્યા બાદ ફરી શરૂ કરાઈ છે પરંતુ તે અત્યંત ધીમી ગતિથી ચાલી રહી હોવાથી ભારતના હજારો વિદ્યાર્થીઓ એફ-૧ કે જે સ્ટુડન્ટ વિઝા તરીકે ઓળખાય છે તે માટે રાહ જોઈ રહ્યા છે.

હાલની માર્ચ-મે માસની વિઝા ઈશ્યુ કરવાની ગતિ ૨૦૨૨ બાદની સૌથી ધીમી હોવાનું બહાર આવ્યું છે. જો કે અમેરીકાએ સ્ટુડન્ટ વિઝા

અનુસંધાન પાના ૭ પર

## ઉત્તરાખંડના ચમોલીમાં વાદળ ફાટયું, એમપીમાં ભારે વરસાદથી નર્મદામાં પૂર

**વારાણસીમાં દશાશ્વમેઘ ઘાટ ડૂબી જતા ગંગા આરતીનું સ્થળ બદલાયું**

નવી દિલ્હી, તા. ૦૯

ઉત્તરાખંડમાં ભારે વરસાદ પડી રહ્યો છે. મંગળવારે ચમોલી જિલ્લાના નંદપ્રયાગ ઘાટ નજીક મુખ ગામમાં વાદળ ફાટવાથી ભારે તબાહી મચી ગઈ હતી. SDRFએ જણાવ્યું હતું કે જાનહાનિના કોઈ અહેવાલ નથી. શોધખોળ ચાલુ છે. આગામી ચાર દિવસમાં રાજ્યના પાંચ જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા છે.

મધ્યપ્રદેશમાં, મંડલા, ડિંડોરી, શ્યોપુર, શહડોલ, ઉમરિયા જિલ્લાઓ પૂરની ઝપેટમાં છે. નર્મદા અને અન્ય નદીઓમાં પણ પૂર છે. છતરપુરમાં બાન સુજારા ડેમના ૧૨ દરવાજા ખોલવામાં આવ્યા, દામોહમાં સતધરુ-સાજલી ડેમના ૩-૩ દરવાજા ખોલવામાં આવ્યા. જબલપુરમાં બરગી ડેમના ૧૭ દરવાજા ખોલવામાં આવ્યા.

યુપીના વારાણસીમાં ગંગાનું જળસ્તર ૬૨.૫૮ મીટર પર પહોંચી ગયું છે. ભયજનક સ્તર ૭૦.૨૬ છે. ૨૦થી વધુ ઘાટ નદીમાં ડૂબી ગયા છે. દશાશ્વમેઘ ઘાટ પર યોજાતી ગંગા આરતીનું સ્થાન બદલવામાં આવ્યું છે. અસ્સી ઘાટ પર પણ ગંગાનું પાણી આરતી સ્થળ સુધી પહોંચી ગયું છે.

આ વર્ષે રાજસ્થાન પર ચોમાસુ ખૂબ જ મહેરબાન રહ્યું છે. અત્યાર

અનુસંધાન પાના ૭ પર

## સીઝનમાં વિમાનના વધતા ભાડાની મર્યાદા નક્કી કરાશે

નવી દિલ્હી, તા. ૦૯

તહેવારો તથા ચોકકસ સિઝનમાં વિમાની ભાડામાં થતો તોતીંગ ભાડા વધારો રોકવા માટે 'ભાડા મર્યાદા'લાગુ કરવામાં આવશે તેમ ડીરેકટોરેટ જનરલ ઓફ સીવીલ એવિએશન દ્વારા સંસદીય પેનલને જણાવવામાં આવ્યુ હતું.

નાગરિક ઉડ્ડયન મંત્રાલય તથા એરલાઈન્સનાં સીનીયર અધિકારીઓ સંસદીય ઝોનલ સમક્ષ હાજર થયા હતા. બેઠકમાં ઉંચા ભાડા તથા વિમાની સુરક્ષા વિશે ચિંતા દર્શાવવામાં આવી હતી. કેટલાંક સાંસદોએ બ્યુરો ઓફ સીવીલ એવીએશન સિકયુરીટીઝનું ઓડીટ

અનુસંધાન પાના ૭ પર



# સુરત શહેરમાં વરસાદી નુકસાનગ્રસ્ત માર્ગોની મરામત કામગીરી શરૂ કરાઈ

### રસ્તા રિપેરીંગ, રિસર્ફેસિંગ, મેટલ વર્ક કરી મોટરેબલ કરવાની કામગીરી હાથ ધરાઈ

સુરત, તા.૯

રાજ્યભરમાં ભારે વરસાદની સ્થિતિ બાદ જિલ્લા તાલુકા, શહેર અને ગામોને જોડતા નાના મોટા રોડ/રસ્તાઓ ઉપર પાણી ભરાવાના કારણે રસ્તાઓને નુકસાન થયું છે, ત્યારે નાગરિકોને યાતાયાતની સુવિધામાં કોઈપણ પ્રકારની તકલીફના પડે તે માટે રોડ રસ્તા રિપેરીંગની કામગીરી કરવા મુખ્યમંત્રી શ્રી દ્વારા વહીવટીતંત્રને આદેશ અપાયા છે, જેના ભાગરૂપે મ્યુ.કમિશનર શ્રી શાલિની અગ્રવાલના માર્ગદર્શનમાં સુરત મનપા દ્વારા નુકસાનગ્રસ્ત માર્ગોના મરામતની કામગીરી હાથ ધરાઈ છે. શહેરમા ક્ષતિગ્રસ્ત થયેલા તમામ નાના મોટા રોડ, રસ્તાઓ રિપેરિંગ, રિસર્ફેસિંગ, મેટલવર્ક કરી મોટરેબલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં સાઉથઈસ્ટ ઝોનમાં પ્રમુખ પાર્ક બ્રિજ પાસે, સરદાર માર્કેટ પાસે, ગાયત્રીનગર ડિંડોલી પાસે, માનસરોવર સોસાયટી, ગોડાદરા પાસે, સાઉથ ઝોન-એ માં ઉધના રોડ નંબર-૬ પાંડેસરા નેમનગર પાસે, સાઉથ ઝોન-બી માં સચિન એપેરલ પાર્ક પાસે રસ્તા મરામતની કામગીરી કરવામાં આવી હતી.



# ભાષા-પ્રાંત-ધર્મના નામે નિર્દોષો પર હુમલાનો કોંગ્રેસ દ્વારા વિરોધ

### કોંગ્રેસ ભાષા-ભાષી સેલ દ્વારા કલેક્ટરને આવેદન પાઠવાયું

સુરત, તા.૯

ગતરોજ સુરત શહેર કોંગ્રેસ સમિતિના ભાષા ભાષી સેલ દ્વારા મહારાષ્ટ્ર માં ભારત દેશ ના અન્ય રાજ્ય ના નાગરિકો ત્યાં વસવાટ કરે છે વેપાર-ધંધો-નોકરી-રોજગાર કરવા જાય છે તે ત્યાં સુરક્ષિત નથી ત્યાં ભાષા-પ્રાંત-ધર્મ નાં નામે નિર્દોષ દેશવાસીઓ પર હિંસક હુમલા થઈ રહયા છે જે દેશ માં આવી ઘટનાઓ ને કારણે ડર-અને હીસા નો માહોલ બન્યો જેના થી સાબિત થાય છે કે દેશ કેન્દ્ર ની અને રાજ્ય ની બન્ને સરકાર ભાજપ ની છે જે દેશના નાગરિકો ના સંવિધાનિક અધિકાર ની રક્ષા નથી કરી રહી તેથી સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મહામહિમ રાષ્ટ્રપતિ મહોદયા ને ઉદ્દેશીને સુરત કલેકટર શ્રીને આ વિષય પર ધ્યાન દોરી અને દેશના નાગરિકો નો સંવિધાનીક અધિકારોનું રક્ષણ થાય તેવી માંગણી સાથે આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જ્યાંરે સુરત માં રહેતા ભારત સરકાર ના કેબિનેટ મંત્રી શ્રી પણ દેશ માં થઈ રહેલી આવી ઘટનાઓ જેમા ગુજરાતી -રાજસ્થાની વેપારીઓ કોઈ સંજ્ઞાન લીધી નથી તે ઘણી ગંભીર બાબત છે, આ કાર્યક્રમ માં ભાષા ભાષી સેલના પ્રમુખ ઓમપ્રકાશ ગોયેલ, કાશીફ ઉસ્માની, સંતોષ પાટીલ સેવાદળ ચેરમેન, રઈશાબેન મહીલા કોંગ્રેસ પ્રમુખ, છાયાબેન ઠાકુર, હરીશ સુર્યવંશી, અશોક કોઠારી, અવનીશ તીવારી, ચંપાલાલ બોથરા, શશીકાંત દુબે, ખુમાનસિહ, મોહાન કનોજીયા, ગણેશ જૈન, શિવાસિંગ રાજપુત, સજુબેન દીક્ષિત, ક્રિષ્ના પાંડે, જયેશ બ્રહ્મભટ્ટ, તેમજ કોંગ્રેસ આગેવાન, કાર્યકરો અને સુરતમાં વસવાટ કરતા પરપ્રાંતીય સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### સુરત શહેરમાં વરસાદના વિરામ બાદ

# મહાનગર પાલિકા દ્વાર ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું કામ પુર ઝડપે હાથ ધરાયું

### વેસ્ટ ઝોનના ૮ વિસ્તારોમાં મહાનગર પાલિકા દ્વારા તાત્કાલિક પેચવર્કનું કાર્ય પુરજોશમાં

સુરત, તા.૯

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના માર્ગોની પ્રવર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજી સંબંધિત વિભાગોના અધિકારીઓને વરસાદથી નુકસાનગ્રસ્ત બનેલા માર્ગો-પુલોની મરામત માટે પેચવર્ક કરવા માટેનો આદેશ આપ્યો હતો. જેના ભાગરૂપે મ્યુ.કમિશનર શાલિની અગ્રવાલના માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના રસ્તાઓને પેચવર્ક કરવાનું કાર્ય ઠેર ઠેર કરવામાં આવી રહ્યું છે. શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી નોંધાયેલા ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં ક્ષતિગ્રસ્ત રસ્તાઓ પરને પૂર્વવત કરવા માટે પાલિકા તંત્ર કામે લાગ્યું છે.

વરસાદના વિરામ બાદ પાલિકા દ્વારા ખાડાઓ ભરવા અને રસ્તાઓના પેચવર્કનું કાર્ય પ્રારંભ કરાયું છે. ખાસ કરીને વેસ્ટ ઝોન વિસ્તારમાં મહાનગરપાલિકા દ્વારા ૮ સ્થળોએ માર્ગ મરામતની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સારોલી બ્રિજથી વરિયાવ ચેકપોસ્ટ સુધીનો માર્ગ, પ્રથમ સર્કલથી બાગબાન સર્કલ સુધી (ગેલેક્સી સર્કલ માર્ગે), ભાઠા ગામથી ઈચ્છાપોર કેનાલ સુધી, સુભાષ ગાર્ડનથી સંગિની ગાર્ડનિયાથી ઉગત કેનલ રોડ, પાલનપુર ચોકડી (જકતનાકા)થી સાઈ તીર્થ જંક્શન સુધી, ધનમોરા કોમ્પલેક્સથી ઋષભ સર્કલથી વિજય સેલ્સ સર્વિસ રોડ, એલ.પી.સાવણી સર્કલથી હરિ ઓમ પેટ્રોલ પંપ સુધી, રામનગર ચાર રસ્તાથી રાંદેર ગામ બસસ્ટેન્ડ સુધીના રસ્તાની મરામતની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આમ, વરસાદી સિઝનમાં માર્ગ વ્યવસ્થાપન સુનિશ્ચિત બનાવવા મહાનગરપાલિકા સંપૂર્ણ સતર્કતા સાથે કામગીરી કરી રહી છે.

# ભારે વરસાદના કારણે માંડવીનો કેવડી ડેમ ૧૦૦ ટકા ભરાયો

### આસપાસના ગામોને તકેદારી રાખવા અનુરોધ

સુરત, તા.૯

માંડવી તાલુકાના ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે નાની સિંચાઈ યોજના હેઠળના કેવડી ડેમ સાંજે ૪.૦૦ વાગે ૩૫૫ ફુટ એટલે કે, સંપુર્ણ ભરાઈ ચુકયો છે. હવે પછી યોજનાના સ્ત્રાવ વિસ્તારમાં વરસાદ પડશે તો ડેમના વેસ્ટ વિયર પરથી ઓવરફલો થઈ મોરણ ખાડીમાં વહેવાની શકયતા રહેલી છે. જેથી નાની સિંચાઈ યોજનાના હેઠવાસના મોરણખાડી નદીના કિનારાના ગામો કેવડી, જેતપુર, કાણાધાટ, ગાંગપુર, પીપલવાડા ગામોના લોકોને વરસાદ હોય ત્યારે નદીના વહેણમાં ન જવા અને નદી ન ઓળગવા પંચાયત સિંચાઈ પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ચેમ્બરની રેલ કમિટીના અધ્યક્ષ પદે રાકેશ શાહની નિમણૂંક થઇ

### રાકેશ શાહ ૩૦ વર્ષથી રેલ્વેનો અનુભવ ધરાવે છે

સુરત, તા.૯

સુરત સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ SGCCI ની રેલવે કમીટી ના ચેરમેન પદે સતત ૬ ઠા વર્ષ માટે રેલ્વે બોર્ડ ની PSC કમીટી અને પશ્ચિમ રેલવેની ZRUCC કમિટી ના પૂર્વ સીનિયર સભ્ય રાકેશ શાહ ની નિમણૂક કરાઈ ઉલ્લેખનીય છે કે રાકેશ શાહ રેલ્વે નો ૩૦ વર્ષ નો અનુભવ ધરાવવા સાથે સુરત - ગુજરાત અને રાષ્ટ્રીય ભાજપા તરફથી રેલ્વે ની મહત્વપૂર્ણ એવી DRUCC કમિટી માં ૫ ટર્મ, ZRUCC કમિટી માં ૭ ટર્મ અને રેલવે બોર્ડ ની નેશનલ લેવલ ની NRUCC કમિટી તથા રેલવે બોર્ડ ની PSC કમીટી માં ૧ - ૧ ટર્મ રહી ચુકયા છે તેમજ સાઉથ ગુજરાત રેલ્વે ૧જાં ક્લાસ પેસેન્જર્સ એસોસિએશન ના સન ૨૦૦૦ થી આજ પર્યંત સ્થાપક પ્રમુખ તરીકે સેવા



આપી રહ્યા છે, તથા ભાજપા તરફથી સુરત મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ ના ૧૦ વર્ષ સુધી સભ્ય રહ્યા છે , તેમની ફરી એક વખત નિમણૂક થવાથી તેઓ ઈન્ડસ્ટ્રી સાથે વર્ષો થી સંકળાયેલા હોવાથી ઈન્ડસ્ટ્રીયાલિસ્ટો સહિત દક્ષિણ ગુજરાત ની જનતામાં , ભાજપ પરિવારમાં અને ચેમ્બર સહિત રેલ્વે ના અપ ડાઉન કરતા મુસાફરો સહિત રેલવે કર્મચારીઓ અને અધિકારીઓમાં આનંદ ની લાગણી વ્યાપી ગઈ છે, રેલ્વે અંગે ના સૂચનો તેમણે પોતાના મેલ આઈ ડી ઉપર મોકલવા અપીલ કરી છે.



# શ્રી સુરતી મોઢ વણિક અડાજણ રાંદેર દ્વારા કફનનું વિતરણ કરાયું

સુરત, તા.૯

અનેક વિધ માનવીય અભિગમ વાળી સેવાઓ કરતું શ્રી સુ. મો. વણિક અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા એક વધુ ૭૭ મો કફન વિતરણ કાર્યક્રમ યુવક મંડળ દ્વારા ન્યુ સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ રૂમ ખાતે યોજાયો. જેમાં ન્યુ સિવિલ હોસ્પિટલના ડો. આરતીબેન પરમાર એ કફનનો જથ્થો સ્વીકારી યુવક મંડળની આ નિયમિત મળતી સેવાને બિરદાવી. યુવક મંડળના પ્રમુખ હરીશ પીપવાલા ની આગેવાનીમાં ભર વરસાદ માં ગોઠવાયેલ આ કાર્યક્રમમાં પરેશ ભાટિયા મનોજ ગાંધી, વિકીન આસામની, રવિ ગાંધી, અરુણ પાનવાળા, નિતીન ઘાએલ, પંકજ માંજરાવાળા જીગ્નેશ ઘીવાળા વસંત ગોળવાળા, મોન્ટુ જીનવાલા, ડો. ધર્મેશ મહેતા, આશિષ મોદી, જયવદન ઘીવાળા એ સેવા આપી. વસંતભાઈ ગોળવાળાએ કફન દાનનો કારણ અને ઉપયોગ ની માહિતી આપી કાર્યક્રમ નું સમાપન કર્યું હતું.

# સરકાર હંમેશા ઉધોગ જગત સાથે સહકારથી આગળ વધે છે : કે.સી. સંપત

### ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જીએસટી કોન્કલેવ ૨૦૨૫ યોજાઇ

સુરત, તા.૯

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૫ જુલાઇ ૨૦૨૫ના રોજ બપોરે ૩:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે જીએસટી કોન્કલેવ ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્કલેવમાં ગુજરાત હાઈકોર્ટના પ્રેક્ટિશનર સી.એ. એડવોકેટ શ્રી હિરેન ત્રિવેદીએ ટેક્ષ્ટાઈલ સેકટર માટેના જીએસટી કોમ્પ્લાયન્સિસ એન્ડ ચેલેન્જીસ વિષે અને દેસાઈ લીગલના સ્થાપક સી.એ. એડવોકેટ શ્રી અભય દેસાઈએ તાજેતરના ન્યાયિક નિર્ણયો અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, જીએસટીની સતત બદલાતી જોગવાઈઓ વચ્ચે ઉદ્યોગકારોને સમયસર યોગ્ય માહિતી અને સ્પષ્ટતા મળવી જરૂરી છે. ચેમ્બરના મંચ પરથી આવા પ્રકારના કોન્કલેવનું આયોજન કરીને અમે ઉદ્યોગ જગતને સમય સમય પર યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવાની દિશામાં આગળ વધીએ છીએ. સરકારની જીએસટી સંબંધિત નીતિઓમાં સ્પષ્ટતા અને જટિલતાઓનું યોગ્ય સમજદારીપૂર્વક પાલન થાય તે માટે ઉદ્યોગ જગત માટે આવા પ્રકારના કોન્કલેવનું આયોજન જરૂરી છે. ગુજરાત સરકારના ઈન્ડેક્ષ્ટબીના મેનેજિંગ ડિરેકટર શ્રી કે.સી. સંપત (IAS)એ જીએસટી કોન્કલેવમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારનો હંમેશા દૃઢ અભિગમ રહ્યો છે કે ઉદ્યોગોને સરળ, પારદર્શક અને વિકાસલક્ષી નીતિ માળખું ઉપલબ્ધ થાય. ચેમ્બર આવા કોન્કલેવ થકી ઉદ્યોગકારો અને નીતિ નિર્માતાઓ વચ્ચે જાણકારી અને સંવાદ માટે અત્યંત યોગ્ય અને ઉપયોગી મંચ પૂરો પાડે છે. સરકાર હંમેશાં ઉદ્યોગ જગત સાથે સહકારથી આગળ વધી રહી છે અને ભવિષ્યમાં પણ સહયોગ અને માર્ગદર્શન આપતી રહેશે. સરકારના નીતિ નિયમોથી બિઝનેસ કરીએ તો પીસ ઓફ માઈન્ડ અને ગ્રોથ ઓફ બિઝનેસ એ બંને બાબતો શકય બને છે. કોન્કલેવમાં

અનુસંધાન પાના ૭ પર

# જે.એચ.બી. સરદાર પ્રાયમરી સ્કૂલમાં વિદ્યાર્થી પરિષદની ચૂંટણી





### ધો.૩થી ૮ના ૧૩૫૦ વિદ્યાર્થીઓએ મતદાન કર્યું

સુરત, તા.૯

૦૮/૦૭/૨૦૨૫ ની રોજ અડાજણ પાટિયા ખાતે આવેલ જે. એચ.બી સરદાર પ્રા. ઈંગ્લીશ સ્કૂલમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે વિદ્યાર્થી પ્રતિનિધિ પરિષદની રચના અને ભારતના લોકતંત્રની તાકાત એવી "મતદાન ચૂંટણી પદ્ધતિ" દ્વારા પ્રક્રિયા કરવામાં આવી હતી. જેમાં ધોરણ ૩ થી ૮ ના ૧૩૫૦ જેટલા વિદ્યાર્થીઓ એ મતદાન કરી શાળાની ડીસીપ્લીન, સાંકૃતિક, સ્પોર્ટ્સ, મ્યુઝીક જેવી વિવિધ ૧૨ જેટલી કમિટી માટે તેમજ "હેડ બોય" અને "હેડ ગર્લ" માટે વોટીંગ થયું હતું. આ કમિટીમાં ઉમેદવારી નોંધાવવા વિદ્યાર્થીઓ એ ફોર્મ ભરી જરૂરી દસ્તાવેજો સાથે નામની નોંધણી કરાવી હતી સાથે સાથે વિદ્યાર્થીઓને પ્રચાર માટે યોગ્ય સમય આપવામાં આવ્યો હતો. આ મતદાન પદ્ધતિમાં વિધાર્થીઓ માટે પોલીંગ ઓફિસર, પ્રેસાઈડીંગ ઓફિસર, રીટનીંગ ઓફિસર તેમજ ચૂંટણી અધિકારીની નિમણૂક કરી જવાબદારી આપી સમગ્ર ચૂંટણીની પ્રકિયા કરાવવામાં આવી હતી. આ રીતે ઈલેકશન કરાવવાનો મુખ્ય હેતુ વિધાર્થીઓ ભારતની સમગ્ર ચૂંટણી વ્યવસ્થા જાણે, તેને સમજે અને ભવિષ્યમાં ઉપયોગમાં લેવાના પોતાના હક્કોથી પરિચિત થાય સાથે સાથે તેમને પદાધિકારીઓની જવાબદારી અને કાર્યશૈલીને ઓળખે અને સમજે. ચુંટાયેલા પ્રતિનિધીઓને શાળાના પટ આંગણમાં આચાર્યશ્રી ગોપાલ ઠાકરે સાહેબ, ઉપ આચાર્યા શ્રીમતી અમિતાબેન દલવાડી, તમામ શિક્ષણગણ તથા તમામ વિધાર્થીઓ વચ્ચે શપથ ગ્રહણની પ્રકિયા કરાવવામાં આવી હતી.

### સુરત જિલ્લામાંથી પસાર થતા

# નેશનલ હાઈવે નં.૪૮ પર યુધ્ધના ધોરણે રોડ સમારકામ શરૂ કરાયું

### જિલ્લામા ૪૬ કિ.મી.ની લંબાઈના હાઈવે પર ૧૫ ટ્રેક્ટર અને ૧૦૫ શ્રમિકો સહિત કુલ ૧૮૦ માનવબળ સમારકામમાં જોતરાયું

સુરત, તા.૯

ચોમાસા ઋતુ દરમિયાન સુરત જિલ્લામાં પડેલા ભારે વરસાદના કારણે નેશનલ હાઈવે પરના રસ્તાઓ ક્ષતિગ્રસ્તથયાછે.સૌથી વ્યસ્ત હાઈવે ગણાતા નેશનલ હાઈવે નં.૪૮ પર નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) ની ૧૫ ટીમો દ્વારા દિવસ-રાત મરામતની કામગીરી હાથ ધરવામાં આવી છે.

NHAIના ટેક્નિકલ મેનેજર તરૂણ યાદવે જણાવ્યું હતું કે, નેશનલ હાઈવે ઓથોરિટીની ટીમ દ્વારા સમગ્ર સુરત જિલ્લામાંથી

આભાર - નિહારીકા રવિયા

પસાર થતા નેશનલ હાઈવેનું સર્વે કરી હાઈવેના પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉચ્ચ અધિકારીઓએ પણ પૂર્ણ થયેલા કામોનું સ્થળ પર જઈ નિરિક્ષણ કરી રહ્યા છે. વધુમાં જણાવ્યું કે, સુરત જિલ્લાના પલસાણા, કડોદરા, કામરેજ, પીપોદરા, ચલથાણ અને કીમ, ધામદોડ એમ ૪૬ કિ.મી. વિસ્તારમાં હાઈવે પસાર થાય છે, જે ૨૬૮.૦૦ કિ.મી થી ૨૨૨.૦૦ કિ.મી સુધી વિસ્તરેલો છે. સાથે સૌથી વ્યસ્ત આહાઈવેનોમહારાષ્ટ્રથી ગુજરાતમા પ્રવેશ માટે પણ મહત્તમ ઉપયોગ થાય છે. ત્યારે રોજિંદીઆવન-જાવન સહિત વેપાર ધંધા માટે પણ આ હાઈવે આવશ્યક માધ્યમ છે. ગત દિવસોમાં સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડતા નેશનલ હાઈવે સહિત સમગ્ર જિલ્લાના માર્ગો ઓછાવત્તા ધોરણે અસરગ્રસ્ત થયા હતા. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, એક મહિના દરમિયાન ભારે વરસાદ અને વાહનોની સતત અવરજવરને કારણે પલસાણાથી ધામડોદસુધીના રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.-૪૮ (જૂનો રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.-૮) ઉપરના ૪૬ કિલોમીટરના છૂટાછવાયા વિસ્તારોમાં હાઈવેને નુકસાન થયું હતું. ત્યારે આ નુકસાનના સમારકામ માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા માર્ગોની મરામત કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં હોટ મિક્સ મટિરિયલ, ઓવરલે, કોલ્ડ મિક્સ

અનુસંધાન પાના ૭ પર



# શ્રી શંભુભાઈ વી.પટેલ કોલેજમાં રક્તદાન શિબિર

સુરત, તા.૯

શ્રી શંભુભાઈ વી પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, સુમુલ ડેરી રોડ, સુરત તથા સુરત એજ્યુકેશન સોસાયટી, શ્રીમતી આઈ.વી.પટેલ ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન, લર્નિંગ એન્ડ રિસર્ચ ટ્રસ્ટ, સુરત અને શહિદ શિરીષકુમાર મેહતા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કોલેજ કેમ્પસ ખાતે રક્તદાન શિબિર નું આયોજન કરવામાં આવ્યું.જેમા કુલ ૫૮ યુનિટ રક્ત એકત્ર કરી સુરત રક્તદાન કેન્દ્ર, સુરતને આપવામાં આવ્યું. રક્તદાતાઓ ને સર્ટિફિકેટ અને સ્મૃતિભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તમામ રક્તદાતાઓને સમગ્ર કોલેજ પરિવાર તરફથી રક્તદાન કરવા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# હાંસોટના ઈલાવ ગામે રૂપસુંદરી નામનો સાપ નજરે પડયો

### જીવદયા પ્રેમી દ્વારા સાપને પકડી સુરક્ષિત જગ્યાએ છોડી મુકાયો

અંકલેશ્વર, તા.૯

હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે ત્યારે સરીસૃપો દરમાંથી બહાર આવી જતા હોય છે. આવા સમયે ભરૂચના હાંસોટના તાલુકાના ઈલાવ ગામે સાપ નજરે પડતા દોડધામ મચી જવા પામી હતી. હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે ત્યારે સરીસૃપો દરમાંથી બહાર આવી જતા હોય છે. આવા સમયે ભરૂચના હાંસોટના તાલુકાના ઈલાવ ગામે સાપ નજરે પડતા દોડધામ મચી જવા પામી હતી. ઈલાવ ગામે રામજી મંદિર ફળિયામાં યુવાનોએ સાપ જોયો હતો આ અંગેની જાણ સાપ રક્ષણ માટે છેલ્લા ત્રણ

અનુસંધાન પાના ૭ પર

# ઓએનજીસી વેન્ડર ડેવલપમેન્ટ માટે પણ કામ કરે છે : ચંદ્રશેખર

### ચેમ્બરમાં ઉદ્યોગ સાહસિકો માટે નવી તકો ઊભી કરવાની દિશામાં વેન્ડર ડેવલપમેન્ટ મીટ યોજાઈ

સુરત, તા.૯

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઓએનજીસી હજીરા પ્લાન્ટના સહયોગથી મંગળવાર, તા. ૮ જુલાઇ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે વેન્ડર ડેવલપમેન્ટ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઓએનજીસી હજીરા પ્લાન્ટના પ્લાન્ટ મેનેજર શ્રી ચંદ્ર શેખર, સપોર્ટ મેનેજર શ્રી એસ.એસ. ભટ્ટાચાર્યજી, એચપીઓ જીએમ શ્રી અશોક ઠાકુર ઉપસ્થિત રહયા હતા. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, Let's bridge the gap between potential & opprotunity વિષયની સાથે આયોજિત આ વિશિષ્ટ મીટનો મુખ્ય હેતુ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) અને મહિલા ઉદ્યોગકારોને સશક્ત બનાવવાનો હતો. ચેમ્બર દ્વારા દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકોને પોતાની સેવાઓ અને તેમના ઉત્પાદનો રજૂ કરવાની તક પૂરી પાડવામાં આવી હતી. ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, મહિલા સાહસિકોની સાથે સાથે તમામ ઉદ્યોગ સાહસિકોની સક્રિય ભાગીદારી માટે સમાન તકો ઉભી થાય, જાહેર ક્ષેત્રની ખરીદીમાં પારદર્શિતાને પ્રોત્સાહન મળી રહે તથા ઓએનજીસી અને એમએસએમઈઝ વચ્ચે લાંબા ગાળાના વ્યવસાયિક સંબંધો વિકસી શકે, ખરીદીની નીતિ, પદ્ધતિઓ અને પ્રોસેસ અંગે વધુ સ્પષ્ટતા કેળવાઇ શકે તે મુખ્ય હેતુથી આ

અનુસંધાન પાના ૭ પર

# મૉરૈયો છે તંદુરસ્તી માટે સુપરફૂડ

અષાઢી એકાદશીને દેવશયની એકાદશી તરીકે ઓળખવામાં આવે છે. ભગવાન વિષ્ણુ ચારમાસ માટે નિદ્રાધીન બને છે. મહારાષ્ટ્રમાં અષાઢી એકાદશીને ધામધૂમથી ઉજવવામાં આવે છે. ભક્તો આ દિવસે ખાસ ઉપવાસ રાખે છે. અનેક ભક્તો ચાર માસ માટે ઉપવાસ કે એકટાણાં કરવાનું પસંદ કરે છે. વળી અષાઢ માસ બાદ તહેવારોની મોસમ શરૂ થતી હોય છે. કેમ કે પવિત્ર શ્રાવણ માસનું આગમન થાય છે. વ્રત ઉપવાસમાં ખાસ ઉપયોગમાં લેવાતા તેવા મોરૈયાના સ્વાસ્થ્ય લાભ અનેક છે.

મોરૈયો જાદુઈ બાજરા તરીકે પણ લોકપ્રિય છે. અંગ્રેજીમાં તેને બ્રાનયાર્ડ મિલેટ તરીકે ઓળખવામાં આવે છે. અન્ય તળેલી ચટાકેદાર વાનગીઓ કરતાં અનેક ગણો પૌષ્ટિક મોરૈયો ગણાય છે. તેથી આ જો ચાર માસ માટે કે પવિત્ર શ્રાવણ માસમાં ઉપવાસ કે એકટાણું કરવાના હોવ તો તળેલી વાનગીને તિલાંજલી આપીને સ્વાસ્થ્યપ્રદ મોરૈયાનું સેવન અચૂક કરવા જેવું છે. વ્રત કે ઉપવાસ દરમિયાન શરીરમાં અનેક વખત કમજોરી અનુભવાતી હોય છે. તે સમયે મોરૈયાને ભોજનમાં સ્થાન આપવાથી વારંવાર ભૂખ લાગવી કે નબળાઈની તકલીફ અનુભવાશે નહી. મોરને પ્રિય હોવાથી તેને 'મોરધન' તરીકે ઓળખવામાં આવે છે. મોરૈયા માટે એવું કહેવાય છે કે તેમાં પ્રોટીન, કેલ્શિયમ, ફાઈબર, પોટેશિયમ, આયર્નની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી છે. પોષક ગુણોથી ભરપૂર હોવાથી હાડકાંને મજબૂતાઈ આપવાની સાથે શરીરને ઊર્જાવાન બનાવી દે છે.

'વ્રતના ચાવલ' તરીકે તે ઓળખ ધરાવે છે. વિશ્ર્વમાં તે



[illegible] વરી, સામો, મોરૈયો તથા ભગર. જેમના શરીરમાં પ્રોટીનની ઉણપ હોય તેમને માટે શ્રેષ્ઠ આહાર ગણી શકાય.

મોરૈયામાં સમાયેલાં પોષક તત્ત્વોની જાણકારી મેળવીએ તો ૧૦૦ ગ્રામ મોરૈયામાં ડાયેટરી ફાઈબરનું પ્રમાણ ૧૩.૬ ગ્રામ, આયર્નની માત્રા ૧૮.૬ મિલીગ્રામ, કેલ્શિયમનું પ્રમાણ ૨૨ મિલિગ્રામ, કાર્બોહાઈડ્રેટ ૫૫ ગ્રામ, થાયમિન ૦.૩૩ મિલીગ્રામ, નિયાસિન ૪.૨ મિલીગ્રામ, પ્રોટીન ૧૧ ગ્રામ, વિટામિન બી-૧, ૦. ૩૩ મિલીગ્રામ, વિટામિન બી-૨ ૦.૧૦ મિલીગ્રામ, વિટામિન બી-૩ ૪.૨ મિલીગ્રામ હોય છે. તેથી જ આહાર-તજજ્ઞો પ્રોટીન પાઉડર [illegible] પૌષ્ટિક ગુણોથી ભરપૂર મોરૈયો ખાવાની સલાહ આપે છે.

મોરૈયાના સ્વાસ્થ્ય લાભ

ઍનિમિયામાં ગુણકારી : શરીરમાં આયર્ન ઘટી જાય ત્યારે વ્યક્તિને નબળાઈનો અનુભવ થવા લાગે છે. પૂરતી માત્રામાં શરીરમાં આયર્ન હોવું અત્યંત આવશ્યક ગણાય છે. વારંવાર તાવ આવી જવાની તકલીફમાં મોરૈયો અત્યંત ગુણકારી ગણાય છે. મોરૈયામાં દાડમની સરખામણીમાં ૫ ગણી વધુ માત્રામાં આયર્ન સમાયેલું છે. હિમોગ્લોબીન ઓછું હોય તેમને માટે મોરૈયો ઉત્તમ આહાર ગણી શકાય. મહિલાઓ માટે મોરૈયો વરદાન સમાન ગણાય છે. વારંવાર થાકી જવું કે ચક્કર આવવાની તકલીફથી રાહત મળી શકે છે.

હાડકાં મજબૂત રાખવામાં ગુણકારી : મોરૈયામાં કેલ્શિયમ તથા ફોસ્ફરસની માત્રા સારા પ્રમાણમાં જોવા મળે છે. જે હાડકાંને મજબૂત રાખવામાં મદદ કરે છે. ઓસ્ટિયોપોરોસિસ જેવી બીમારીથી બચાવવામાં મદદ કરે છે. મોરૈયાનું નિયમિત સેવન કરવાથી હાડકાંનું કળતર ઘટે છે.

પાચનક્રિયા સુધરે છે : મોરૈયામાં ફાઈબરની માત્રા વધુ હોવાથી પાચનતંત્રની વિવિધ તકલીફથી રાહત મેળવી શકાય છે. મોરૈયો ગ્લૂટેન ફ્રી હોવાથી ગ્લુટેન જેમને માફક ના આવતું હોય તેમને માટે ઉત્તમ આહાર ગણી શકાય.

વજનને નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ : મોરૈયામાં કેલરીનું પ્રમાણ ઓછું હોય છે. વળી ફાઈબરનું પ્રમાણ વધુ હોય છે જેથી મોરૈયાના સેવન બાદ લાંબા સમય સુધી વ્યક્તિને ભૂખ લાગતી નથી. વળી તેમાં રહેલું પ્રોટીન તથા ફાઈબર મેટાબોલિઝમને વધારવામાં મદદ કરે છે. પાચનમાં

હલકું તથા ઍનર્જીથી ભરપૂર છે. ૧૦૦ ગ્રામ મોરૈયામાં કેલરીનું પ્રમાણ ૭૫ છે. ૧.૫ ગ્રામ પ્રોટીન હોય છે. તેથી ઓછી કેલરીવાળા ખોરાક ખાવાનો નિયમ પાળતી વ્યક્તિ માટે મોરૈયો શ્રેષ્ઠ વિકલ્પ ગણી શકાય.

ડાયાબિટીસ તથા કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી : મોરૈયામાં ફાઈબર તથા પ્રોટીનની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે. જેથી ડાયાબિટીસની વ્યાધિ ધરાવતી વ્યક્તિ મોરૈયાનું સેવન કરી શકે છે. વળી મોરૈયાનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ૪૧.૭ છે જેથી તેના સેવન બાદ લોહીમાં શર્કરાની માત્રા ઝડપથી વધશે નહીં. લિપીડ પ્રોફાઈલમાં સુધારો જોવા મળી શકે છે.

ઍન્ટિ-ઓક્સિડન્ટથી ભરપૂર : મોરૈયા માટે એવું કહેવાય છે કે સામાન્ય ભાત કરતાં તેમાં ૩૦ ગણી વધુ માત્રામાં ઍન્ટિ - ઑક્સિડન્ટ પૉલિફિનોલ્સ જેવા વિવિધ ફાઈટોકેમિકલ્સ હોય છે. જે શારીરિક તકલીફમાં રાહત આપે છે. ઍન્ટિ-ઑક્સિડન્ટ શરીરમાં ડિટોક્સિફાઈંગ એજન્ટ તરીકે કામ કરે છે. જેથી હૃદય સંબંધિત બીમારી, ડાયાબિટીસ તથા કૅન્સર જેવી વ્યાધિથી બચવામાં ઉપયોગી થઈ શકે છે.

કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં લાભકારી : નિયમિત રીતે મોરૈયાનો સમાવેશ આહારમાં કરવાથી કૉલેસ્ટ્રોલના સ્તરને નિયંત્રણમાં રાખવામાં મદદ મળી શકે છે. મોરૈયામાં કાર્બ્સ તથા ફેટની માત્રા ઘણી ઓછી હોય છે. જે કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં મદદ કરી શકે છો. ચયાપચયની પ્રક્રિયામાં સુધારો થાય છે. જેને કારણે વજન નિયંત્રણમાં રહે છે.

મોરૈયામાંથી બનતી વિવિધ વાનગીઓની યાદી ઘણી લાંબી બની શકે છે. કેમ કે આજકાલ પ્રત્યેક વ્યક્તિ સાદું સરળ ખાવાને બદલે વાનગીને નવતર પ્રયોગ દ્વારા સ્વાદિષ્ટ તથા પૌષ્ટિક બનાવીને ખાવાનું પસંદ કરે છે. જેમ કે મોરૈયામાંથી ઢોંસા, ચકરી, ખીર, ઈડલી, ઉત્તપમ, ટિક્કી, ખીચડી, ખીર, પુલાવ તથા ભજિયા બનાવી શકાય છે.


# પર્વવિશેષ ગુરુપૂર્ણિમા નિમિતે : માસ્ટર કી ગુરુ પોતાની કને જ રાખે!

માત્ર જ્ઞાન આપે એ ગુરુ નથી, કિન્તુ વ્યકિતનું ચારિત્રઘડતરમનિર્માણૠકરે એ ગુરુ છે! મસંત સુરા ૠ ગુરુ-શિષ્ય પરંપરા, અથવા પરંપરા (શાબ્દિક રીતે 'વંશ'), હિન્દુ ધર્મ, જૈન ધર્મ, શીખ ધર્મ અને બૌદ્ધ ધર્મ (તિબેટીયન અને ઝેન પરંપરાઓ સહિત) જેવા ભારતીય મૂળના ધર્મોમાં શિક્ષકો અને શિષ્યોના ઉત્તરાધિકારનો ઉલ્લેખ કરે છે. દરેક પરંપરા એક ચોક્કસ સંપ્રદાયની છે, અને શિક્ષણ માટે તેના પોતાના ગુરુકુળો હોઈ શકે છે, જે અખાડા, ગોમ્પા, મઠો, વિહાર અથવા મંદિરોમાં આધારિત હોઈ શકે છે. તે આધ્યાત્મિક સંબંધ અને માર્ગદર્શનની પરંપરા છે જ્યાં ઔપચારિક દીક્ષા (દીક્ષા) પછી ગુરુ, શિક્ષક, (સંસ્કૃતઃ ગુરુ) અથવા લામાથી શિષ્ય, શ્રમણ (સાધક) અથવા ચેલા (અનુયાયી) ને શિક્ષણ આપવામાં આવે છે. આ જ્ઞાન, ભલે તે આગમિક, આધ્યાત્મિક, શાસ્ત્રીય, સ્થાપત્ય, સંગીત, કલા અથવા યુદ્ધ કલામાં હોય, સૂક્ષ્મ અથવા અદ્યતન જ્ઞાન પહોંચાડવાનો શ્રેષ્ઠ માર્ગ માનવામાં આવે છે. શિષ્ય આખરે ગુરુ દ્વારા આપવામાં આવેલા જ્ઞાનમાં નિપુણતા પ્રાપ્ત કરે છે! અલબત, ગુરુ પૂર્ણિમા, હિંદુ અને બૌદ્ધ ધર્મમાં મનાવવામાં આવતો ઉત્સવ છે. આ દિવસે મુખ્યત્વે આધ્યાત્મિક ગુરુનું સ્મરણ અને પૂજન કરવામાં આવે છે. આ ઉત્સવ અષાઢ સુદ પૂર્ણિમાના દિવસે મનાવવામાં આવે છે. મહાભારતના રચયિતા વેદ વ્યાસનો જન્મદિવસ આ દિવસે હોવાથી તેમના સન્માનમાં ગુરુ પૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા નામથી પણ ઓળખવામાં આવે છે. કટુ સત્ય ગુરુ એ જીવનનો સર્વોચ્ચ માર્ગદર્શક છે, જે સાચા માર્ગ તરફ દોરી જાય છે. ગુરુ દ્વારા આપેલ જ્ઞાન એ જ સાચું જ્ઞાન છે. ગુરુ એ એક એવી શક્તિ છે, જે આપણને જીવનનો સાચો અર્થ સમજાવે છે. ગુરુનું માર્ગદર્શન મેળવવું એ જ જીવનનું સાચું સૌભાગ્ય છે, મમાફ કરના ઔર બૂરા મત માનના..!ગુરુપૂર્ણિમા હૈ! ૠકિન્તુ હવેનાં કહેવાતા બહૂધા ગુરુઓ એ બધા ગુરુ ઘંટાલ અને મહા ચાલુ હોય છે! મગુરુ ઘંટાલ એટલે ગળાની આસપાસ ઘંટડીઓ લટકાવેલ ગુરુ યાને નાલાયક અર્થાત પાકો શઠ!હાહાહા!ૠ

ગુરુ નાનકે કહ્યું કે હવે તમે એક કામ કરો, જ્યારે પણ તમે કોઈ ખરાબ કાર્ય કરો છો, તો દિવસના અંતે તમારે ઓછામાં ઓછા એક વ્યક્તિને તે ખરાબ કાર્ય વિશે જણાવવું જોઈએ. લૂંટારાને લાગ્યું કે આ પણ સારું છે. ખોટું કામ કરો અને બીજાને કહો. આ પણ એક સરળ પદ્ધતિ છે, ખેર, ભારતને વિશ્વ ગુરુ બનાવવાની મોદીની મનસા છે ત્યારે એટલું કહી શકાય કે, ગુરુ ઘંટાલ બધા જ ખેલ શીખવે કિન્તુ એક દાવ બિલાડીની માફક નહિં જ બતાવે! એ વાસ્તે ગુરુ કોઈને બનાવવા નહિં અને ગુરુની કંઠી બાંધવી નહિં! આમ, બિલાડી બધુ શીખવે, પણ વાઘને ઝાડ પર ચડતાં ના શીખવે! ખેર, બિલાડી વાઘની માસી કહેવાય છે. એ વાઘની પ્રજાતિની નાની આવૃત્તિ છે. એવું કહેવાય છે કે વાઘમામાને શિકાર કરતાં બિલાડીએ શીખવાડ્યું, આ લઘુ વાર્તામાં પણ એ મુજબ કહ્યું છે કે શિકારની બધી તાલીમ પૂરી થઈ એટલે વાઘે વિચાર્યું કે, આ બિલાડી દુનિયામાં બધાંને કહેશે કે વાઘને શિકાર કરતાં મેં શીખવાડ્યું છે!. આમ થશે તો મારી બદનામી થશે!આવો મલીન વિચાર કરીને વાઘે નક્કી કર્યું કે બિલાડીને જ મારી નાખવી એટલે આ મુદ્દો કે એનો પૂરાવો જ ઊભો રહે નહીં. છેલ્લે દિવસે એણે લાગ જોઈએ બિલાડી પર પંજો ઉગામ્યો. પણ બિલાડી સતેજ હતી, એ દોડતી બાજુના ઝાડ પર ચડી ગઈ. વાઘ આ ઝાડ પર ચડી શકે તેમ ન હતો. એણે નીચે ઊભા ઊભા ઘુરકીયાં કર્યાં અને કહ્યું મારી તાલીમ આટલી કાચી રાખીને?!બિલાડી એ કહ્યું, ''બેટા જો તને ઝાડ પર ચડતાં શીખવાડ્યું હોત તો આજે તું મારો ઘડો લાડવો કરી નાખત!''અત્રેથી બોધ મળે છે કે ગુરુએ ચેલાની પાત્રતા જોઈને તેને વિદ્યા આપવી જોઈએ. ગુરુચાવી એટલે કે છેલ્લો દાવ પોતાના હાથમાં જ રાખવો જોઈએ કે જેથી ક્યારેક ચેલાની મતિ બગડે તો મરવાનો વારો ના આવે! અંતે, ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરઃ।ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ? સદગુરૂના ચરણમા મારે કાયમ રે દિવાળી...

**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**

# મૉરૈયાના ઢોંસા



૨ કપ મોરૈયો, ૪ નંગ બાફેલાં બટાકા, ૧ નાની ચમચી જીરુ, ૪ નંગ લીલા મરચાં ઝીણાં સમારેલાં, ૧ મોટી ચમચી આદું ઝીણું સમારેલું, ૨ ચમચી દહીં, સ્વાદાનુસાર સિંધવ મીઠું, જરૂર મુજબ ઘી, ૧ પેકેટ ઈનો

ચટણી બનાવવા માટે : ૧ કપ શેકેલાં સિંગદાણા ફોતરા કાઢેલાં. ૨ નંગ લીલાં મરચાં, ૧ ટૂકડો આદું, ૨ મોટી ચમચી કોથમીર, ૧ નાની ચમચી દહીં. ૧ નાની ચમચી ખાંડ, સ્વાદાનુસાર સિંધવ મીઠું.

બટાકાનો માવો : બાફેલાં બેટેકાંનો માવો બનાવી લેવો. એક કડાઈમાં ઘી મૂકીને તેમાં જીરુ, મીઠાં લીમડાંના પાનને ઝીણા સમારીને ઉમેરવાં. લીલા મરચાંને ઝીણાં કાપીને ઉમેરવાં, આદુંને ઝીણું સમારીને ઉમેરવું. સ્વાદાનુસાર સિંધવ તથા થોડી દળેલી ખાંડ ઉમેરવી. કોથમીરથી સજાવીને રાખવું.

બનાવવાની રીત : સૌ પ્રથમ મોરૈયાને બરાબર સાફ કરીને ૧ કલાક માટે પાણીમાં પલાળી રાખો. ત્યારબાદ તેનું પાણી કાઢીને એકદમ ઝીણું મિક્સરમાં વાટી લેવું. વટાઈ ગયા બાદ તેમાં ઝીણાં લીલા મરચાં, આદું, શેકેલું જીરુ, દહીં, સ્વાદાનુસાર સિંધવ મીઠું ભેળવીને ખીરૂ બરાબર હલાવી લેવું. તેમાં એક નાનું પૅકેટ ઈનો ઉમેરીને બરાબર હલાવી લેવું. મિશ્રણમાંથી નૉનસ્ટીક તવા ઉપર ઢોંસા બનાવવા. બટેકાંનો માવો ઢોંસા ઉપર પાથરીને ઘી લગાવીને કડક બનાવવા.

ચટણી બનાવવા માટે શેકેલી સિંગ, લીલા મરચાં, દહીં, સિંધવ, ખાંડ વગેરેને એકસાથે મિક્સરમાં ધીમે ધીમે વાટી લેવું. કોથમીરથી સજાવીને મોટી વાટકીમાં કાઢી લેવું. ગરમા-ગરમ ઢોંસા સાથે મીઠી મધુરી ચટણી પીરસવી.

# ફેફસાં સાથે જોડાયેલી જીવલેણ બીમારી છે અસ્થમા

સાત મેના રોજ દર વર્ષે દુનિયામાં વિશ્વ અસ્થમા દિવસ ઉજવવામાં આવે છે. આ બીમારી પ્રત્યે લોકોમાં જાગૃતતા વધારવા નહી પરંતુ એ તરફ ધ્યાન આપવા માટે ઉજવવામાં આવે છે કે જ્યાં એક તરફ મેડિકલ સાયન્સની પ્રગતિના કારણે અનેક બીમારીઓ પર કાબૂ મેળવી લેવામાં સરળ બન્યું છે પરંતુ અસ્થમા જેવી બીમારી દિવસે દિવસે બગડતા હવા પ્રદૂષણના કારણે ખતરનાક થઇ રહી છે.

એટલા માટે દર વર્ષે લોકોમાં અસ્થમા જેવી બીમારીને ખાસ નજરથી જોવા અને તેના ખતરા પ્રત્યે દુનિયાને આગ્રહ કરવા માટે એક ખાસ થીમ પર ઉજવવામાં આવે છે. જ્યારે આ વર્ષે વિશ્વ અસ્થમા દિવસની થીમ છે- ગ્લોબલ ઇન્સેન્ટિવ ફોર અસ્થમા એટલે કે અસ્થમા માટે વૈશ્વિક પહલ. આ રીતે વર્ષ ૧૯૯૮થી અસ્થમા દિવસને અલગ અલગ થીમ સાથે એટલા માટે ઉજવવામાં આવે છે જેથી દુનિયાભરમાં તેના પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે.

અસ્થમા એટલા માટે ખતરનાક બીમારી છે કારણ કે જલદી ખતમ થતી નથી. આ એક લાંબી બીમારી છે જેમાં ફેફસાનાં વાયુમાર્ગમાં સોજો આવે છે. જેનાથી હવા પાસ થવા માટેનો રસ્તો સાંકડો થઇ જાય છે. આ કારણ છે કે અસ્થમાનો દર્દી શ્વાસ લેવામાં તકલીફ અનુભવે છે. તેના ગળામાં ગભરાટનો અવાજ નીકળે છે. અસ્થમાને કેટલાક અન્ય નામેથી પણ ઓળખવામાં આવે છે. જેમ કે દમ, ઘરઘરાહટ. વાસ્તવમાં જ્યારે ફેફસામાં સોજો આવવાના કારણે અસ્થમાનો એટેક આવે છે તો વાયુ માર્ગની માંસપેશીઓ કડક થઇ જાય છે અને હવા પાસ થવામાં ખૂબ મુશ્કેલીઓ આવે છે. જેના કારણે શ્વાસ લેવો મુશ્કેલ થઇ જાય છે. જે લોકોને અસ્થમાની બીમારી હોય છે તેમને અસ્થમાના એટેક આવતા રહે છે. અસ્થમાના આ એટેકના અનેક કારણોસર આવે છે. ઘરમાં પાળેલા પશુઓનાં વાળ વાયુ માર્ગમાં ફસાઇ જાય, જે વાતાવરણમાં તમે શ્વાસ લઇ રહ્યા છો તે વાયુ પ્રદૂષણનું હોવું અથવા હવામાં ધૂળના કણોની માત્રા વધારે હોવી પણ કારણ છે.

અનેક વખત કેટલીક દવાઓ જેમ કે એસ્પિરિન અને નોનસ્ટેરોઇડલ એન્ટી ઇંફ્લામેટરી દવાઓ પણ અસ્થમાના એટેકનું કારણ બની શકે છે. હવામાનમાં ફેરફાર, હવામાં કેમિકલની વધુ માત્રા, વગેરે કારણો અસ્થમાનો એટેક આવવા માટે જવાબદાર છે. કેટલાક કાર્યસ્થળ એવા હોય છે જ્યાં અસ્થમાના એટેક આવવા માટે વધુ અનુકુળ પરિસ્થિતિઓ હોય છે જેમ કે ત્યાંની ધૂળમાં લાકડાનો વહેર હોવો, અનાજનો કચરો, ત્યાંના વાતાવરણમા કેમિકલની હાજરી વગેરે અસ્થમા પાછળના કારણો છે. દરેક વ્યક્તિમાં અસ્થમાના લક્ષણો અલગ અલગ હોય છે.

તેમ છતાં કેટલાક લક્ષણો સમાન છે. જેને જોઇને અંદાજ લગાવી શકાય છે કે આ વ્યક્તિ અસ્થમાથી પીડિત છે. કેટલાક લોકોમાં જ્યારે અસ્થમાનો અટેક આવે છે તેમનો અવાજ અચાનક ઘરઘરાને લાગે છે અથવા પછી સતત ખાંસી આવવા લાગે છે અને ખાંસી એટલી પરેશાન કરે છે કે સ્થિતિ કાબૂમાથી બહાર થઇ થવા લાગે છે. કેટલાક લોકોમાં સુકી ખાંસી આવવા લાગે છે. અનેકવાર જ્યારે અચાનક કોઇને શ્વાસ લેતા સમયે માંસપેશીઓમાં અંદર ચામડી ખેંચાતી હોય તેવું લાગે છે. આ સ્થિતિ અસ્થમાના લક્ષણોની હોય છે.

જો તમને શ્વાસ લેવામાં તકલીફ પડે અને આ વ્યાયામ કરતા સમયે અથવા શારીરિક ગતિવિધિઓ દરમિયાન વધી જાય તો તેના ક્યાંકને ક્યાંક અસ્થમાની સમસ્યા હોઇ શકે છે. છાતીમાં દર્દ અને જકડન, સૂવામાં સતત સમસ્યાઓ, શ્વાસ લેવામાં અનિયમિત પેટર્ન વગેરેના કારણે અસ્થમાની જાણ થાય છે.અસ્થમા પીડિત વ્યક્તિમાં તેના લક્ષણો જોવા મળતા તરત જ સાવધાન અને સજાગ થઇ જવું જોઇએ, પરંતુ અનેકવાર અસ્થમા પીડિત વ્યક્તિના હોઠ અને ચહેરાનો રંગ નીલો પડી જાય છે. બોલવામાં મુશ્કેલીઓ આવવા લાગે છે તેને ગંભીર સ્થિતિ સમજીને તરત જ ડોક્ટરની મદદ લેવી જોઇએ.

# બીમાર પડ્યા બાદ જ સમજાય છે સ્વાસ્થ્યનું મહત્ત્વ

દુનિયાની બધી સંસ્કૃતિઓમાં સ્વાસ્થ્યને સૌથી મોટી સંપત્તિ માનવામાં આવે છે. આપણે ઘણીવાર આ વાત કહીએ તો છીએ, પરંતુ ફક્ત બીમાર લોકો જ જાણે છે કે તેઓ પહેલા ક્યારેય એવું અનુભવતા નથી.

આનો સંબંધ આપણી વિચારસરણી, જીવનશૈલી અને પ્રાથમિકતાઓ નક્કી કરવા સાથે છે. સત્ય એ છે કે સ્વાસ્થ્યનું વાસ્તવિક મૂલ્ય બીમાર પડ્યા પછી જ સમજાય છે કે, સામાજિક, આર્થિક અને ભાવનાત્મક દષ્ટિકોણથી સ્વસ્થ રહેવું કેટલું મહત્ત્વપૂર્ણ છે.

સ્વસ્થ રહેવું એ ખુશીની પહેલી શરત છે

જો તમે દુનિયાની બધી સંપત્તિના માલિક બનો, પણ તમારા ઘૂંટણમાં દુખાવો હોય, રાત્રે ઊંઘ ન આવે, શ્વાસ લેવામાં તકલીફ હોય અથવા ડાયાબિટીસ કે બીપીનો ડર હોય, તો પછી તમારી બધી સંપત્તિ નકામી છે, તમે કંઈપણ માણી શકતા નથી.



તે સ્પષ્ટ છે કે દુનિયાના દરેક સુખ અને દરેક આનંદનો પાયો શારીરિક સ્વાસ્થ્ય છે. આપણે શારીરિક સ્વાસ્થ્યને કારણે જ સુખ અને આનંદનો અનુભવ કરીએ છીએ. જ્યારે આપણે શારીરિક રીતે સ્વસ્થ હોઈએ છીએ, ત્યારે જ આપણે-આપણાં મનપસંદ સ્થળોની યાત્રા માટે જઈ શકીએ છીએ. તમે જે ઈચ્છો તે ખાઈ શકો છો. તમે જેની સાથે ઈચ્છો તેની સાથે વાત કરી શકો છો. તમે જે સર્જનાત્મક કાર્ય ઈચ્છો તે કરી શકો છો. કારણ કે આ બધી પ્રવૃત્તિઓ માટે, આપણી બધી ઈન્દ્રિયો યોગ્ય રીતે કાર્ય કરે તે મહત્ત્વપૂર્ણ છે.

બીમાર લોકો આ સરળ કાર્યો પણ કરી શકતા નથી અને પછી તેઓ સમજે છે કે જીવનમાં સ્વાસ્થ્ય શા માટે મહત્ત્વપૂર્ણ છે અથવા સ્વાસ્થ્યને દુનિયાનું સૌથી મોટું સુખ કેમ કહેવામાં આવે છે.

યાદ રાખો, જો તમે સ્વસ્થ છો તો શરીરની સાથે ફક્ત મન પણ ખુશ રહે છે. જો શરીર અસ્વસ્થ હોય તો ધીમે ધીમે મન પણ અસ્વસ્થ બને છે. સંબંધો અને સ્વતંત્રતાનો આનંદ ફક્ત સ્વસ્થ રહેવામાં જ રહેલો છે. જો આપણે સ્વસ્થ હોઈએ તો બધા સંબંધો આપણને ખુશીથી ભરપૂર લાગે છે. મિત્રતા, પરિવાર, બધું જ ત્યારે જ માણી શકાય છે જ્યારે આપણે સ્વસ્થ હોઈએ છીએ.બીમાર વ્યક્તિ ક્યારેય સંબંધોનો આનંદ માણી શકતો નથી. તે દરેક નાની વાત પર ચિડાઈ જાય છે, એકલતા અનુભવે છે અને જો તમે અસ્વસ્થ છો, તો તમે ધીમે ધીમે બીજાઓથી ઈચ્છા વિના દૂર થઇ જાઓ છો. આને કારણે, ધીમે ધીમે સામાજિક અંતર વધે છે. જ્યારે શરીર સ્વસ્થ હોય છે, ત્યારે જ આપણે સંબંધો સાથે ભાવનાત્મક રીતે જોડાઈ શકીએ છીએ અને જ્યારે આપણે સ્વસ્થ હોઈએ છીએ, ત્યારે જ આપણે સ્વતંત્રતા અનુભવીએ છીએ. કોઈ પણ અસ્વસ્થ વ્યક્તિ સ્વતંત્રતા અનુભવતો નથી. બીમાર વ્યક્તિને બીજાની મદદ લેવી પડે છે. દવા માટે, ફરવા માટે, બાથરૂમ જવા માટે અને ધીમે ધીમે આ પરિસ્થિતિઓ એક બીમાર વ્યક્તિની સ્વતંત્રતા છીનવી લે છે. બધી સફળતાનો આનંદ સ્વસ્થ રહેવામાં રહેલો છે, પછી ભલે તે સંપત્તિ હોય, જ્ઞાન હોય કે જીવનમાં મળેલી આર્થિક સફળતા હોય, આ બધી સફળતાઓ ફક્ત ત્યારે જ માણી શકાય છે જ્યારે તમે સ્વસ્થ હોવ.બીમાર વ્યક્તિની બધી ખુશીઓ ઓસરી જાય છે. ધારો કે ઘરે લગ્ન હોય, પણ જો તમે ડાયાબિટીસના દર્દી હોવ, તો તમે કંઈ ખાઈ શકતા નથી. અથવા તો ઘરે કોઈ કાર્યક્રમ હોય અને તમને ખૂબ તાવ હોય, તો તમે ન તો સંગીત વાગવાથી ખુશી અનુભવો છો, ન તો તમે નૃત્યમાં ભાગ લઈ શકો છો, ન તો તમે સારા ખોરાક અને સંબંધોનો આનંદ માણી શકો છો. આ બધી ખુશીઓ ફક્ત ત્યાં સુધી છે જ્યાં સુધી તમે શરીર અને મનથી સ્વસ્થ હોવ. તેથી જ કહેવાય છે કે સ્વસ્થ રહેવું એ માત્ર એક સ્થિતિ નથી પણ ક્ષમતા છે.

## કોર્પોરેટ દષ્ટિકોણથી આરોગ્યનું મહત્ત્વ

સ્વસ્થ રહેવું એ એક મોટી સંપત્તિ છે. જ્યારે આપણે તેને કોર્પોરેટ દ્રષ્ટિકોણથી જોઈએ છીએ, ત્યારે આપણે યોગ્ય રીતે સમજી શકીએ છીએ કે સ્વસ્થ રહેવું એ ફક્ત વ્યક્તિગત લાભ જ નથી પરંતુ તે આપણા વ્યવસાયની સ્થિરતા, વૃદ્ધિ અને નફાકારકતા સાથે પણ સીધા સંબંધિત છે.

આજના કોર્પોરેટ વિશ્વમાં, સ્વાસ્થ્ય ખરેખર સંપત્તિ છે. આ જ કારણ છે કે આજના સમયમાં, આપણું સ્વસ્થ રહેવું એ ફક્ત આપણી શારીરિક સિદ્ધિ જ નથી પરંતુ આપણી કારકિર્દીની સિદ્ધિ પણ છે. કારણ કે દરેક કંપની ફક્ત સ્વસ્થ કર્મચારીઓને રાખવા માગે છે, કારણ કે સ્વસ્થ કર્મચારી ક્યારેય કંપની પર બોજ નથી હોતો, પરંતુ તે કંપની દ્વારા કરવામાં આવેલું એક પ્રકારનું સારું રોકાણ છે. કોઈપણ કંપની માટે, સ્વસ્થ કર્મચારી તેનું સૌથી મોટું સંસાધન અને રોકાણ છે. કારણ કે જો કર્મચારી માનસિક અને શારીરિક રીતે સ્વસ્થ હોય, તો તે-સમયસર કામ પર આવશે અને રજા લેશે નહીં. ઉચ્ચ ગુણવત્તાનું આઉટપુટ આપી શકે છે. તેનાં વિચાર નવીન હશે અને દરેક સમસ્યાનો ઉકેલ શોધી કાઢશે. આ જ કારણ છે કે ગૂગલ, માઈક્રોસોફ્ટ જેવી કંપનીઓ કર્મચારીઓની સુખાકારીને સૌથી વધુ પ્રાથમિકતા આપે છે. કારણ કે આ કંપનીઓ જાણે છે કે ફક્ત સ્વસ્થ કર્મચારીઓ જ કંપનીને નફાકારક પદ સુધી પહોંચવામાં મદદ કરી શકે છે.જો કોઈ કંપનીના કર્મચારીઓ સ્વસ્થ હોય, તો તેઓ ભાગ્યે જ ગેરહાજર રહે છે અને આવી કંપનીની ઉત્પાદકતા ખૂબ ઊંચી હોય છે. કારણ કે ફક્ત સ્વસ્થ કર્મચારીઓ જ સમયસર તેમના પ્રોજેક્ટ પૂર્ણ કરે છે. તેઓ નિયમિતપણે હાજર રહે છે અને તેમના અન્ય સાથીદારો પર બોજ બનતા નથી. હાર્વર્ડ બિઝનેસ રિવ્યૂ અનુસાર, કર્મચારી માટે સુખાકારી કાર્યક્રમો અપનાવનાર કંપનીઓમાં ગેરહાજરી ૨૫ થી ૩૦ ટકા ઓછી જોવા મળે છે.

## તંત્રી લેખ...-

**બુધવાર, તા.૦૯ જુલાઈ ૨૦૨૫**

# લોન અને સંશોધન

સરકારે જાહેર કરેલી બીજી યોજનાનો ઉદ્દેશ અદ્યતન ઉદ્યોગોમાં ખાનગી મૂડીરોકાણને ઉત્તેજન આપીને વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવતાં ક્ષેત્રોમાં આત્મનિર્ભર બનવાનો છે. વડાપ્રધાન જેના અધ્યક્ષ છે તે અનુસંધાન નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન (એએનઆરએફ)ને કેન્દ્રના બજેટમાંથી છ વર્ષમાં રૂા. એક લાખ કરોડની ફાળવણી થશે જેની સામે બીજાં વધારાનાં નાણાં એકત્ર કરાશે અને સ્થાનિક સંશોધન અને વિકાસ તથા નવોન્મેષ માટે મોટી રકમની લોનો પચાસ વર્ષ સુધીના લાંબા સમય માટે નજીવા અથવા શૂન્ય વ્યાજે પૂરી પાડવામાં આવશે. હરિત ઊર્જા, બાયોટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્વોન્ટમ કોમ્પ્યુટિંગ, રોબોટિક્સ, અવકાશ અને વ્યૂહાત્મક ટેક્નોલોજી, દવા, મેડિકલ ઉપકરણો અને નાણાકીય સેવાઓનાં ક્ષેત્રે પ્રવૃત્ત નાની-મોટી કંપનીઓ તેનો લાભ લઇ શકશે. અનેક દૃષ્ટિએ આ દેશના લાંબા ગાળાના હિતનું પ્રશંસનીય પગલું છે. આજે મોટા ભાગની વ્યૂહાત્મક અથવા ચાવીરૂપ ટેકનોલોજીઓ અમેરિકા, ચીન, જાપાન, દક્ષિણ કોરિયા અને યુરોપિયન યુનિયનમાં નોંધાયેલી પેટન્ટો પર આધારિત છે. તેથી ભારતે મહત્ત્વની બાબતોમાં અન્ય દેશો પર આધાર રાખવો પડે છે. દાખલા તરીકે દુનિયાના પાંચમા ભાગના ચિપ ડિઝાઈન એન્જિનીયરો ભારતમાં છે, પણ તેની પેટન્ટો ઈન્ટેલ, એન્વીડિયા, ક્વાલકોમ અને એડવાન્સ્ડ માઈક્રો ડિવાઈસીસ જેવી અમેરિકન કંપનીઓ પાસે છે. પરિણામે ટેલિકોમ, નાણાકીય સેવાઓ અને ઊર્જાની માળખાંકીય ટેક્નોલોજી માટે આપણે તેમના પર આધારિત છીએ. આ અવલંબનમાંથી બહાર નીકળવું હોય તો સંશોધન અને વિકાસમાં રોકાણ કરવું પડે. એ બાબતમાં ભારતનો રેકોર્ડ કંગાળ છે. ચીન અને જાપાન તેમની રાષ્ટ્રીય આવકના પાંચ ટકા સંશોધન પાછળ ખર્ચે છે, ભારત માત્ર ૦.૬ ટકા ખર્ચે છે. નાણાંનો અભાવ સંશોધન આડે એક મોટો અંતરાય છે. પ્રસ્તુત યોજના એને દૂર કરવાનો સ્તુત્ય પ્રયાસ છે. ભારતીય ઉદ્યોગો માટે નવી વિશાળ ક્ષિતિજો ઉઘડી રહી છે. ઓપરેશન સિંદૂરે ભારતના શત્ર ઉદ્યોગને દુનિયાના નકશા પર મૂકી આપ્યો છે. નાટોના સભ્યદેશો તેમનો સંરક્ષણ ખર્ચ જીડીપીના ૨.૫ ટકાથી વધારીને ૨૦૩૫ સુધીમાં પાંચ ટકા કરવાના છે. ટ્રમ્પની નીતિ-રીતિથી ડઘાયેલાં જાપાન, દક્ષિણ કોરિયા અને તાઈવાન વધુ શત્રસજ્જ બનવાનો નિર્ધાર કરી ચૂક્યા છે. ભારત પોતે દુનિયામાં શત્રોનો સૌથી મોટો આયાતકાર દેશ છે. યુદ્ધનું સ્વરૂપ બદલાઈને ટેક્નોલોજિકલ થતું જાય છે. ડ્રોન યુદ્ધ, ડેટા કોમ્યુનિકેશન અને સાયબર યુદ્ધમાં સતત, એકાગ્ર સંશોધન પાયાની સામગ્રી છે. આવી જ શક્યતાઓ હરિત ઊર્જા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનાં ક્ષેત્રે પડી છે. આ શક્યતાઓ સાકાર કરવી હોય તો માત્ર નાણાં પૂરાં પાડવાથી નહી ચાલે. મોટા ઉદ્યોગોને રંગ, ઝવેરાત અને પ્રાદેશિક વત્રોમાં કમાણી દેખાય છે, ત્યારે તરવરિયા સ્ટાર્ટઅપ્સ આમાં નવી કેડી કંડારી શકે. સરકારે ખાનગી ક્ષેત્ર સાથે મળીને સમગ્ર દેશમાં કોન્ટ્રકટ ઉત્પાદન સવલતો ઊભી કરવાનું વિચારવું જોઈએ. સ્ટાર્ટઅપ્સ તેનો લાભ લઇ શકે અથવા તેમને પોતાની રિસર્ચ સાથે સાંકળી શકે. વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધનમાં સફળતાની ગેરન્ટી હોતી નથી. વળતર શૂન્યથી લઈને છપ્પરફાડ સુધીનું હોઈ શકે. તેથી ઉદ્યોજકો નજીવા વ્યાજે પણ કરજ લેવા તૈયાર નહી થાય. વીમા કંપનીઓ અને પેન્શન ફંડો જેવા લાંબા ગાળાના રોકાણકારોને રાષ્ટ્રના સંરક્ષણનાં નામે આમાં સાંકળવામાં આવે તો તેઓ ઈક્વિટી મૂડી પૂરી પાડીને વધુ ઉપયોગી બની શકે.

# ‘આતંકી’ પાકને શિરપાવ

આજે વિશ્વભરમાં આતંકવાદનું જોખમ સતત વધી રહ્યંઅ છે. વિવિધ દેશોમાં આતંક કોઈ ને કોઈ સ્વરૂપે લોહિયાળ પડકાર ઊભો કરે છે. દુનિયાના દેશો વિવિધ વૈશ્વિક મંચો પર આતંકવાદની આકરી ટીકા કરવામાં કોઈ કસર છોડતા નથી, પણ આ ટીકાથી આગળ વધીને આ પડકારને પહોંચી વળવા નિર્ણયાક પગલાં લેવા પર ભાગ્યે જ કોઈ સંકલિત પહેલ થઈ છે. પરિણામે આતંકવાદ દિવસોદિવસ વધુ ને વધુ બેલગામ બનતો જાય છે. આતંકને પોષવામાં અગ્રેસર રહેતા પાકિસ્તાનને સલામતી પરિષદનું અધ્યક્ષપદ સોંપાયું તે બતાવે છે કે, દુનિયા આ મામલે હજી ગંભીર બની નથી. સૌ બરાબર સમજે છે કે, ધાર્મિક, રાજકીય કે વૈચારિક કોઈ પણ આધાર ધરાવતા આતંકવાદને હવે સહન કરી શકાય નહીં કે યોગ્ય ઠેરવી શકાય નહીં. હાલત એવી છે કે, આ લોહિયાળ સ્થિતિને માત્ર ટીકા દ્વારા પરાસ્ત કરી શકાય તેમ નથી. આવામાં ભારતે આતંકવાદની વિરુદ્ધના જંગમાં વેશ્વિક સમુદાયને એક કરવાના સતત પ્રયાસ કર્યા છે. ભારતના આ પ્રયાસો થકી સંખ્યાબંધ આંતરરાષ્ટ્રીય મંચો પર આતંકવાદ સામે અવાજ ઊઠી રહ્યો છે. તાજેતરમાં ચાર દેશના સમૂહ ક્વાડની બેઠકમાં પહેલગામના આતંકી હુમલાની આકરી ટીકા કરાઈ હતી. સાથોસાથ આ હુમલાના કાવતરાખોરો, હુમલાખોરો અને આર્થિક સહયોગની સામે વિના વિલંબે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવાની હાકલ પણ આ બેઠકમાં કરાઈ. આતંકવાદને કદી સહન ન કરવાની ભારતની નીતિને ક્વાડનાં આ વલણથી બળ મળ્યું છે. વક્રતા એ છે કે, ક્વાડે તેની ટીકામાં પોતાનો સીધો ઉલ્લેખ કર્યો ન હોવાનું કારણ આગળ ધરીને પાકિસ્તાન હરખાયું છે. ગયા મહિને ચીનમાં યોજાયેલી સાંઘાઈ શ્રેત્રીય સંગઠનના સંરક્ષણમંત્રીઓની બેઠકમાં ભારતે આતંકવાદનો મુદ્દો ભારપૂર્વક ઉઠાવ્યો હતો. બેઠકનાં સંયુક્ત નિવેદનમાં આ મુદ્દાના સમાવેશની સામે વાંધો ઉઠાવીને પાકિસ્તાને પોતાનો અસલી ચહેરો છતો કર્યો હતો, પણ ભારતે નિવેદનમાં આતંકવાદની ટીકાનો સમાવેશ ન થાય તો તેમાં સહી કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. આખરે આ ચાવીરૂપ બેઠક નિવેદન વગર સમાપ્ત થઈ હતી. કમનસીબ હકીકત એ છે કે, આજે પાકિસ્તાન દુનિયાભરમાં આતંકવાદને સીધી કે આડકતરી રીતે પોષવામાં સામેલ હોવા છતાં તાજેતરમાં તેને સંયુક્ત રાષ્ટ્ર સંઘની ચાવીરૂપ સલામતી પરિષદનું અધ્યક્ષપદ સોંપાયું છે. આ બાબત બતાવે છે કે, દુનિયાના દેશો આતંકવાદના પડકાર સામે જોઈએ એટલા ગંભીર નથી. હવે ભારતે સરહદ પારના આતંક સામે લડવાની સાથોસાથ સલામતી પરિષદમાં પાકિસ્તાનના ઉંબાડિયા સામે પણ રાજદ્વારી મોરચે સજાગ અને

સક્રિય રહેવું પડશે. સલામતી પરિષદના અધ્યક્ષપદ સાથે પાકિસ્તાન આતંકવાદની સામે મોરચો ખોલવાને બદલે પોતાના બચાવના એજન્ડાને અનુસરશે એ સ્પષ્ટ રીતે જણાઈ રહ્યંઅ છે. ખરેખર દુનિયા આ લોહિયાળ પડકાર સામે જોઈએ એટલી જાગી નથી કે એક થઈ નથી એમ સ્પષ્ટ રીતે જણાઈ રહ્યંઅ છે.

**ભાજપે રામમંદિરનો નાદ જગાવ્યો પછી સવર્ણો સાગમટે ભાજપ ભણી વળ્યા છે.**

# ભાજપના લાભાર્થે ચિરાગ નીતીશનો ખેલ બગાડી શકે

બિહારમાં વિધાનસભાની ચૂંટણી આડે ગણીને મહિના બચ્યા છે ત્યારે જ કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને દાવ કરી નાખ્યો છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારમાં મંત્રી અને લોક જનશક્તિ પાર્ટી (એલજેપી-રામવિલાસ)ના મુખિયા ચિરાગ પાસવાને એલાન કર્યું છે કે, બિહાર વિધાનસભાની તમામ ૨૪૩ બેઠક પર પોતાની પાર્ટી ઉમેદવાર ઊભા રાખશે. બિહારની રાજધાની પટણામાં રવિવારે નવ સંકલ્પ મહાસભાને સંબોધન કરતાં ચિરાગે એલાન કર્યું કે, બિહારના હિતમાં પોતે બધી બેઠકો પર ઉમેદવારો ઊભા રાખશે. બિહારમાં હમણાં મગધ હોસ્પિટલના માલિક ગોપાલ ખેમકાની હત્યાનો મુદ્દો ગાજી રહ્યો છે. ચિરાગે આ મુદ્દે પોતાની જ સરકારની ઝાટકણી પણ કાઢી.

બિહારમાં અત્યારે એનડીએની સરકાર છે કે જેમાં ભાજપ અને જેડીયુ સિવાય ચિરાગની એલજેપી, જીતનરામ માંઝીની હમ સહિતના પક્ષો ભાગીદાર છે. આ બધા પક્ષો એક થઈને ચૂંટણી લડશે એવું સૌએ માની લીધેલું ત્યાં જ ચિરાગે ધડાકો કરી દીધો. ચિરાગના ધડાકાથી ભાજપ અને જેડીયુ ચિંતામાં પડી ગયા છે એવા દાવા થઈ રહ્યા છે પણ વાસ્તવમાં ચિરાગની જાહેરાત પાછળ ભાજપ હોવાની પૂરી શક્યતા છે.

ચિરાગ પાસવાન ભાજપના લાભાર્થે આ પ્રકારનાં નાટકો કરવા માટે જાણીતા છે. વિધાનસભા કે લોકસભાની ચૂંટણી આવે ત્યારે વધારે બેઠકો માગવા માટે માથું ઊંચકવાનો દાવ બધા રાજકીય પક્ષો અજમાવતા હોય છે. ચિરાગ પણ એ જ નાટકો કરી રહ્યો છે એવું ઘણાંને લાગે છે પણ ચિરાગનો ઈરાદો વધારે બેઠકો મેળવવાનો નહીં પણ નીતીશને કરદ પ્રમાણે વેતરવામાં ભાજપની મદદ કરવાનો છે.

ચિરાગ પાસવાને બિહારની ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણી વખતે પણ આ ખેલ કર્યો હતો અને એનડીએથી અલગ થઈને ચૂંટણી પણ લડ્યા હતા. એ વખતે રામવિલાસ પાસવાન જીવતા હતા પણ રામવિલાસે દીકરા ચિરાગને એલજેપીનો પ્રમુખ બનાવી દીધો હતો. પાસવાન પરવારી ગયા હતા ને તબિયત ખરાબ હોવાથી લાંબા સમયથી સક્રિય નહોતા. છેલ્લા કેટલાક દિવસોથી તે હોસ્પિટલમાં હોવાથી લોક જનશક્તિ પાર્ટી તેમના દીકરા ચિરાગ પાસવાનને સોંપી દીધી હતી.ચિરાગે બહુ પહેલાંથી નીતીશ કુમાર સામે મોરચો માંડી દીધેલો તેથી નીતીશ વિરોધી નિવેદનો કર્યા કરતા હતા. ચૂંટણીના લગભગ મહિના પહેલાં જ રામવિલાસ પાસવાનની હાજરીમાં લોક જનશક્તિ પાર્ટી (એલજેપી)એ નીતિશ કુમારની જનતા દળ યુનાઈટેડ (જેડીયુ) સામે લડવાનું એલાન કરેલું. ચિરાગે એ વખતે કહેલું કે, પોતાને ભાજપ સામે વાંધો નથી અને પોતે નરેન્દ્ર મોદીના હનુમાન છે પણ નીતીશ કુમારના કુશાનને ફગાવી દેવા માગે છે તેથી નીતીશની સામે ચૂંટણી લડશે.આ જાહેરાતના ત્રણ દિવસમાં જ રામવિલાસ પાસવાનનું નિધન થતાં બિહારની ચૂંટણીનાં સમીકરણ બદલાઈ જશે ને ચિરાગ પાસવાનને પિતાના મોતની સહાનુભૂતિનો લાભ મળશે એવી વાતો ચાલી હતી. ચિરાગ પણ આ વાતોમાં આવી ગયેલો તેથી મચક ના આપી અને ધરાર ચૂંટણી લડ્યો તેમાં એલજેપી સાવ ધોવાઈ ગયેલી. એલજેપીને ૨૦૨૦ની બિહાર વિધાનસભા ચૂંટણીમાં એક પણ બેઠક નહોતી મળી. એ વખતે નીતીશની જેડીયુને માત્ર ૪૩ બેઠકો મળેલી તેથી ચિરાગે નીતીશનો ખેલ બગાડ્યો એવી વાતો કરીને ચિરાગના સમર્થકોએ સંતોષ માનવો પડેલો પણ આ સંતોષ વાંઝિયો હતો. કારણ એ કે, ૪૩ બેઠક છતાં મુખ્ય પ્રધાન તો નીતીશ જ બન્યા હતા ને છેલ્લાં પાંચ વર્ષથી મુખ્ય પ્રધાનપદે છે. ટૂંકમાં ચિરાગ નીતિશનું કશું બગાડી શક્યા નહોતા.ચિરાગ અત્યારે ફરી નીતીશનો ખેલ બગાડવા મેદાનમાં આવ્યા હોય એવું બની શકે. બિહારમાં ભાજપ નીતિશને કોરાણે મૂકીને પોતાની સરકાર રચવા માગે છે પણ મહાખેલાડી નીતીશ ફાવવા નથી દેતા ને ભાજપને પણ સ્પષ્ટ બહુમતી માટે જરૂરી બેઠકો મળતી નથી. બિહાર વિધાનસભાની કુલ ૨૪૩ બેઠક છે અને છેલ્લી ચૂંટણીમાં ભાજપ ૧૨૧ અને જેડીયુ ૧૨૨ બેઠક પર ચૂંટણી લડ્યા હતા. આ વખતે પણ મોટા ભાગે આ પ્રકારની જ ગોઠવણ થશે. છેલ્લી ચૂંટણીમાં ભાજપે વીઆઈપી પાર્ટીને પોતાના ક્વોટામાંથી ને નીતિશે માંઝીની પોતાના ક્વોટામાંથી બેઠકો આપેલી. ભાજપ પછી વીઆઈપી પાર્ટીને ગળી ગયો તેમાં મુકેશ સાહની નવરા થઈ ગયા પણ માંઝી હજુ અડીખમ છે તેથી ભાજપે તેમને પણ બેઠકો આપવી પડશે.અત્યારે જે ગોઠવણ છે તેમાં ભાજપ પોતાની તાકાત પર સ્પષ્ટ બહુમતી ના મેળવી શકે કેમ કે બિહાર વિધાનસભાની કુલ ૨૪૩ બેઠકમાંથી સ્પષ્ટ બહુમતી માટે ૧૨૨ બેઠક જોઈએ ને ભાજપ ૧૨૨ બેઠક પર તો લડતો પણ નથી. ભાજપ જોર કરીને ૯૦ કે ૧૦૦ બેઠક પણ જીત શકે કેમ કે ભાજપ પાસે સવર્ણોની ૧૫ ટકાની મજબૂત મતબેંક છે. સવર્ણોમાં ભૂમિહાર છ ટકા, બ્રાહ્મણો પાંચ ટકા, રાજપૂતો ત્રણ ટકા અને કાયસ્થ એક ટકા છે.ભૂમિહારો ગુજરાતના પટેલો જેવી જ્ઞાતિ છે. એક જમાનામાં આ મતબેંક કૉંગ્રેસની હતી પણ ભાજપે રામમંદિરનો નાદ જગાવ્યો પછી સવર્ણો સાગમટે ભાજપ ભણી વળ્યા છે. બીજા પક્ષો તૂટીને ત્રણ થઈ ગયા પણ આ મતબેંકના કાંગરા સુધ્ધાં નથી ખેરવી શક્યા. . બિહારમાં સવર્ણોનું રક્ષણ કરવા માટે રણવીર સેના બનેલી. આ રણવીર સેના ભાજપની તરફેણમાં છે. નીતીશે સવર્ણોને પોતાની તરફ વાળવા બહુ ઉધામા કરેલા પણ આ મતબેંક ભાજપને વફાદાર છે. ભાજપને સવર્ણોની મતબેંક ઉપરાંત જેડીયુના મતદારો પણ મત આપશે કેમ કે ભાજપે જ્ઞાતિ આધારિત વસતી ગણતરીનો દાવ ખેલીને ઓબીસીને ખુશ કર્યા છે.

આ બધાં કારણોસર ભાજપ સારી બેઠકો જીતી જાય છતાં એકલા હાથે સ્પષ્ટ બહુમતી જેટલી બેઠકો ના થાય એટલે તેમણે ચિરાગ પાસવાનને મેદાનમાં ઉતાર્યાનું મનાય છે. ભાજપ ૯૦ બેઠકો જીતે તો સરકાર રચવા તેને બીજા ૩૨ સભ્યનો ટેકો જોઈએ અને ૧૦૦ બેઠક જીતે તો ૨૨ બેઠક જોઈએ. ભાજપને લાગે છે કે, ચિરાગ પાસવાન આ ૨૦-૩૦ બેઠકો જીતી લાવી શકે તેમ છે કેમ કે ચિરાગ પાસે મોટી દલિત મતબેંક છે.

બિહારમાં દલિતોની વસતી ૧૬ ટકા છે. નીતીશે ચાલાકી બતાવીને દલિતોમાં મહાદલિતનો ફાંટો પડાવી દીધો પછી પાસવાન અને દુસાધ બે જ જ્ઞાતિ દલિતમાં રહી ગઈ છે. અલબત્ત તેમની વસતી છ ટકાની આસપાસ છે. ચિરાગ પાસવાન માટે છ ટકા મતોના જોરે ૨૦ બેઠક જીતી શકે છે ને બધી બેઠક પર ઉમેદવારો ઊભા રાખીને નીતીશનો ખેલ પણ બગાડી શકે છે.

**સરકારો આવે ને જાય પણ ફાઇલોને એક ટેબલથી બીજા ટેબલ સુધી ‘અંડર-ટેબલ’ ધક્કો મારવો જ પડે.**

# પૈસા ફેંકો તમાશા દેખો !

રાતે ભારે વાવાઝોડું આવવાથી સચિવાલયનાં બગીચામાં જાંબુનું ઝાડ પડી ગયું. સવારે માળીએ જોયું કે ઝાડ નીચે એક માણસ દબાયેલો હતો. માળીએ બૂમાબૂમ કરી એટલે પ્યૂન, ક્લાર્ક, ઓફિસરો ભેગા થયા. ‘જુઓ તો જીવે છે કે ગયો?’, માળી બોલ્યો. ‘જીવું છું’, ઊહકારા સાથે પેલા માણસે કહ્યું. ‘પણ ઝાડ ખસેડીને આને બચાવવોનું અઘરું કામ છે.’ પ્યૂને કહ્યું.

‘અઘરું કેમ? સુપ્રિન્ટેન્ડેન્ટસાહેબ ઑર્ડર આપે તો આપણે ઝાડ ખસેડીને ખેંચી કાઢીએ.’ બીજા ક્લાર્કે કહ્યું. ક્લાર્કે સુપ્રિન્ટેન્ડેન્ટને વાત કરી તો એમણે ઘટનાની ફાઇલ બનાવીને અંડર-સેક્રેટરીને દેખાડી. અંડર-સેક્રેટરી ડેપ્યુટી-સેક્રેટરી પાસે ગયો ને ડેપ્યુટી પછી જોઈન્ટ-સેક્રેટરી પાસે ગયો. જોઈન્ટ-સેક્રેટરી, ચીફ-સેક્રેટરી પાસે, અને ચીફ-સેક્રેટરી મિનિસ્ટર પાસે પહોંચ્યો. આમ ફાઈલ અડધા દિવસ સુધી ફરતી રહી.

ઝાડ પાસેનાં ટોળાએ સરકારી મંજૂરીની વિના જ ઝાડ ખસેડવાનું શરૂ કર્યું, એટલામાં સુપ્રિટેન્ડન્ટે સૌને અટકાવીને કહ્યું, ‘ઝાડને આપણાંથી ના અડાય! એ કૃષિ-ખાતામાં આવે છે!’ કૃષિ-ખાતાએ કહ્યું, ‘ઝાડ, વાણિજ્ય-ખાતાના બાગમાં પડયું છે એટલે એને ખસેડાવાની જવાબદારી અમારી નથી!’બધા મૂંઝાયા ત્યારે ઝાડ નીચે દબાયેલો માણસ બોલ્યો, ‘હમને માના કિ તગાફૂલ (ઉપેક્ષા) ન કરોગે લેકિન, ખાક હો જાયેગેં હમ, તુમકો ખબર હોને તક!’

આ સાંભળતા જ માળી બોલ્યો, ‘ઓહો, શાયર છો?’ પછી તો થોડી જ વારમાં વાત ફેલાઈ ગઈ કે દબાયેલો માણસ શાયર છે! ત્યારે સચિવાલયની સબ-કમિટીએ કહ્યું ‘દબાયેલ માણસની ફાઈલ સાથે તો સાંસ્કૃતિક-ખાતાનો મામલો છે.’સાંસ્કૃતિક ખાતામાંથી ફરતી ફરતી ફાઈલ, સાહિત્ય એકેડેમી પાસે પહોંચી. સા.અકા.સેક્રેટરીએ ઝાડમાં દબાયેલાને પૂછ્યું, ‘તમારું નામ શું છે?’ ‘ઓસપ’ ‘ઓહ! તમે પેલા કવિ ઓસ’ છો જેનો ‘ઓસનાં ફૂલ’ કાવ્ય-સંગ્રહ હમણાં જ આવ્યો?’

કવિએ ‘હા’ પાડી તો અકાદમીનાં સેક્રેટરીએ પૂછ્યું, ‘સાહિત્ય અકાદમીનાં મેમ્બર છો?’ ‘ના.’‘ઓહ! આટલા મોટા કવિ ને આમ ગુમનામીનાં અંધાર્યા ખૂણાંમાં પડ્યા છો?’

‘ખૂણામાં નહીં, અત્યારે તો ઝાડ નીચે પડ્યો છું. પ્લીઝ બચાવો.’‘હમણાં વ્યવસ્થા કરું’, કહીને સેક્રેટરીએ ફાઇલ સાંસ્કૃતિક ખાતામાં આપી.

બીજા દિવસે સેક્રેટરીએ શાયરને મીઠાઇ ખવડાવીને પત્ર આપતાં કહ્યું, ‘અભિનંદન, સાહિત્ય એકેડેમીએ તમને ખાસ સભ્ય બનાવ્યા છે.’‘પહેલાં મને અહીંથી તો કાઢો!’, માણસ બરાડ્યો.

‘આ કામ ફોરેસ્ટ ખાતું કરશે. મેં અરજન્ટ લખીને ફાઇલ મોકલી.’જંગલખાતાના માણસો ઝાડ કાપવાના જ હતા એટલામાં ઉપરથી ઓર્ડર આવ્યો કે ૧૦ વરસ પહેલાં ફોરેનનાં કોઇ પ્રધાનમંત્રીએ ઝાડ વાવેલું, જો એ ઝાડ કપાય તો એ દેશ સાથેના આપણા સંબંધો પણ કપાય! માટે આમાં વડા પ્રધાનની મંજૂરી જોઇએ.

પી.એમ.ના સેક્રેટરીએ જણાવ્યું: ‘પી.એમ, સવારે જ વિદેશ પ્રવાસેથી આવ્યા છે. સાંજે ૪ વાગે વિદેશખાતું, એમને ફાઇલ દેખાડશે.’ સુપ્રિન્ટેન્ડેન્ટે સાંજે ૫ વાગે ખુશખબરી આપી: ‘વડા પ્રધાને ઝાડ કાપવાની મંજૂરી આપી..હાશ, આજે એક ફાઈલ ખતમ!’ -પણ ત્યાં સુધી તો શાયરના જીવનની ફાઈલ પણ ખતમ!.. ઉર્દૂ લેખક કૃશનચંદરની ૭૦ વર્ષ પહેલાંની ‘જામુન કા પેડ’ વ્યંગ-કથા જેવું જ સરકારી તંત્ર હંમેશથી ચાલ્યું આવે છે.

હમણાં કેન્દ્રીય-મંત્રી નીતિન ગડકરીજીએ પૂનાનાં કોલેજ-ફંક્શનમાં એક ધારદાર નિવેદન આપ્યું: ‘સરકારી વિભાગોની ફાઈલો, એના પર મૂકવામાં આવેલા વજન(એટલે કે પૈસા એમ વાંચો) પ્રમાણે આગળ વધે છે. સિસ્ટમમાં કેટલાંક ‘ન્યૂટનના બાપ’ છે! દેશની સિસ્ટમમાં પૈસાનું વજન મુકાય તો ફાઈલ હલે ને ઝડપથી કામ થાય!’

વાત આજની નથી, સરકારો આવે ને જાય પણ ફાઈલોને એક ટેબલથી બીજા ટેબલ સુધી ‘અંડર-ટેબલ’ ધક્કો મારવો જ પડે. જેટલો વાંદરામાંથી આપણને માણસ બનવામાં સમય લાગેલો એટલો જ સમય એક ટેબલથી બીજા ટેબલ પર ફાઈલ પહોંચવામાં લાગે, આપણે ત્યાં ફાઈલો ચલાવવી ફૂલટાઈમનો બિઝનેસ છે. જેની સરકારી ખાતાંઓથી લઇને મિનિસ્ટરો સુધી ઓળખાણ હોય એ જ માણસ કેશ ને કોન્ટેક્ટ્સ દ્વારા ફાઈલ ચલાવવાની ‘સૂક્ષ્મ કળા’ કરી શકે, પણ આ કામમાં સત્તા સાથે સંબંધો સાચવવાની વિદ્યા શીખવી પડે. મંત્રાલયોની ‘કુંજગલીમાં કેશ’ની કૂંજી લઇને અદ્રશ્ય બનીને ઘૂસતા-ફરતા તમને આવડવું જોઇએ. .

એક સરકારી ઓફિસમાં નવો ક્લાર્ક આવ્યો. પહેલા જ દિવસે સાહેબે એને જૂની ફાઈલ શોધવા કહ્યું. પુરાતત્ત્વ શાસ્ત્રીઓ જૂનાં અવશેષો શોધે એમ નવા કલાર્કે ફાઈલ શોધી કાઢી, પણ ફાઈલને કબાટમાંથી કાઢવા ખેંચી તો એ બહાર જ ના નીકળે! એણે ખૂબ જોર કર્યું. આસપાસની ફાઈલોનો હલાવી જોઇ પણ પેલી ફાઈલ ના હલી તે ના જ હલી.

‘શુકન આપ્યાં વિનાં નવી વહુ પણ ઘુંઘટ નથી ખોલતી ને આ તો જૂની ફાઈલ છે. ૫૦૦ રૂ. દેખાડ!’ પેલાંએ ૫૦૦ની નોટ દેખાડી, જેવાં ગાંધીજીનાં દર્શન થયા કે કબાટમાંથી ફાઈલ જાતે જ બહાર કૂદી.

સરકારી ખાતાંઓમાં ફાઈલ શોધવાનાં, ફાઈલ પાસ કરવાનાં કે કદી તો ફાઈલ ગાયબ કરવાનાં,પ.અલગ અલગ ભાવ ચાલે. ઘણીવાર લાલ રિબીનોથી બંધાયેલી સરકારી ફાઈલો વરસો સુધી એમનાં પ્રેમીઓનાં ઇંતેજારમાં કુંવારી જ પડી પડી ઉધઇનાં પેટમાં જતી રહે, પણ ઘણી ફાઈલો સરકારી બાબુઓ કે મંત્રીઓનાં સુંવાળા સ્પર્શથી ખીલી ઊઠે. ફાઈલ, મનમાં મલકાઇને વિચારે, ‘હાશ, હવે ખાવા-અગાઉ એક ગુજરાતી ફિલોસોફિકલ કવિતા વાંચેલી: ‘માઇલોના માઇલો, હું મારી અંદરને અંદર..’ આમાં ‘માઇલ’ને બદલે ‘ફાઇલ’ શબ્દ મૂકીને ફાઇલોની ફાઇલો, ‘અમે અંદરને અંદર!’ એમ બને. ફાઈલો’ કમાલની કબ્રસ્તાનો છે જયાં સરકારી તપાસનાં રિપોર્ટો કે કહેવાતાં ઈમાનદારોની ઈજ્જત દફન હોય છે.

**મારે ક્યાં કાઢવો અને બીજા માણસોએ ક્યાંથી કાઢવો!**

# નવરા બેઠાં નખોદ વાળે

## ચૂનિયાની ત્રણ કલાક પૂરી થઈ ગઈ હતી એટલે ખૂબ આરામથી જતા જતા એટલું બોલ્યો ‘સારું તો એમ કરો બીજુ શું?

અમુક કહેવતો એટલી બધી ખરાબ છે કે એ વાંચતા જ એમ થાય કે મારા માટે જ લખાણી હશે! માણસ છીએ ક્યારેક એમ થાય કે આજે કંઈ કામ જ નથી કરવું બસ શાંતિપૂર્વક મનમાં આવે એ રીતે સમયને મારવો અને બદલો લેવો કેમ કે સમયે મને ઘણીવાર માર્યો છે પણ મારી આ ઉચ્ચ વિચારધારાને આ તુચ્છ જગત કેમ સમજે? જેવા નવરો બેઠોલો જુએ કે તરત જ અવાજ આવે ‘કેમ આજે કંઇ કામધંધો નથી? કામ ન હોય તો પછી તમારો કબાટ ગોઠવી દો, ડામચિયાની જેમ પડ્યો છે’ હવે એમને શું કહેવું કે હું આમ કબાટ ગોઠવવા માટે નથી સર્જાયો. આપણી આ નવરા બેસવાની વિચારધારાને હજુ ૧૦ કે ૧૫ મિનિટ થઈ હોય ત્યાં તો આપણને નવા નવા બિરુદ મળવા લાગે. ‘આળસુના પીર’, ‘નક્કામા’, ‘પાડાની જેમ પડ્યા રહે છે’. પીર, બેકાર અને પાડા જેવી ઉપમાઓ તો સહન થાય પણ જ્યારે મારી ઈચ્છાઓ પૂરી ન થાય અને ફરજિયાત કબાટ ગોઠવવો પડે એ સમયનું દુઃખ તો મારા જેવા પરિણીત પુરુષો જ સમજી શકે.

આમ જુઓ તો પ્રશ્ર્ન સમયનો જ હોય છે. મારે ક્યાં કાઢવો અને બીજા માણસોએ ક્યાંથી કાઢવો! લોકો ભલે નવરા માણસો કહે પણ નવરા બેઠાં જે કામ થાય એવા કામ ક્યારેય કામમાં હો ત્યારે ન જ થાય. જેમ કે તમે સાવ નવરા હો અને મકોડાની એકસરખી લાઇન જતી હોય ત્યારે વચ્ચે એક સળી નાખી આખી લાઇનની દિશા બદલી નાખો અને એમની વચ્ચે જે ગોટાળામાં દોડાદોડી થાય એવી દોડાદોડી તમે કામમાં હો ત્યારે કરાવી શકશો? દિવસ આખો ચોકીદારની જેમ પસાર થતી દરેક કાર પાછળ દોડી, ચાલતા માણસોને ભસી, ખાવાનું માંડ માંડ શોધીને કૂતરો શાંતિથી સૂતો હોય ત્યારે પાણો મારીને ભાગી જવાનું તમે કામમાં હો ત્યારે ક્યારેય કર્યું છે? બપોરે ભરઊંઘમાં સૂતેલા મકાન માલિકની ડોરબેલ મારીને ભાગી જવાનું કાર્ય તમે કામમાં હો તો ક્યારેય કરી શકવાના નથી! નવરા બેઠાં તો કહેવત છે બાકી ઘણીવાર નવરા ઊભા રહેવાની પણ એક મઝા છે. હમણાં જ હું એક બસ સ્ટોપ પર સાવ નવરો ત્રણ કલાક ઊભો રહ્યો અને ગમે તે બસ આવે એમાં બધાને ચડી જવા દઉં અને હું જાવ જ નહી. મેં જે લોકોના ચહેરાઓ પર આશ્ર્ચર્ય જોયું છે કે આ ભાઈને ક્યાં જવું હશે એ ભાવ જો હું કામમાં હોત તો ક્યારેય ન જોઈ શક્યો હોત. જોકે એક ભાઈ ફરી પાછા આવ્યા અને મને એમ જ ઊભેલો જોઈને મારા જવા વિશે પૂછ્યું પણ ખરું પણ એમને એ ખબર ન જ પડવા દીધી કે બી.આર.ટી.એસ.ના સ્ટોપમાં એ.સી. ખૂબ સારું હોય છે!!!

આમ ભલે નવરા બેસવું ગમતું હોય પણ જ્યારે લોકો કહેવા લાગે ત્યારે જરા પણ ન ગમે. મને હાડોહાડ લાગી આવ્યું કે મારા જેવો સર્જક નવરો બેસે? મારે કંઈક કરી નાખવું છે, નવસર્જન કરવું છે. વિવેકાનંદના શબ્દો ‘ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મંડ્યા રહો’ આળસ કર્યા વગર મનમાં ૩ વાર બોલી ગયો અને વિચાર કર્યો કે કંઈક તો કરવું જ છે એટલે આજુબાજુમાં નજર ફેરવી અને અમારા ઘરની ડંકી પર સ્થિર કરી. ડંકીનું ફાઉન્ડેશન નબળું પડી જવાને લીધે આખી ડંકી ડાન્સ કરતી હતી. આજે નક્કી કર્યું કે આનું ફાઉન્ડેશન રીપેર કરી જ નાખવું. આ વાતના વિચારો ચાલતા હતા ત્યાં જ ચૂનિયાનો ફોન આવ્યો. એને પણ નવરા બેઠાં કંટાળો આવતો હતો એટલે મેં ચૂનિયાને જણાવ્યુ કે આજે તો ડંકીનું કામ પતાવી જ નાખવું છે. ચૂનિયાએ પણ મદદમાં આવવાની ખાતરી આપી. હું સિમેન્ટ અને રેતી લેવા નીકળ્યો. સમય પૂરતો હતો એટલે ઘણી જગ્યાઓ પર પૂછપરછને અંતે એક મિત્રની સાઈટ ચાલતી હતી ત્યાંથી મફત રેતી અને સિમેન્ટ લઈને ઘેર પહોંચ્યો અને ત્યાં જોઉં તો ચૂનિયાએ આખી ડંકી ખોલીને સની દેઓલની જેમ હાથમાં આપતા કહ્યું કે ‘આખી કાઢી નાખી બસ ખાલી એક પાઈપ અંદર ઊતરી ગયો છે’ ફાઉન્ડેશનની વાત હતી ત્યાં આ નવરાશ હવે કામમાં તબદિલ થઈ ગઈ હતી! આ પ્રસંગ પછી તરત જ મને વિચાર આવ્યો કે આ ‘નવરા બેઠાં નખોદ વાળે’ કહેવત મારા માટે નહી ચૂનિયા માટે જ બની હશે. એક વધારાનું કામ પણ મને મળ્યું કે એકાદ મજબૂત લાકડી શોધવાની હતી એટલે ચૂનિયાની ચોક્કસ જગ્યા પર પ્રહારો કરી શકું!!! ચૂનિયો તો સામાન્ય રીતે નવરો જ હોય, એને પણ મારી જેમ સમય ક્યાં કાઢવો એ પ્રશ્ર્ન હોય એટલે કોઈ પણ મિત્રની ઓફિસ પર વગર આમંત્રણે પહોંચી જ જતો હોય! હમણાં જ અમારા ચાર મિત્રો એક નવા ધંધાની શરૂઆત માટે ફાયનાન્શિયલ ગંભીર ચર્ચામાં લાગેલા હતા અને ચૂનિયો આવ્યો. આખો પ્રોજેક્ટ નક્કી હતો હવે ઈન્વેસ્ટમેન્ટ કોણ કેટલું કરશે અને લોન કઈ બૅંકમાંથી લેવી એ વાતની ચર્ચાઓમાં ચૂનિયો સાવ શાંતિથી બેઠેલો પણ અચાનક જ એક્ટીવ થયો અને કહે ‘એક પણ રૂપિયો ન કાઢવો પડે અને આખો પ્રોજેક્ટ થઈ જાય તો?’ આ વાત સાથે અમારા ચારેય મિત્રોને એકાદ બે સ્કીમ પણ આપી અને ‘મોદી’નું ઉદાહરણ પણ આપ્યું. આ સાથે જ આખી ચર્ચા કેમ થાય અને કેવી રીતે કરાય પર ફંટાઈ ગઈ. લગભગ ત્રણ કલાક, ત્રીસ ચા અને એક વારના નાસ્તાને અંતે નિષ્કર્ષ નીકળ્યો કે આવા ઊંધા ધંધા ન કરાય અને શાંતિથી જાતે રૂપિયા કાઢી ધંધો કરાય. ચૂનિયાની ત્રણ કલાક પૂરી થઈ ગઈ હતી એટલે ખૂબ આરામથી જતા જતા એટલું બોલ્યો ‘સારું તો એમ કરો બીજુ શું? બાકી નવરો હોત તો હજુ બીજા આઈડિયા આપત.’ પણ બધાના ચહેરા પર એક ભાવ જોયો કે સાલુ કામ કરવું એના કરતા ચૂનિયાની જેમ નવરું રહેવું સારું. મારા પત્ની આખો દિવસ નવરા હોય પણ દોઢ કલાક તેની મમ્મી સાથે વાત કર્યા પછી કાયમ મેં શબ્દો સાંભળ્યા છે કે ‘આજે તો વાત જ ન થઈ, મારે હજુ કેટલા કામ બાકી છે. પછી શાંતિથી વાત કરું.’ મારા સાસુ પણ એટલા જ સમજુ એટલે કહે કે ’મારી દીકરીને કેટલાં કામ હોય છે. બચારી નવરી જ નથી પડતી.’ પણ જો કામ જુઓ તો સિરિયલ્સ જોવા સિવાયનું કશું જ નથી હોતું! હમણા તો હું ખુશી થયો કે સિરિયલ મૂકીને પગ લૂછણિયા બનાવવાનો પ્રોગ્રામ ટીવી પર જોતી હતી. હું પ્રોગ્રામ પતાવીને સવારે ઘેર આવ્યો અને એક ખૂબ કલાત્મક પગલૂછણિયું જોઈને ખુશ થયો પણ તરત જ ખબર પડી કે ઘરની નવેનવી ચાર સાડીઓમાંથી આ બન્યું હતું! આ સમયે એમ થાય કે હે ઈશ્ર્વર તું પુરુષોને ભલે નવરા રાખ પણ સ્ત્રીઓને નવરાશ ન આપતો. જોકે એ વાત અલગ છે કે આજે કોઈ જ કામ ન હતું એટલે આજે આ નવરા બેઠાં જ આ લેખ લખ્યો છે એટલે તમે વાંચવામાં તમારા સમયનો નખોદ વાળવાનું શરૂ કરી દો.





# 'ધુરંધર' એજ ગેપઃ ૪૦ વર્ષનો રણવીર સિંહ અને ૨૦ વર્ષની સારા

## 'ધુરંધર'ની લીડ એક્ટ્રેસ સારા અર્જુને 'પોન્નિયન સેલ્વન'માં ઐશ્વર્યા રાયનો નાનપણનો રોલ કર્યો હતો


રણવીર સિંહની આગામી ફિલ્મ 'ધુરંધર'નો ફર્સ્ટ લૂક જાહેર થયા પછી ફિલ્મની લીડ એક્ટ્રેસ સારા અર્જુન ટ્રેન્ડમાં આવી છે. સારાની ઉંમર ૨૦ વર્ષની છે, જ્યારે રણવીર ૪૦ વર્ષનો છે. ફિલ્મની પહેલી ઝલકને ઓડિયન્સે વખાણી છે, પરંતુ આટલો મોટો એજ ગેપ ચર્ચાનું કારણ બન્યો છે. સોશિયલ મીડિયા પર આ અંગે સંખ્યાબંધ મીમ પણ બની રહી છે. એજ ગેપ બાબતે ફિલ્મના મેકર્સ અથવા રણવીર તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી.

'ધુરંધર'માં રણવીર સિંહનો આક્રમક અંદાજ ઓડિયન્સને પસંદ આવ્યો છે. ફિલ્મના પ્રોમોમાં રણવીરની સાથે સારા અર્જુન પણ જોવા મળે છે. આમ તો સારા અર્જુને તમિલ ફિલ્મોમાં ઘણી લોકપ્રિયતા મેળવી છે, પરંતુ 'ધુરંધર'માં તેનું નામ જોડાયા પછી તે દેશભરમાં ટ્રેન્ડ થઈ રહી છે. સારાએ સાઉથની ફિલ્મોમાં ચાઈલ્ડ એક્ટ્રેસ તરીકે શરૂઆત કરી હતી. સારાના પિતા રાજ અર્જુન પણ સાઉથના જાણીતા એક્ટર છે. ૨૦૧૦ના વર્ષમાં એટલે કે માત્ર ૫ વર્ષની ઉંમરે સારાએ ચિયાન વિક્રમની ફિલ્મ 'દૈવા થિરુમગલ'માં કામ કર્યું છે. સારાએ આ ફિલ્મમાં મેન્ટલી ચેલેન્જડ પિતાની છ વર્ષની દીકરીનો રોલ ર્યો હતો. આ ફિલ્મમાં સારાની એક્ટિંગના ખૂબ વખાણ થયા હતા.

૨૦૧૪માં સારાએ તમિલ ફિલ્મ 'શૈવમ'માં મહત્ત્વનો રોલ કર્યો હતો. ત્યારબાદ સારાએ હિન્દી અને મલયલામ ફિલ્મોમાં પણ કામ કરેલું છે. ૨૦૧૯માં બે હિન્દી ફિલ્મો 'એક લડકી કો દેખા તો ઐસા લગા' અને 'સાંડ કી આંખ'માં સારા જોવા મળી હતી. ૨૦૨૨માં મણિ રત્નમની બિગ બજેટ 'પોન્નિયન સેલ્વન'માં સારાએ નાનપણની ઐશ્વર્યા રાયનો રોલ કર્યો હતો.

ત્રણ વર્ષ પહેલાની નાનકડી 'નંદિની' હવે 'ધુરંધર'ની લીડ એક્ટ્રેસ બની છે. ૬ જુલાઈએ રણવીરના જન્મદિવસ નિમિત્તે ફિલ્મનો પ્રોમો શેર થયો હતો અને આ સાથે જ સારા અર્જુન ચર્ચામાં આવી છે. કેટલાકને ૪૦ વર્ષના રણવીર અને ૨૦ વર્ષની સારાના ઓન સ્ક્રિન રોમાન્સમાં કંઈક અજુગતું દેખાઈ રહ્યું છે ત્યારે ફિલ્મની સ્ટોરી પણ ઘણી ચર્ચામાં છે. આ ફિલ્મ ભારતના સુપર સ્પાય અને નેશનલ સિક્યુરિટી એડવાઈઝર અજિત દોવાલના જીવન આધારિત હોવાનું કહેવાય છે. આદિત્ય ધરના ડિરેક્શનમાં બની રહેલી આ ફિલ્મમાં સંજય દત્ત, માધવન, અક્ષય ખન્ના અને અર્જુન રામપાલ પણ મહત્ત્વના રોલમાં છે. ફિલ્મને ૫ ડિસેમ્બરે રિલીઝ કરવાનું આયોજન છે ત્યારે બોક્સઓફિસ પર તેની સીધી ટક્કર પ્રભાસની 'રાજા સાબ' સાથે થવાની છે.

# જુરાસિક વર્લ્ડ રીબર્થઃ સૌથી વધુ ઓપનિંગ મેળવનારી ગ્લોબલ ફિલ્મ




### ડાયનાસોરની નવી દુનિયાને પહેલા વીકેન્ડમાં જ ૩૧૨.૫ મિલિયનનું કલેક્શન?, ચીનમાં ધૂમ મચાવી

ડાયનાસોરની બ્લોકબસ્ટર ફ્રેન્ચાઈઝીનો જાદુ અકબંધ રહ્યો છે. 'જુરાસિક વર્લ્ડ રીબર્થ'ને વર્ષ ૨૦૨૫માં સૌથી વધુ કલેક્શન મેળવનારી ફિલ્મની યાદીમાં બીજું સ્થાન મળ્યું છે. ગ્લોબલ બોક્સ ઓફિસ પર આ ફિલ્મે ઓપનિંગ વીકેન્ડમાં ૩૧૨.૫ મિલિયન ડોલરનું કલેક્શન હાસલ કર્યું છે. પ્રારંભિક અંદાજ મુજબ, આ ફિલ્મને ૨૬૦ મિલિયન ડોલરનું કલેક્શન મળવાની શક્યતા હતી, પરંતુ તેણે અપેક્ષા કરતાં ઘણું સારું પ્રદર્શન કર્યું છે. વર્ષ ૨૦૨૫માં સૌથી વધુ ગ્લોબલ કલેક્શન મેળવનારી ફિલ્મોની યાદીમાં 'એ માઈનક્રાફ્ટ મૂવી' જ તેના કરતાં વધુ આગળ છે.

જોનાથન બેઈલી, સ્કાર્લેટ જોહન્સન અને માહેરશેલા અલીના મુખ્ય રોલ ધરાવતી 'જુરાસિક વર્લ્ડ રીબર્થ'ને ચીનમાં ભરપૂર પ્રેમ મળ્યો છે. ચીનમાં આ ફિલ્મે ૩૩.૭ મિલિયન ડોલરનો બિઝનેસ કર્યો છે. રિપોર્ટ મુજબ, ઈન્ટરનેશનલ માર્કેટમાં ફિલ્મને ૧૭૧.૩ મિલિયન ડોલરનું કલેક્શન મળ્યું છે, જે ઓવરસીઝ બિઝનેસના પહેલા વીકમાં 'ને ઝા ૨' પછી બીજા ક્રમે છે. જુરાસિક ફ્રેન્ચાઈઝીની વાત કરીએ તો સૌથી વધુ કલેક્શન ૨૦૧૫માં આવેલી 'જુરાસિક વર્લ્ડ'નું હતું જે ૫૨૫ મિલિયન ડોલર હતું.

ચીન ઉપરાંત સાઉથ કોરિયામાં પણ 'જુરાસિક વર્લ્ડ રીબર્થ'નું પ્રદર્શન સારું રહ્યું છે. સાઉથ કોરિયામાં ૫.૧ મિલિયન ડોલર અને ભારતમાં ૧.૩ મિલિયન ડોલરનું કલેક્શન મળ્યું છે. ભારતમાં પહેલા ક્રમે 'મિશનઃ ઈમ્પોસિબલ રેકનિંગ' છે. યુનાઈટેડ કિંગડમ અને આયર્લેન્ડમાં આ ફિલ્મે ૫૦ ટકા માર્કેટ શેર સાથે ૭.૫ મિલિયન ડોલરનું કલેક્શન મેળવ્યું છે, જે હ્વ૧ ફિલ્મ કરતાં બમણું છે. ફ્રાન્સમાં તેને ૧.૮ મિલિયન ડોલર, મેક્સિકોમાં ૬.૫ મિલિયન ડોલર મળ્યા છે.

ઓસ્ટ્રેલિયા, સ્પેન, ઈટાલી અને જર્મનીમાં આ ફિલ્મના આંકડા મજબૂત રહ્યાં છે અને આ દેશોમાં તે ૨૦૨૫ના પહેલા વીકેન્ડની આવકમાં પહેલા ક્રમે છે. થાઈલેન્ડ પોલેન્ડ, તાઈવાનમાં પણ બોક્સઓફિસ કલેક્શનમાં તેનો ફાળો ઘણો રહ્યો છે. ફ્રેશ સ્ટોરી અને દિલધડક દશ્યોના કારણે આ ફિલ્મને માઉથ પબ્લિસિટીનો લાભ મળી રહ્યો છે. જુરાસિક ફ્રેન્ચાઈઝીની અગાઉની ફિલ્મોની વાત કરીએ તો, 'જુરાસિક વર્લ્ડ ડોમિનિયન'ને વર્લ્ડવાઈડ એક અબજ ડોલરનું કલેક્શન મળ્યું હતું. જ્યારે ૨૦૧૩માં રી રિલીઝ થયેલી 'જુરાસિક પાર્ક'ને પણ એક અબજ ડોલરનો માઈલ સ્ટોન હાસલ થયો હતો.



# અક્ષય કુમાર અને સૈફ અલી ખાન પ્રિયદર્શનની હૈવાનમાં સાથે જોવા મળશે

અક્ષય કુમાર અને સૈફ અલી ખાનની થ્રિલર ફિલ્મની જાહેરાત થતાં જ સોશિયલ મીડિયા પર આ ખબર છવાઈ ગઈ છે. તેમની બંનેની લાંબા સમય પછી એકસાથે ફિલ્મ આવી રહી છે, 'હૈવાન'. આ શબ્દનો અર્થ રાક્ષસ થાય છે, તેના પરથી જ આ ફિલ્મ એક ગંભીર, ઉગ્ર અને જકડી રાખે એવી ફિલ્મ, તેમજ થિએટરમાં જોવાનો એક અલગ અનુભવ પુરો પાડે એવી ફિલ્મ હોવાનો અંદાજ આવે છે. તેથી બોક્સ ઓફિસ પર પણ આ ફિલ્મ સારી ચાલશે એવી અપેક્ષા છે.

સૈફ અને અક્ષય કુમાર ૧૭ વર્ષે સાથે આવવાના હોવાથી દર્શકો ઉત્સાહીત છે, આ પહેલાં તેમની બંનેની ફિલ્મ 'ટશન' ૨૦૦૮માં આવી હતી. બીજી મહત્વની વાત એ છે કે આ ફિલ્મ પ્રિયદર્શન ડિરેક્ટ કરશે, જેઓ 'હેરા ફેરી ૩' પણ ડિરેક્ટ કરી રહ્યા છે. આ એક એવી થ્રિલર ફિલ્મ હશે, જેમાં બંને કલાકારોની અલગ સ્ટાઈલ અને એનર્જી યોગ્ય ઉપયોગ થઈ શકશે.

સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ફિલ્મનો વિષય અને શૈલીનો અંદાજ આવી શકે તે માટે ફિલ્મનું નામ કાળજીપૂર્વક નક્કી કરાયું છે. તેમણે આગળ જણાવ્યું, "ટીમને લાગ્યું કે આ નામથી તેમના વિષય અંગે બહુ સારી રીતે અંદાજ આવે છે અને એ પણ દર્શાવે છે કે પ્રિયદર્શન એમાં શું કરવા માગે છે. તેઓ એક એવી થ્રિલર ફિલ્મ બનાવવા માગે છે, જે દર્શકોને જકડી રાખશે. અન્ય શીર્ષક પર પણ ચર્ચા થઈ હતી, પરંતુ આ નામ સર્વાનુમતે નક્કી થયું હતું, જેમાં આ પાત્ર લીડ એક્ટર્સ દ્વારા જ કરાશે."આ ફિલ્મનું કામ આવતા વર્ષે ઓગસ્ટ મહિનામાં શરૂ થશે, આ પહેલાં અક્ષય પ્રિયદર્શન સાથે ભૂતબંલામાં કામ કરી ચૂક્યો છે અને હેરા ફેરી ૩માં પણ કરશે. જો સૈફ અલી ખાનની વાત કરવામાં આવે તો તેણે તાજેતરમાં જ્વેલ થીફ —ધ હાઈસ્ટ બિગીન કરી છે. આમ બે જાણીતા કલાકારો અને ડિરેક્ટર સાથે આ ફિલ્મ કસપ્રદ હશે એવી આશા છે.

# 'કાલીધર લાપતા' થઈ શકે છે, પરંતુ અભિષેક નહીં: અમિતાભ



સુપરસ્ટાર અમિતાભ બચ્ચન પોતાના પુત્ર અભિષેક પર ખૂબ ગર્વ અનુભવે છે. હવે જ્યારે અભિષેકની ફિલ્મ 'કાલીધર લાપતા'ના વખાણ થઈ રહ્યા છે તો એવામાં અમિતાભ પણ સોશિયલ મીડિયા દ્વારા તેમાં જોડાયા છે અને પુત્રના વખાણ કરી રહ્યા છે.

બોલીવુડ સુપરસ્ટાર અમિતાભ બચ્ચનની ફિલ્મ 'કાલીધર લાપતા' ઓટીટી પ્લેટફોર્મ પર આવી ચુકી છે. ફિલ્મને ચાહકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ ફિલ્મને જોવા માટે ફેન્સ ઉત્સુક હતા. હવે જ્યારે ફિલ્મ આવી ગઈ છે તો તેની ખૂબ પ્રશંસા થઈ રહી છે. ખુદ અમિતાભ બચ્ચન પણ પોતાના પુત્રના પરફોર્મન્સને જોઈને ખૂબ આનંદિત છે અને એ અભિષેકના જાહેરમાં વખાણ કરતા જોવા મળી રહ્યા છે. હવે સોશ્યલ મીડિયા પર બિગ બીએ જૂનિયર બી ના ભરપુર વખાણ કર્યા છે અને પ્રેમ વ્યક્ત કર્યો છે.

અમિતાભ બચ્ચને ઈંસ્ટાગ્રામ પર અભિષેકનો એક ફોટો શેયર કર્યો છે. અભિષેકનો આ સાઈડ ફોટો છે, જેમાં એ કેઝ્યુઅલ લુકમાં નજર પડી રહ્યો છે. અભિનેતા અભિષેક આ દરમિયાન ખૂબ ડિસન્ટ લુકમાં છે. અભિષેકના ફોટની સાથે કેપ્શનમાં અમિતાભ બચ્ચને લખ્યું કે, 'મારો ગર્વ અને મારો પ્રેમ, કેટલી સુંદર રીતે તમે તમારી ટર્મ્સ પર પ્રશંસા અને ઓળખ હાંસલ કરી રહ્યા છો. કાલીધર લાપતા હોઈ શકે છે, પરંતુ અભિષેક બચ્ચન અમારા હૃદયમાંથી ક્યારેય પણ લાપતા થઈ શકે નહી.'

અમિતાભની આ પોસ્ટ પર ચાહકોના રિએક્શન આવવાના પણ શરુ થઈ ગયા છે. એક વ્યક્તિએ તેના પર કોમેન્ટ કરીને એમ લખ્યું કે, આ તો અભિષેકની એવોર્ડ વિનિંગ ઓથેન્ટિક પરફોર્મન્સ છે. એક અન્ય યુઝરે લખ્યું કે, મેં હમણાં જ કાલીધર લાપતા ફિલ્મ જોઈ. હું આ શાનદાર ફિલ્મને જોઈને ખૂબ આશ્ચર્યચકિત છું. અભિષેક બચ્ચન અને ચાઈલ્ડ આર્ટિસ્ટે કેવી કમાલની એક્ટિંગ કરી છે. બીજા એક યુઝરે અમિતાભની પોસ્ટ પર કોમેન્ટ કરીને લખ્યું કે, અભિષેક બચ્ચન રોક્સ. અભિષેક ખરેખર સ્પેશ્યલ છે.

ઉલ્લેખનીય છે કે, અભિનેતા અભિષેક બચ્ચનને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બે દાયકાથી વધુનો સમય થઈ ચુક્યો છે. આ દરમિયાન અભિષેકે નાની-મોટી કેટલીયે ફિલ્મોમાં અભિનય કર્યો છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી લીડ રોલમાં ગજબની એક્ટિંગ કરી રહ્યો છે. પછી એ—લૂડો હોય, દસવી કે ઘૂમર હોય, અભિષેકની એક્ટિંગ સૌને પસંદ આવી છે.

**અમિતાભ બચ્ચને ઈંસ્ટાગ્રામ પર અભિષેકનો એક ફોટો શેયર કર્યો છે. અભિષેકનો આ સાઇડ ફોટો છે, જેમાં એ કેઝ્યુઅલ લુકમાં નજર પડી રહ્યો છે. અભિનેતા અભિષેક આ દરમિયાન ખૂબ ડિસન્ટ લુકમાં છે. અભિષેકના ફોટની સાથે કેપ્શનમાં અમિતાભ બચ્ચને લખ્યું કે, 'મારો ગર્વ અને મારો પ્રેમ, કેટલી સુંદર રીતે તમે તમારી ટર્મ્સ પર પ્રશંસા અને ઓળખ હાંસલ કરી રહ્યા છો.**



# પ્લેન ક્રેશ દુર્ઘટના પછી રાશિને ફ્લાઈટની બીક લાગે છે

પ્લેનમાં મુસાફરીની વાત આવતાં જ રાશિ ખન્નાને અજંપાનો અનુભવ

અમદાવાદમાં પ્લેન ક્રેશની દુર્ઘટનાએ હવાઈ મુસાફરીની સલામતી અંગે અનેક સવાલ ઊભા કર્યા છે. દુર્ઘટના બાદ તેને લગતા અનેક અહેવાલ પ્રસારિત થયા હતા અને આવા અહેવાલો જોયા બાદ રાશિ ખન્નાને ફ્લાઈટમાં બેસવાની વાત આવતાં જ અજંપાનો અનુભવ થાય છે. એક્ટ્રેસ રાશિ ખન્નાએ હવાઈ મુસાફરીમાં લાગી રહેલી બીક અંગે રવિવારે ખુલીને વાત કરી હતી.

રાશિએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝમાં એરપોર્ટ પરથી ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા. રાશિ ફ્લાઈટમાં બોર્ડિંગની તૈયારી કરી રહી હતી અને આ સમયે તેનું મન ચિંતાથી ભરાયેલુ હતું. રાશિએ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યુ હતું કે, દુનિયમાં ઘણી અશાંતિ છે. દરેક ફ્લાઈટ હવે અઘરી લાગે છે. આ બીક માત્ર આકાશમાં ઉડાનની નથી, પરંતુ તેને લગતી હેડલાઈન્સનો ભાર લાગે છે. રાશિએ વધુમાં કહ્યું હતું કે, ટ્રાવેલ ક્યાંક દૂર જવા માટે હોય છે. બાદમાં તેની વાત આવતા શ્વાસ થંભી જાય છે. આવી ટ્રાવેલ એન્ગઝાઈટી અન્ય કોઈ અનુભવે છે? રાશિની આ પોસ્ટ બાદ સોશિયલ મીડિયા ફોલોઅર્સે સંખ્યાબંધ રીએક્શન્સ આપ્યા હતા. રાશિને ચિંતા નહી કરવા અને ભગવાન ભોલેનાથમાં શ્રદ્ધા રાખવા ઘણાં યુઝર્સે સલાહ આપી હતી. ફ્લાઈટથી ગભરાવાના બદલે સારા અનુભવો યાદ કરવાનું સૂચન પણ થયું હતું. ઉલ્લેખનીય છે કે, ૧૨ જૂનના રોજ અમદાવાદ ખાતે થયેલી પ્લેન ક્રેશની દુર્ઘટનામાં ૨૬૦ વ્યક્તિનાં મોત થયા હતા અને ઘણાં ઘાયલ થયા હતા. દેશભરમાં શોક પ્રસરાવનારી આ ઘટનાએ રાશિની જેમ અનેક લોકોના મન પર ઊંડી અસર કરી છે.

# ક્રિકેટર સુરેશ રૈના બન્યો એક્ટર, તમિલમાં નવી ઈનિંગ શરૂ કરી



ગ્રાઉન્ડ પર ફટકાબાજી સાથે મોડેલિંગ અને બ્રાન્ડ એન્ડોર્સમેન્ટમાં ચમકારા બતાવનારા ક્રિકેટરોની યાદી ઘણી લાંબી છે. ક્રિકેટરો જાહેરખબરમાં ઘણી વાર જોવા મળે છે, પરંતુ ફિલ્મોમાં લીડ રોલમાં દેખાતા નથી. પૂર્વ ઈન્ટરનેશનલ ક્રિકેટર સુરેશ રૈનાએ તમિલ ફિલ્મ 'પ્રોડક્શન નંબર ૧' સાથે એક્ટિંગની શરૂઆત કરી હતી. ચેન્નાઈ ખાતે એક ભવ્ય ઈવેન્ટ દરમિયાન રૈનાની પહેલી ફિલ્મ એનાઉન્સ થઈ હતી.

પોતાના સરપ્રાઈઝ એક્ટિંગ ડેબ્યુ અંગે વાત કરતા સુરેશ રૈનાએ એક્સ પોસ્ટમાં જણાવ્યું હતું કે, નવા પ્રોડક્શન હાઉસ ડ્રીમ નાઈટ સ્ટોરીઝ સાથે નવી શરૂઆત. પ્રોડક્શન હાઉસે ફિલ્મનું ટેન્ટેટિવ ટાઈટલ 'પ્રોડક્શન નંબર ૧' જાહેર કર્યું હતું અને રૈનાની નવી ઈનિંગની ઝલક આપી હતી. આ ફિલ્મનું ડાયરેક્શન લોગાન કરી રહ્યા છે જેઓ અગાઉ 'માન કારાટે', 'રેમો' અને 'ગેથુ'માં કામ કરી રહ્યા છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા લોકોની હાજરીમાં 'પ્રોડક્શન નંબર ૧'નું ટીઝર શેર થયુ હતું.

ટીઝર વીડિયોની શરૂઆતમાં એક માણસ ક્રિકેટ મેદાન પર ચાલતો જોવા મળે છે અને બેકગ્રાઉન્ડમાં ભીડ તેને ચીયર કરી રહી છે. બાદમાં રૈનાની પીઠ દેખાય છે અને ક્લિપ પૂરી થતાં સુધીમાં સુરેશ રૈનાનો ચહેરો ગોલ્ડ કોઈનની ઈમેજમાં બદલાઈ જાય છે. પ્રોડક્શન હાઉસે રૈનાને ચિન્ના થાલા તરીકે ઓળખાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આઈપીએલમાં સુરેશ રૈના લાંબો સમય ચેન્નાઈ સુપર કિંગ્સ સાથે જોડાયેલો રહ્યો છે. તેથી તમિલ ક્રિકેટ રસિકો તેને ચિન્ના થાલા તરીકે ઓળખે છે. રૈનાએ પોતાની આ ઓળખ જાળવી રાખતાં એક્સ હેન્ડલ પર જણાવ્યું હતું કે, ક્રિકેટના મેદાનથી માંડી કોલિવૂડની ફ્રેમ સુધી મારામાં રહેલો ચેન્નાઈ સ્પિરિટ લઈ આવી રહ્યો છું.


ચેન્નાઈ સુપર કિંગ્સના ખેલાડી શિવમ દુબે દ્વારા દીપ પ્રાગટ્ય બાદ ટીઝર લોન્ચ થયુ હતું. આ પ્રસંગે તમિલ ઈન્ડસ્ટ્રીના જાણીતા પ્રોડ્યુસર્સ અને ડાયરેક્ટર્સ પણ હાજર રહ્યા હતા. આ ફિલ્મમાં પૂર્વ સાથીદાર મહેન્દ્રસિંગ ધોનીના સમાવેશ અંગે સવાલ પૂછાતાં રૈનાએ કહ્યું હતું કે, ધોનીને આ સવાલ પૂછાવો જોઈએ. ફિલ્મની રિલીઝ ડેટ તથા અન્ય કાસ્ટ અંગે ટૂંક સમયમાં વધારે માહિતી જાહેર થશે.




# વિરાટ કોહલીએ ટેનિસની તુલના ભારત - પાકિસ્તાન મેચ સાથે કરી

ભારતીય ટીમના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીએ ટેનિસ ખેલાડીઓની તુલના ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ સાથે કરી છે. કોહલી કહે છે કે ટેનિસ ખેલાડીઓ દર અઠવાડિયે એક જ પ્રકારના દબાણમાંથી પસાર થાય છે જેની તુલના ક્રિકેટમાં વર્લ્ડ કપના નોકઆઉટ સ્ટેજ અને ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ સાથે કરી શકાય છે. કોહલી તાજેતરમાં વર્ષના ત્રીજા ગ્રાન્ડ સ્લેમ, વિમ્બલ્ડનની મેચ જોવા ગયો હતો.કોહલીએ T૨૦ આંતરરાષ્ટ્રીય અને ટેસ્ટ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે અને હવે તે ભારત માટે ફક્ત ODIમાં જ રમે છે. ભારતીય ટીમ પણ ઈંગ્લેન્ડના પ્રવાસ પર છે, પરંતુ કોહલી આ દિવસોમાં પોતાના પરિવાર સાથે સમય વિતાવી રહ્યો છે. તેણે કહ્યું કે, મને લાગે છે કે આ અનુભવ (દબાણની પરિસ્થિતિઓમાં) બંને રમતોમાં સમાન હોઈ શકે છે. આપણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના વર્લ્ડ કપ મેચમાં અથવા વર્લ્ડ કપના સેમિફાઈનલ અથવા ફાઈનલમાં ટેનિસ ખેલાડીઓ જેવા દબાણનો સામનો કરીએ છીએ. આ ખેલાડીઓ ક્વાર્ટર ફાઈનલથી ફાઈનલ સુધી ઘણા દબાણનો સામનો કરે છે. હું ટેનિસ ખેલાડીઓનો ખૂબ આદર કરું છું, કારણ કે તેઓ ધીરજથી રમે છે અને તેમની ફિટનેસ અને માનસિક શક્તિ જાળવી રાખે છે.કોહલીએ ઉમેર્યું કે મેચના સતત બદલાતા સ્વભાવને કારણે ક્રિકેટરોને મેદાન પર પોતાના પડકારોનો સામનો કરવો પડે છે. વિવિધ રમતોમાં વિવિધ પડકારો હોય છે. ક્રિકેટમાં એક પડકાર એ છે કે તમારે લાંબા સમય સુધી રાહ જોવી પડે છે. તમે સવારે પ્રેક્ટિસ કરો છો અને પછી પાછા આવીને ડ્રેસિંગ રૂમમાં રાહ જુઓ છો કારણ કે તમને ખબર નથી હોતી કે તમે ક્યારે બેટિંગ કરવાના છો. ટેનિસમાં કદાચ પરિસ્થિતિઓની વધુ સારી સમજ હોય છે. તમે જાણો છો કે તમે કઈ પરિસ્થિતિમાં જઈ રહ્યા છો.

# ખાચાનોવને હરાવી ફ્રિટ્ઝ પ્રથમ વખત વિમ્બલ્ડનની સેમિફાઈનલમાં



વિમ્બલ્ડનના ક્વાર્ટર ફાઈનલમાં મુકાબલામાં ટેલર ફ્રિટ્ઝે કારેન ખાચાનોવને ૬-૩, ૬-૪, ૧-૬, ૭-૬ (૪) હરાવીને પ્રથમ વખત વિમ્બલ્ડન સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ગયા વર્ષે યુએસ ઓપનમાં રનર-અપ રહેનાર અમેરિકન નંબર ૫ ક્રમાંકિત ફ્રિટ્ઝ હવે ફાઈનલમાં સ્થાન મેળવવા માટે બે વખતના ડિફેન્ડિંગ ચેમ્પિયન સ્પેનના કાર્લોસ અલ્કારાઝ અથવા બ્રિટનના બિનક્રમાંકિત કેમ નોરીનો સામનો કરશે.ફ્રિટ્ઝે ૧૭મા ક્રમાંકિત ખાચાનોવ સામે શરૂઆતમાં મોટી લીડ મેળવી હતી. બે સેટમાં ૪૭ સર્વિસ પોઈન્ટમાંથી ૪૦ પોઈન્ટ લીધા અને તે સમયગાળામાં તેને ક્યારેય બ્રેકની તકનો સામનો કરવો પડ્યો નહી. પરંતુ પછી બે વખતના મેજર સેમિફાઈનલમાં સ્થાન મેળવનાર ખાચાનોવે નવમાંથી આઠ ગેમ જીતી હતી. આ દરમિયાન ફ્રિટ્ઝે મેડિકલ ટાઈમઆઉટ લીધો હતો. ખાચાનોવે ચોથા સેટની શરૂઆત કરવા માટે બ્રેક લીધો હતો.

# ઈંગ્લેન્ડ સામેની ચોથી ટી૨૦માં ભારતની સિરીઝ જીતવા પર નજર




ટીમ ઈન્ડિયા આજે માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડ સામે ચોથી ટી૨૦ મેચ રમવાની છે. આ મેચ બંને ટીમો માટે મહત્વપૂર્ણ છે. અત્યાર સુધી બંને ટીમો વચ્ચે ત્રણ ટી૨૦ મેચ રમાઈ છે જેમાં ટીમ ઈન્ડિયા ૨-૧થી આગળ છે. હવે જો ભારતીય ટીમ ચોથી ટી૨૦ જીતી જાય છે, તો તે ઈંગ્લેન્ડની મહિલા ટીમ સામે ઈતિહાસ રચશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે ૧૧ વાગ્યે શરૂ થશે.

ટીમ ઈન્ડિયાએ અત્યાર સુધી ટી૨૦ શ્રેણીમાં એક પણ વાર ઈંગ્લેન્ડને હરાવ્યું નથી. જો હરમનપ્રીતની ટીમ ચોથી ટી૨૦ જીતી જાય છે, તો ભારતીય ટીમ ઈતિહાસ રચશે. ટી૨૦ શ્રેણીમાં અનુભવી ઓપનર સ્મૃતિ મંધાનાએ ટીમ ઈન્ડિયા માટે શાનદાર પ્રદર્શન કર્યું છે. તેણીએ પહેલી મેચમાં આક્રમક બેટિંગ કરીને પોતાની પહેલી ટી૨૦ સદી ફટકારી હતી, જેના કારણે ભારત ૯૭ રનથી જીત્યું હતું. બીજી મેચમાં પણ ટીમ ઈન્ડિયાના તમામ ખેલાડીઓએ સારું પ્રદર્શન કર્યું હતું, જેના કારણે ઈંગ્લેન્ડ મેચ હારી ગયું હતું. ત્રીજી મેચમાં ઈંગ્લેન્ડે શાનદાર વાપસી કરી અને પાંચ રનથી જીત મેળવી હતી.

જ્યાં સુધી ઈંગ્લેન્ડનો સવાલ છે, જો તેમને શ્રેણી બરાબર કરવી હોય, તો તેમના બેટ્સમેનોએ સારું પ્રદર્શન કરવું પડશે. છેલ્લી મેચમાં ઓપનર સોફિયા ડંકલી અને ડેની વ્યાટ-હોજે અડધી સદી ફટકારી હતી અને ટીમ તેમની પાસેથી ફરીથી આવા જ પ્રદર્શનની અપેક્ષા રાખશે.

ભારતીય મહિલા ટીમની સ્પિનર દીપ્તિ શર્મા તેના કરિયરમાં પહેલીવાર ૨૦ રેન્કિંગમાં નંબર વન બોલર બનવાની નજીક પહોંચી ગઈ છે. દીપ્તિ નવીનતમ રેન્કિંગમાં બીજા સ્થાને પહોંચી ગઈ છે અને ટોચની ૨૦ બોલર બનવાની કગાર પર છે. દીપ્તિ છેલ્લા છ વર્ષથી ૨૦ આંતરરાષ્ટ્રીય બોલરોના રેન્કિંગમાં ટોપ-૧૦માં છે, પરંતુ સતત સારું પ્રદર્શન કરવા છતાં, તે અત્યાર સુધી ટોચનું સ્થાન પ્રાપ્ત કરી શકી નથી.

# લોર્ડ્સ ટેસ્ટમાં ૨ પ્લેયર કરશે ડેબ્યૂ! સ્ટાર ખેલાડીની લાંબી રાહનો આવશે અંત?



ટીમ ઈન્ડિયા ભલે બર્મિંગહામ ટેસ્ટ મેચ જીતી ગઈ હોય, પરંતુ કેપ્ટન શુભમન ગિલ અને મુખ્ય કોચ ગૌતમ ગંભીર ૨ ખેલાડીઓના પ્રદર્શનથી બિલકુલ ખુશ નહીં હોય. આ બંને ખેલાડીઓએ મેનેજમેન્ટને ખૂબ નિરાશ કર્યું છે.

જેના કારણે લોર્ડ્સ ટેસ્ટ મેચમાં તેમને ફરીથી તક આપીને મોટું જોખમ લેવામાં આવશે નહીં. આ પરિસ્થિતિમાં ૨ ભારતીય ખેલાડીઓને ત્રીજી મેચમાં ટેસ્ટ ડેબ્યૂ કરવાની મોટી તક મળી શકે છે. આમાંથી એક ખેલાડી લાંબા સમયથી રાહ જોઈ રહ્યો હતો.

ઈંગ્લેન્ડ પ્રવાસ પર પહેલી બે મેચ રમનાર કરુણ નાયરના પ્રદર્શને અત્યાર સુધી નિરાશ કર્યા છે. જ્યારે તે નંબર ૬ પર રમવામાં નિષ્ફળ ગયો, ત્યારે ટીમ મેનેજમેન્ટે તેને નંબર ૩ પર પણ અજમાવ્યો. પરંતુ નાયર નંબર ૩ પર રમવામાં નિષ્ફળ ગયો છે.

આ પરિસ્થિતિમાં ભારતીય ટીમ મેનેજમેન્ટ હવે મોટો ફેરફાર કરી શકે છે. ઈન્ડિયા છની કેપ્ટનશીપ કરીને શાનદાર પ્રદર્શન કરનાર અભિમન્યુ ઈશ્વરનને આખરે ડેબ્યૂ કરવાની તક મળી શકે છે. ઈશ્વરન લાંબા સમયથી ટીમ ઈન્ડિયાનો ભાગ છે, પરંતુ હજુ પણ તેને ડેબ્યૂ કરવાની તક મળી રહી નથી. પરંતુ લોર્ડ્સ સ્ટેડિયમમાં તેને તક મળી શકે છે.

લોર્ડ્સ ક્રિકેટ સ્ટેડિયમની પિચ પર નજર કરીએ તો તે ફાસ્ટ બોલરને મદદ કરશે તેવું લાગી રહ્યું છે. આ પરિસ્થિતિમાં પ્લેઈંગ ૧૧માં ૪ ફાસ્ટ બોલરોને તક મળી શકે છે. બર્મિંગહામ ટેસ્ટ મેચમાં બોલ અને બેટ બંનેથી નિષ્ફળ રહેલા નીતિશ કુમાર રેડ્ડીને પ્લેઈંગ ૧૧ માંથી બહારનો રસ્તો બતાવી શકાય છે. તેના સ્થાને સ્વિંગ બોલર અર્શદીપ સિંહને પ્લેઈંગ ૧૧ માં તક મળી શકે છે. અર્શદીપના રમવાથી ભારતીય ટીમની ફાસ્ટ બોલિંગ વધુ મજબૂત બનશે. પ્રસિદ્ધ કૃષ્ણાની જગ્યાએ જસપ્રીત બુમરાહનું કમબેક પાક્કું છે.

# કેપ્ટન તરીકે ગિલનો હનીમૂન પીરિયડ ચાલી રહ્યો છે : ગાંગુલી





એજબેસ્ટન ટેસ્ટમાં બંને ઈનિંગ્સમાં સદી ફટકારીને ભારતીય ટેસ્ટ ટીમના નવા કેપ્ટન શુભમન ગિલે ઐતિહાસિક રેકોર્ડ સ્થાપિત કર્યા છે. પૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલી ભારતની જીત અને ગિલની બેટિંગથી ખૂબ જ ખુશ છે. ગાંગુલી માને છે કે, ટેસ્ટ કેપ્ટન તરીકે શુભમન ગિલનો હનીમૂન પીરિયડ ચાલી રહ્યો છે. પરંતુ આગામી દિવસોમાં તેના પર વધુ દબાણ રહેશે. ૫૩ વર્ષીય ગાંગુલીએ એ વાત પર ખાસ ભાર મૂક્યો હતો કે, ભારતીય ક્રિકેટ ક્યારેય પ્રતિભાશાળી ખેલાડીઓથી વંચિત રહેશે નહીં. ૫૮૫ રન સાથે ગિલ હવે રાહુલ દ્રવિડના ૨૦૦૨માં (૬૦૨) ઈંગ્લેન્ડમાં શ્રેણીમાં ભારતીય બેટ્સમેન દ્વારા સૌથી વધુ રનના રેકોર્ડને પાર કરવા માટેથી માત્ર ૧૮ રન દૂર છે. ભારતે શાનદાર વાપસી કરીને એજબેસ્ટન ટેસ્ટ ૩૩૬ રનથી જીતીને પાંચ મેચની શ્રેણી ૧-૧થી બરાબર કરી લીધી છે. ગાંગુલીએ પોતાના જન્મદિવસની ઉજવણી દરમિયાન ઈડન ગાર્ડન્સ ખાતે મીડિયાને જણાવ્યું હતું કે, મેં તેને બેટિંગ કરતા જોયો તેમાંથી આ શ્રેષ્ઠ છે અને મને આશ્ચર્ય થયું નથી. મેં અગાઉ કહ્યું હતું કે ભારતીય ક્રિકેટમાં દરેક પેઢીમાં તમને ખેલાડીઓ મળશે. જ્યારે પણ કોઈ ખાલી જગ્યા હશે, ત્યારે ખેલાડીઓ આવીને તેને ભરશે. ભારતીય ક્રિકેટમાં ઘણી પ્રતિભા છે.

મહાન સુનીલ ગાવસ્કર, કપિલ દેવ, સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ, અનિલ કુંબલે અને વિરાટ કોહલી પછી હવે ગિલ, યશસ્વી જયસ્વાલ, આકાશ દીપ, મુકેશ કુમાર, મોહમ્મદ સિરાજ. દરેક પેઢીમાં જ્યારે પણ કોઈ ખાલી જગ્યા હશે, ત્યારે તેઓ આવીને તેને ભરશે. મેં હંમેશા એવું કહ્યું છે. વાતચીત દરમિયાન ગાંગુલીએ ભવિષ્યમાં ભારતના મુખ્ય કોચ બનવાનો સંકેત આપ્યો હતો.મહત્વનું છે કે, પહેલી વાર ભારતનું નેતૃત્વ કરતા ગિલે અત્યાર સુધીમાં બે મેચમાં ત્રણ સદી (એક ડબલ સહિત) ફટકારી છે, અને ૧૪૬.૨૫ની એવરેજથી ૫૮૫ રન બનાવી ચૂક્યો છે. બર્મિંગહામમાં ૨૬૯ અને ૧૬૧ રનના સ્કોરે તેને અનેક રેકોર્ડ તોડવામાં મદદ કરી હતી. જેમાં ભારતીય બેટ્સમેન દ્વારા સૌથી વધુ મેચ એગ્રીગેટનો પણ સમાવેશ થાય છે. હજુ ત્રણ ટેસ્ટ બાકી છે ત્યારે વધુ રેકોર્ડ તૂટવાની રાહ જોવાઈ રહી છે. ગિલ ટેસ્ટ શ્રેણીમાં કેપ્ટન તરીકે સૌથી વધુ રન બનાવવાનો ડોન બ્રેડમેનનો ૮૮ વર્ષ જૂનો રેકોર્ડ તોડવાની કતારમાં છે. ૧૯૩૬-૩૭ની એશિઝમાં બ્રેડમેને પાંચ ટેસ્ટમાં ૮૧૦ રન બનાવ્યા હતા, જેમાં ત્રણ સદી સામેલ હતી. ગિલ આ આંકડાથી માત્ર ૨૨૫ રન દૂર છે.

# બુમરાહની એન્ટ્રી થતાં જ ટીમ ઈન્ડિયામાંથી પ્રસિદ્ધ કૃષ્ણાનું કપાશે પત્તું




બર્મિંઘમ ટેસ્ટમાં જીત બાદ ભારતે એન્ડરસન-તેંડુલકર સીરિઝમાં ૧-૧થી બરાબર કરી લીધી છે. સીરિઝની ત્રીજી મેચ લંડનના ઐતિહાસિક લોર્ડ્સમાં રમાશે. આ મેચ માટે ભારતના પ્લેઈંગ ઈલેવનમાં ફેરફાર નક્કી છે. ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ વાપસી કરવા જઈ રહ્યો છે, પરંતુ આ સિવાય પણ કેટલાક ફેરફારો થઈ શકે છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન માઈકલ ક્લાર્કે કહ્યું કે, ત્રીજી ટેસ્ટ માટે પ્લેઈંગ ઈલેવન પસંદ કરવું એ ભારત માટે મોટો માથાનો દુઃખાવો છે. તેણે ઓલરાઉન્ડર નીતિશ રેડ્ડીની ભૂમિકા અંગે વાત કરી.

નીતિશ કુમાર રેડ્ડી લીડ્સ ટેસ્ટ નહોતો રમ્યો. ત્યારબાદ તેને એજબેસ્ટનમાં તક આપવામાં આવી. તેણે બંને ઈનિંગ્સમાં માત્ર ૨ જ રન બનાવ્યા અને માત્ર ૬ ઓવર બોલિંગ કરી. રેડ્ડીને એક પણ વિકેટ નહોતી મળી. માઈકલ ક્લાર્કે પોતાના પોડકાસ્ટ પર કહ્યું, 'મારે જાણવું છે કે, તેઓ નીતિશ કુમાર રેડ્ડી સાથે શું કરે છે. શું તેઓ તેને ટીમમાં રાખશે? આ મેચમાં તેની પાસે કરવા માટે વધુ કંઈ નહોતું. આપણે જોયું કે તે ઓસ્ટ્રેલિયન પરિસ્થિતિમાં શું કરી શકે છે. તે ચોક્કસપણે કેટલાક મહત્વપૂર્ણ રન બનાવી શકે છે. જો જરૂર પડે તો, તે કેટલીક ઉપયોગી ઓવર પણ ફેંકી શકે છે. ટીમ તેના વિશે વિચારશે.'એજબેસ્ટન ટેસ્ટ બાદ શુભમન ગિલે સ્પષ્ટ કરી દીધું હતું કે, જસપ્રીત બુમરાહની લોર્ડ્સમાં વાપસી થશે. આવી સ્થિતિમાં એક પેસરનું બહાર થવું નક્કી છે. સિરાજ અને આકાશદીપ બંનેએ ખુદને સાબિત કર્યા છે, આવી સ્થિતિમાં પ્રસિદ્ધ કૃષ્ણાનું બહાર થવું નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે. આ અંગે ક્લાર્કે કહ્યું કે, મને લાગે છે કે બુમરાહની વાપસીથી બોલિંગના મામલે પ્રસિદ્ધ કૃષ્ણા માટે ટીમમાં રહેવું મુશ્કેલ બનશે. મને લાગે છે કે બુમરાહની વાપસી માટે તેને આરામ આપવામાં આવશે અથવા રોટેટ કરવામાં આવશે.

# બીજી ટેસ્ટ મેચમાં ઝિમ્બાબ્વેનો કારમી હાર, સાઉથ આફ્રિકાએ ઈતિહાસમાં મેળવી ત્રીજી સૌથી મોટી જીત

ઝિમ્બાબ્વે અને સાઉથ આફ્રિકા વચ્ચે બે મેચની ટેસ્ટ સિરીઝની બીજી મેચ બુલાવાયોમાં રમાઈ હતી. આ મેચમાં સાઉથ આફ્રિકાએ વિઆન મુલ્ડરના શાનદાર ઓલરાઉન્ડ પ્રદર્શનના આધારે ઝિમ્બાબ્વેને એક ઈનિંગ અને ૨૩૬ રનથી હરાવ્યું હતું. આ સાઉથ આફ્રિકા માટે તેમના ટેસ્ટ ઈતિહાસમાં ત્રીજી સૌથી મોટી જીત છે. આ ટીમનો ટેસ્ટમાં સતત ૧૦મો વિજય છે.



આ મેચમાં ઝિમ્બાબ્વેએ ટોસ જીતીને સાઉથ આફ્રિકાને પહેલા બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. પહેલા બેટિંગ કરતા આફ્રિકન ટીમે ૫ વિકેટ ગુમાવીને ૬૨૫ રન પર ઈનિંગ ડિકલેર કરી હતી. ટીમ માટે કેપ્ટન વિઆન મુલ્ડરે ત્રેવડી સદી ફટકારી હતી. તે ૩૬૭ રન બનાવીને અણનમ પરત ફર્યો હતો. તેના સિવાય ડેવિડ બેડિંગહામે ૮૨ અને લુઆન-ડ્રે પ્રિટોરિયસે ૭૮ રનનું યોગદાન આપ્યું હતું.

જેના જવાબમાં ઝિમ્બાબ્વેની પહેલી ઈનિંગ ૧૭૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ પછી ફોલો-ઓન રમતી વખતે યજમાન ટીમ બીજી ઈનિંગમાં ૨૨૦ રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. આફ્રિકન ટીમ તરફથી પ્રેનેલન સુબ્રાયને પહેલી ઈનિંગમાં સૌથી વધુ ૪ વિકેટ લીધી હતી.

ઝિમ્બાબ્વેની બેટિંગ બંને ઈનિંગમાં ખૂબ જ ખરાબ રહી હતી. પહેલી ઈનિંગમાં વિલિયમ્સ સિવાય કોઈ પણ બેટ્સમેન મોટી ઈનિંગ રમી શક્યો ન હતો. ટીમના ૫ બેટ્સમેન બે આંકડાને પણ સ્પર્શી શક્યા ન હતા. બીજી ઈનિંગમાં પણ ઝિમ્બાબ્વેના બેટ્સમેનોની હાલત ખૂબ જ ખરાબ હતી. પરંતુ આ વખતે નિક વોલ્ચે અડધી સદીની ઈનિંગ રમી અને તે ૫૫ રન બનાવીને આઉટ થયો. આ સિવાય કેપ્ટન ઈર્વિન ૪૯ રન અને તાકુડ્ઝવાનાશે કૈટાનો ૪૦ રન પણ પોતાની તરફથી પ્રયાસ કર્યો, પરંતુ તેઓ ટીમને ઈનિંગની હારથી બચાવી શક્યા નહી.

આ મેચમાં આફ્રિકન કેપ્ટન વિઆન મુલ્ડરે ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસમાં બીજી સૌથી ઝડપી ત્રેવડી સદી ફટકારી હતી. તેને ૨૯૭ બોલમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. તમને જણાવી દઈએ કે ટેસ્ટમાં સૌથી ઝડપી ત્રેવડી સદી ફટકારવાનો રેકોર્ડ વીરેન્દ્ર સેહવાગના નામે છે, તેને ૨૦૦૭-૦૮માં સાઉથ આફ્રિકા સામે ૨૭૮ બોલમાં ત્રેવડી સદી ફટકારી હતી. મુલ્ડર કેપ્ટનશીપ ડેબ્યૂમાં ત્રેવડી સદી ફટકારનાર પહેલો બેટ્સમેન બન્યો છે. વિઆન મુલ્ડરે બોલિંગ તેમજ બેટિંગમાં શાનદાર પ્રદર્શન કર્યું. ત્યાં તેને બંને ઈનિંગમાં કુલ ૩ વિકેટ લીધી. તેને સિરીઝની પહેલી મેચમાં ૧૪૭ રનની ઈનિંગ પણ રમી. બંને મેચમાં તેના ઉત્તમ પ્રદર્શન માટે તેને પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ મળ્યો.

# બ્રિજ તૂટી પડવાની ઘટના પર ઈસુદાન ગઢવીએ સરકાર પર કર્યા આકરા પ્રહાર

## આપના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ મુખ્યમંત્રીનું રાજીનામું માંગ્યું

સુરત, તા.૯

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ફરી એકવાર મોટી દુર્ઘટના ઘટી છે અને આ દુર્ઘટના માનવસર્જિત દુર્ઘટના છે. સૌરાષ્ટ્રથી મધ્ય ગુજરાતની જોડતો બ્રિજ જે પાદરાના મુંજપરા ખાતે આવેલો ગંભીરા બ્રિજ છે એ તૂટી પડ્યો છે અને આ ઘટનાના કારણે બ્રિજ પરથી પસાર થતા ચાર વાહનો નદીમાં ખાબકી પડ્યા છે. હાલના સમાચાર પ્રમાણે બે લોકોના મોત થયા છે અને ત્રણ લોકોને રેસ્ક્યુ કરાયા છે. મૃતકોની આત્માને ભગવાન શાંતિ આપે અને ઘાયલો તુરંત સ્વસ્થ થાય તેવી મારી પ્રાર્થના છે. પરંતુ આમ આદમી પાર્ટીના સૈનિક તરીકે હું ભાજપને સવાલ પૂછવા માંગુ છું કે ટેક્સ જનતા ભરે છે અને આ ટેક્સ એટલા માટે ભરવામાં આવે છે કે તમે જનતાને સુરક્ષા આપો અને વ્યવસ્થા આપો. તો આજે ટેક્સ રૂપે નાણાં સરકારને આપવામાં આવે છે તે નાણા તમે ભ્રષ્ટાચાર કરીને ખાઈ જાવ છો. અને ટેક્સના આટલા રૂપિયા આપ્યા બાદ પણ જનતા મરી રહી છે. જનતા ક્યાં સુધી ભાજપના ભ્રષ્ટાચારનો ભોગ બનતી રહેશે? આજે ગુજરાતમાં બ્રિજની ઉપરથી નીકળવું કે નીચેથી નીકળવું એ વિચારીને પણ લોકોને અસલામતી મહેસુસ થઈ રહી છે. ભાજપે આ કેવું ગુજરાત બનાવ્યું છે? બ્રિજના બ્રિજ તૂટી જાય અને એ પણ બ્રિજના બે ટુકડા થઈ જાય એ રીતની ઘટનાઓ ઘટી રહી છે. એક તો ભ્રષ્ટાચાર કર્યા અને બ્રિજ જર્જરીત બન્યો અને જો બ્રિજ ખરાબ હતો અને જર્જરીત બન્યો હતો તો એ બ્રિજ પરનો વાહન વ્યવહાર બંધ કેમ ન કરાવ્યો? આજે આવા તમામ સવાલો સરકારની સામે ઊભા થઈ રહ્યા છે. અમે આ મુદ્દા પર નિષ્પક્ષ તપાસની માંગ કરી રહ્યા છીએ. ભવિષ્યમાં કોઈ પણ નાગરિકની આ રીતે મોત ન થાય તેની તકેદારી રાખવાની અમે માંગ કરી રહ્યા છીએ. મુખ્યમંત્રીને અમે કહેવા માંગીએ છીએ કે માત્ર ભોળપણથી રાજ્ય નથી ચાલતું અને જો તમે આ રાજ્ય ચલાવવા માટે સક્ષમ ન હોવ તો તમે રાજીનામું આપી દો. કારણ કે લોકો તમારા રાજમાં મરી રહ્યા છે. તમારા ભ્રષ્ટાચારના કારણે અને તમારા આંખ આડા કાનના કારણે લોકો મરી રહ્યા છે. તમારી ૧૬૮ સીટો આવી એટલે તમને એમ છે કે વિપક્ષ છે જ નહીં, વિપક્ષ વગરનું ગુજરાત બન્યું છે, એટલા માટે તમને શાંતિ મળી ગઈ છે? આમ આદમી પાર્ટીના સૈનિકો આ મુદ્દા પર આગામી સમયમાં રસ્તા પર ઉતરશે અને ન્યાયની માંગણી કરશે.



# તક્ષશિલા વિદ્યાલયમાં ગૌરીવ્રત તથા ગુરૂપૂર્ણિ પર્વની ઉજવણી

## પૂર્વ પ્રાથમિક વિભાગના બાળકોને તહેવારોનું મહત્વ સમજાવાયું

અંકલેશ્વર, તા.૯

અંકલેશ્વરથી તક્ષશિલા વિદ્યાલય નવા બોરભાઠામાં પૂર્વ પ્રાથમિક વિભાગમાં શિક્ષકો તથા બાળકો દ્વારા ગૌરીવ્રત અને ગુરુપૂર્ણિમાની ઉજવણી ખૂબ ઉત્સાહ પૂર્વક કરવામાં આવી. પૂર્વ પ્રાથમિક વિભાગના શિક્ષકો દ્વારા બાળકોને ગુરુપૂર્ણિમાનું મહત્વ સમજાવ્યું હતું. વેદવ્યાસ એ સમાજના સાચા ગુરુ હતા, તે પરથી વ્યાસ પૂજાએ ગુરુપૂર્ણિમા તરીકે ઉજવાય છે. ગુરુ એ દિવ્ય જ્યોતિ છે, જે આપણા જીવનમાં પ્રકાશ ફેલાવે છે. ગુરુ આપણને અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશમાં લાવે છે. ગૌરીવ્રત નિમિત્તે બાળકોમાં ઉત્સવ વધે તે હેતુસર મહેંદી સ્પર્ધા, હેર સ્ટાઈલ અને ફેન્સી ડ્રેસ વેશભૂષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ અલગ અલગ વેશ પરિધાન કરીને આવ્યા હતા. નાની બાળાઓએ ગોરમાની ટોપલીનું શ્રદ્ધાપૂર્વક પૂજન કરી શિવ ભગવાન પાસે આશીર્વાદ માંગ્યા હતા. સ્પર્ધામાં ભાગ લીધેલ પ્રથમ ત્રણ નંબર આવનાર વિદ્યાર્થીઓને ઈનામ અને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમને પ્રોત્સાહિત કરવા શાળાના પ્રમુખ ગુમાનભાઈ પટેલ સાહેબ, ચેરમેન વિમલભાઈ પાઠક સાહેબ આચાર્ય ઘનશ્યામભાઈ પટેલ સાહેબ, શૈક્ષણિક માર્ગદર્શક પી.બી પટેલ સાહેબ તથા શિક્ષક મિત્રોએ ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સવ વધાર્યો હતો.

# સુરતના ૧૮૯ નવનિયુક્ત શિક્ષણ સહાયકોને નિમણૂકપત્રો એનાયત કરાયા

## સમગ્ર રાજ્યમાં પારદર્શી રીતે ભરતી પ્રક્રિયા કરવા બદલ શિક્ષણ વિભાગને અભિનંદન પાઠવતા શહેર સંગઠન પ્રમુખ પરેશ પટેલ

સુરત, તા.૯

રાજ્યના શિક્ષણ વિભાગ, કમિશનર શાળાઓની કચેરી- ગાંધીનગરની પ્રેરણાથી સુરત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા બિનસરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી- ૨૦૨૫ અંતર્ગત પસંદગી પામેલા સુરત જિલ્લાના ૧૮૯ શિક્ષણ સહાયકોને નિમણૂકના હુકમો એનાયત કરવામાં આવ્યા હતા. નિવાસી અધિક કલેક્ટર શ્રી વિજય રબારી, શહેર સંગઠન પ્રમુખશ્રી પરેશ પટેલ, સંયુક્ત માહિતી નિયામકશ્રી અમિત ગઢવી, જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભગીરથસિંહ પરમારના હસ્તે ઉચ્ચત્તર માધ્ય.શાળાઓના નવનિયુક્ત શિક્ષણ સહાયકોને ગુરૂકૃપા વિદ્યાસંકુલ-ઉધના ખાતે આયોજિત સમારોહમાં અપોઈન્ટમેન્ટ ઓર્ડરનું હાથોહાથ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટરશ્રી વિજય રબારીએ શિક્ષણની નવી યાત્રા શરૂ કરી રહેલા ૧૮૯ શિક્ષણ સહાયકોને અભિનંદન પાઠવતા જણાવ્યું કે, નવી નિમણૂક પામેલા યુવા શિક્ષકો સિલેબસ સેન્ટ્રીક- માત્ર અભ્યાસક્રમ પૂરો કરવા પર જ નિર્ભર ન રહે પણ આઉટ ઓફ ધ બોક્સ જઈને વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે કાર્ય કરે, વિદ્યાર્થીઓને સ્કીલ્ડ બનાવે, સભ્ય નાગરિક બનાવવાની ફરજ પણ નિભાવે. નવા શિક્ષકોથી જિલ્લાની શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા અને કાર્યક્ષમતા વધશે એવી આશા તેમણે વ્યક્ત કરી હતી. સમગ્ર રાજ્યમાં પારદર્શી રીતે ભરતી પ્રક્રિયા કરવા બદલ શિક્ષણ વિભાગને અભિનંદન પાઠવી શહેર સંગઠન પ્રમુખશ્રી પરેશ પટેલે કહ્યું કે, ભણવા સાથે ગણવું પણ જરૂરી છે. નવનિયુક્ત શિક્ષકો વિદ્યાર્થીઓને વિદ્યાદાન આપતી વખતે ભણતર સાથે ગણતરને મહત્વ આપે. શિક્ષકો વિદ્યાર્થીઓના ઘડતરમાં મહત્વનું યોગદાન આપે છે, એટલે સમાજહિતમાં શિક્ષકોની જવાબદારી પણ વધે છે એમ જણાવી નવનિયુક્ત શિક્ષકોને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવા માટે પ્રેરિત કર્યા હતા. જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભગીરથસિંહ પરમારે જણાવ્યું કે, ગત વર્ષે સુરત જિલ્લામાં ૧૫ નવી સરકારી શાળાઓ શરૂ થઈ છે, તેમજ ભવિષ્યમાં પણ વધુ નવી સરકારી શાળાઓ કાર્યરત થાય તેવું શિક્ષણ વિભાગનું આયોજન છે. સુરત જિલ્લાનું શિક્ષણનું સ્તર ખૂબ ઉંચું છે. જિલ્લાના વિદ્યાર્થીઓ સખ્ત પરિશ્રમથી ગુજરાતભરમાં સુરતનું નામ રોશન કરી રહ્યા છે. ગત વર્ષમાં જિલ્લાની ૨૪૨ શાળાઓનું રિઝલ્ટ ૧૦૦ ટકા આવ્યું છે. દર વર્ષે રાજ્યભરમાંથી સુરતના સૌથી વધુ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરે છે, જે એક ગૌરવપ્રદ સિદ્ધિ છે. ગ્રાન્ટેડ શાળાઓનો વિકાસ થાય તેમજ પારદર્શક ભરતી દ્વારા દરેક ઉમેદવારને સમાન ન્યાય મળે તે માટે રાજ્ય સરકાર, શિક્ષણ વિભાગ કટિબદ્ધ છે એમ શ્રી પરમારે ઉમેર્યું હતું. આ પ્રસંગે ડીઈઓ કચેરીના વહીવટી અધિકારીશ્રી નરેશ જોષી, સુરત જિલ્લાની ભરતી પ્રક્રિયાના નોડલ ઓફિસર અને શિક્ષણ નિરીક્ષકશ્રી એચ.બી.બારોટ, શિક્ષણ નિરીક્ષક સર્વશ્રી ડો.સંગિતા મિસ્ત્રી, એન.જી.વસાવા, તેજલ રાવ, મદદનીશ શિક્ષણ નિરીક્ષકો અને નવનિયુક્ત શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.



# મંદ બુદ્ધિના બાળકોને રમત-ગમત માટેની કીટનું વિતરણ

## ભઆરતીય જૈન સંઘટના અંકલેશ્વર અને રોટરી ક્લબના સંયુક્ત ઉપક્રમે પ્રેરણાત્મક કાર્યક્રમ

અંકલેશ્વર, તા.૯

અસ્મિતા વિકાસ કેન્દ્ર ભરૂચ સંસ્થામાં ભારતીય જૈન સંઘટના અંકલેશ્વર અને રોટરી ક્લબના સંયુક્ત ઉપક્રમે મંદબુદ્ધિના બાળકો માટે એક કલ્યાણકારી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંસ્થાના આશરે સો જેટલા બાળકો સાથે સુનિશ્ચિત સહભાગિતા સાથે ઉત્કૃષ્ટ કાર્યક્રમ રાખવામાં આવેલો હતો. જેમાં ભારતીય જૈન સંઘટનાના પ્રમુખ શ્રી મહાવીર જૈન, રોટરી ક્લબના પ્રમુખ શ્રી ભાવેશ હરિયાણી, જૈન સંઘટનાના સેક્રેટરી શ્રી પરેશ જૈન, રોટરી ક્લબના સેક્રેટરી શ્રી અક્ષર મહેતા સાથે અન્ય સભ્યોએ હાજરી આપી હતી. આ પ્રકારના બાળકોને પણ વિકાસની એક અલગ તક આપીને એમના ઉત્સાહમાં વધારો કરવાનો અમારો મુખ્ય હેતુ હતો. એમના અધિકારોનું રક્ષણ કરવા માટે તેમને સંપૂર્ણ સહભાગિતા પૂરા પાડવા માટેની એક પહેલ છે કે સમાજમાં તેમનો સમાવેશ થઈ શકે. આ બાળકોને એક મુવી નિદર્શન કરવામાં આવ્યું હતું તારે જમીન પર, મુવીના નિદર્શનનો એક અદભુત અલગ પ્રકારનો આનંદ આ બાળકોએ માણ્યો હતો. તેમને નાસ્તો કરાવીને વિવિધ પ્રકારની સહેલાઈથી રમી શકાતી રમતોની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રકારની રમતો અને યૌગિક ક્રિયાઓએ આ બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. તમામ પ્રકારના ભેદભાવના વલણોનો છેદ ઉડે તથા સમાન તકો પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરે તે પ્રકારની વિશિષ્ટ વ્યવસ્થા અમારા દ્વારા કરવામાં આવી હતી. અસ્મિતા વિકાસ કેન્દ્રના શ્રી મનીષાબેન ત્રિવેદી તથા તેમની ટીમને સત સત નમન કે જેવો ખૂબ સરસ પ્રેરણારૂપ કાર્ય કરી રહ્યા છે અને આપણા સમાજ માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. અમે સૌ હૃદયપૂર્વક એમનો આભાર માનીએ છીએ. આ બાળકો સાથે અનુસંધાન કરી, સમાનતાની તક પૂરી પાડવાની અમને જે તક મળી તે માટે અમે ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

## કામરેજથી રેશમા અર્જુનભાઈ રાઠોડ ગુમ

સુરત, તા.૯

બારડોલીપોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર,તા.૨૭/૦૬/૨૦૨૫ ના રોજ ખાનપુર ગામ, ટાંકી ફળિયું, કામરેજ, ખાતે રહેતાઅર્જુનભાઈ રાઠોડના૧૩ વર્ષીય પુત્રીરેશમા રાઠોડગુમ થયા છે.તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે શ્યામવર્ણ અને ઊંચાઈ ૪.૫ ફૂટ છે. તેમણેસફેદ ચોકડીવાળું શર્ટ અને બ્લૂ જીન્સ પહેર્યાછે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવાબારડોલીપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## પલસાણાથી નીતુકુમારી ચૌધરી ગુમ

સુરત, તા.૯

કડોદરાપોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૨/૦૬/૨૦૨૫ના રોજકડોદરા, ગબ્બર માતા વાળી ગલી, અન્નપુર્ણા હોટલની પાછળ, પલસાણા (મૂળ રહે. ગામ-દનગાઈ, પોસ્ટ-દનગાઈ, થાના-વિક્રમગંજ, જી.રોહતાસ, બિહાર), ખાતે રહેતા રાકેશકુમાર ચૌધરીના ૨૩વર્ષીય પત્નીનીતુકુમારી ચૌધરીગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૪.૫ ફૂટ છે. તેમણેસફેદડ્રેસ અને બ્લૂલેંગીશ પેન્ટપહેર્યાછે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવા કડોદરાપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# કડોદરામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડ મરામતની કામગીરી શરૂ

## અસરગ્રસ્ત રસ્તાઓનું રિપેરીંગ, રિસર્ફેસિંગ, મેટલવર્ક યુધ્ધના ધોરણે હાથ ધરાયું



સુરત, તા.૯

સુરત શહેર-જિલ્લામાં ભારેથી અતિ ભારે સાર્વત્રિક વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત રસ્તાઓના રિપેરીંગ, રિસર્ફેસીંગ, મેટલવર્ક યુધ્ધના ધોરણે હાથ ધરાયું છે. જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના માર્ગદર્શનહેઠળમાર્ગ અને મકાન વિભાગની પેટા વિભાગ નં-૨, સુરતનાકાર્યપાલક ઈજનેર નલિન પટેલ અનેનાયબ કાર્યપાલક ઈજનેર જયદીપ પટેલદ્વારા કડોદરા સ્થિત વરેલી ગામ પાસેના કડોદરા-સુરત રોડ પર વરસાદમાં અસર પામેલ રોડનું પેવર બ્લોક દ્વારા પેચ વર્ક કરી રસ્તાઓનું રિપેરીંગ કામ હાથ ધરવામાં આવ્યું હતું. સુરત-કડોદરા-બારડોલી રોડ (Discarded NH-06), સુરત શહેર અને કડોદરા તથા બારડોલી સાથે તેમજ એનએચ-૪૮ ને જોડતો અગત્યનો રોડ છે. કડોદરા વિસ્તારમાં અનેક ટેક્સટાઈલ ઔદ્યોગિક એકમો કાર્યરત છે. અહીં GIDC વિસ્તારમાંથી રોડ પસાર થયો હોવાથી દિવસ દરમિયાન ભારે વાહનો, કાચા માલ-માલસામાનના ટ્રક તથા હજારો કામદારો અવરજવર કરે છે. સૌથી વ્યસ્ત રોડનું મરામત કામ થતા વાહનચાલકોને રાહત થઈ છે.

### પાદરામાં

પહેલા પાનાનું ચાલુ

પ્રાથમિક માહિતી પ્રમાણે વાહનો સાથે ખાબકેલા લોકોમાંથી બેના ડુબી જવાથી મોત નિપજયા હતા. ત્રણ ઈજાગ્રસ્ત માલુમ પડતા હોસ્પીટલો ખસેડાયા હતા. ત્રણને રેસ્કયુ કરાયા હતા. વધુ વાહનો કે લોકો છે કે કેમ તે વિશે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પુલ તૂટવાની દુર્ઘટનાને પગલે બ્રીજની બન્ને બાજુ વાહનોની કતારો સાથે ટ્રાફીક જામ સર્જાયો હતો. મોડે-મોડે પહોંચેલા તંત્ર દ્વારા વૈકલ્પિક માર્ગ શરૂ કરાવવાની કવાયત કરવામાં આવી હતી.

ચોમાસાના પ્રારંભે જ રાજયભરમાં શહેરીથી માંડીને હાઈવે સુધીના રસ્તા ભાંગી તૂટી ગયા છે. પ્રચંડ જનઆક્રોશને પગલે સરકાર દ્વારા તત્કાળ રીપેરીંગ શરૂ કરાવવામાં આવ્યુ જ છે તેવા સમયે હવે બ્રીજ તૂટતા રોષ ભભુકી ઉઠયો છે.

### નદીમાંથી

પહેલા પાનાનું ચાલુ

અમારો સમાજ માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલો છે. તેઓએ બે ટ્રક, એક ઈકો, એક પિકઅપ, એક સીએનજી અને બે બાઈક સવારોને નીચે પટકાતા જોયા હતા. તેઓ તરત જ ત્યાં પહોંચ્યા અને એક લાશ દેખાતા તેને બહાર કાઢી જમા કરાવી. અત્યાર સુધીમાં આશરે ૭-૮ મૃતદેહો બહાર કાઢ્યા છે, અને એક લાશ હજી બાઈક સાથે પાણીમાં ફસાયેલી છે. ઉપરાંત, એક મોટી આઈસર ટ્રકની અંદર એક જાડા માણસનો મૃતદેહ દેખાય છે, પરંતુ તેની બારી ન ખુલતા તેને બહાર કાઢવો મુશ્કેલ બન્યો છે. જે વાહનો નીચે પડ્યા તેમાંથી મોટાભાગના લોકોનો જીવ બચી શક્યો નથી. જોકે, એક મહિલા અને બગદાણા બાધા માટે જઈ રહેલો એક છોકરો જીવતો બહાર નીકળ્યો છે.

આ દુર્ઘટનાના પ્રત્યક્ષદર્શી, નવાપુરાના ૨૫ વર્ષીય સંજયભાઈ સોમાભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, તેઓ બાઈક લઈને કંપનીમાં જઈ રહ્યા હતા ત્યારે અચાનક બ્રેક મારવી પડી, કારણ કે પુલ એકદમ તૂટી પડ્યો હતો. તેમણે કહ્યું કે, 'પાંચ-છ વાહનો પડી ગયા, અમે બ્રેક મારી એટલે બચી ગયા. પુલના બે ભાગ તૂટ્યા, ખાસ કરીને આગળનો ભાગ તૂટ્યો. અમે બાઈક પરથી કૂદી ગયા અને અમારું બાઈક ત્યાં ધાર પર જ છે.' તે સમયે લાગ્યું કે જાણે ધરતીકંપ થઈ રહ્યો હોય તેવો માહોલ હતો. આ દુર્ઘટનામાં એક રિક્ષા, બાઈક અને ગાડી પુલ પરથી નીચે પડ્યા હતા, પરંતુ સંજયભાઈ અને બાઈક પર સવાર તેમના ત્રણ મિત્રો અને અન્ય લોકો મળીને કુલ પાંચ-છ લોકોનો આબાદ બચાવ થયો હતો.

### હદની

પહેલા પાનાનું ચાલુ

આ અપરાધ અમારી હદમાં બન્યો નથી તેવું કહીને પીડીતને પરેશાન થાય તેવું કરે છે અથવા ત્યાં સુધીમાં અપરાધીઓને નાસી છુટવાની વગેરેની તક મળી જાય છે તે હવે કરી શકાશે નહી. અને તેની સાથે તાત્કાલીક કાર્યવાહીની જરૂર હોય તો તે પણ કરવાની રહેશે.

આ પ્રકારના મામલામાં ફરીયાદી કે ભોગ બનનારની ફરીયાદ જે તે પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર થાય તે રાહ જોવાની રહેશે નહીં. પોલીસની છબી લોકોના મદદગાર તરીકે કરવા માટે સરકારે આ પ્રકારે નિયમોને આકરી રીતે જણાવ્યું છે અને તેનો મુખ્ય હેતુ પીડીતને મદદ કરવાનો રહેશે.

ખાસ કરીને ગંભીર મામલાઓમાં પોલીસ સ્ટેશનની હદ આ તાત્કાલીક તપાસમાં વિઘ્ન બનશે નહી. જે નવી પ્રક્રિયા નિશ્ચિત કરાઈ છે તેમાં તમામ પોલીસ સ્ટેશનને એ તાકીદ કરાઈ છે. કે જે અપરાધમાં તાત્કાલીક કાર્યવાહીની જરૂર હોય તો તેને એકશનમાં આવવું પડશે અને જો પીડીતને કોઈ તબીબી સહિતની મદદની પણ જરૂર હોય તે કરવાની રહેશે અને તેનો રેકોર્ડ રાખવાનો રહેશે.

આ ઉપરાંત પોલીસ સદભાવના રૂપે પણ આ પ્રકારે પીડીતને મદદ કરી શકશે. અને તેમાં પોલીસ સ્ટેશનની હદ મર્યાદા રહેશે નહી અને જે તે સમયે એફઆરઆઈ નોંધીને સંબંધીત પોલીસ સ્ટેશનને તાત્કાલીક જાણ કરવાની રહેશે.

મહત્વપૂર્ણ એ છે કે, ભારતીય ન્યાય આચાર સંહિતાની ધારા ૧૭૩ (૩) મુજબ કોઈ પણ અપરાધ કે જેમાં સજા ત્રણ વર્ષથી વધુ અને ૭ વર્ષની ઓછી હોય તેમાં જે તે પોલીસ અધિકારી તેના ઉપરી એટલે કે પોલીસ અધિક્ષકની નીચેની રેન્કના ન હોય તેની મંજૂરીથી તપાસ કરી શકશે. અને તે ૧૪ દિવસમાં પૂરી કરવાની રહેશે અને એ નિશ્ચિત કરવાનું રહેશે કે વધુ કાર્યવાહીની જરૂર છે કે નહી.

### પટનામાં

પહેલા પાનાનું ચાલુ

સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. જહાનાબાદમાં પણ મહાગઠબંધનના નેતાઓએ મેમુ પેસેન્જર ટ્રેન રોકી અને સૂત્રોચ્ચાર કર્યા. થોડા સમય પછી, પોલીસે બધાને ટ્રેક પરથી હટાવ્યા. દરભંગામાં, વિરોધીઓએ નમો ભારત ટ્રેનને અટકાવી.

પટનાના માનેરમાં NH-૩૦ બંધ કરવામાં આવ્યો હતો. નેતાઓએ આગ ચાંપી વિરોધ કર્યો હતો. CPI(ML)ના નેતૃત્વમાં આરા-સાસારામ મુખ્ય માર્ગ બંધ કરવામાં આવ્યો હતો. આ કારણે સેંકડો વાહનો જામમાં ફસાઈ ગયા હતા.

### નામિબિયામાં

પહેલા પાનાનું ચાલુ

૨ જુલાઈથી ૧૦ જુલાઈ સુધીની તેમની ૫ દેશોની મુલાકાતનો એક ભાગ છે, જેમાં ઘાના, ત્રિનિદાદ અને ટોબેગો, આર્જેન્ટિના, બ્રાઝિલ અને નામિબિયાનો સમાવેશ થાય છે. નામિબિયા હીરા, યુરેનિયમ, તાંબુ, ફોસ્ફેટ અને અન્ય ખનિજોથી સમૃદ્ધ દેશ છે.

પીએમ મોદી પહેલા, તત્કાલીન વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી ૧૯૯૮માં નામિબિયાની મુલાકાતે ગયા હતા. ૧૯૯૦ની શરૂઆતમાં, તત્કાલીન વડા પ્રધાન વી પી સિંહ, ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધી અને ઘણા ઉચ્ચ કક્ષાના નેતાઓએ નામિબિયાના સ્વતંત્રતા દિવસ પર તેની મુલાકાત લીધી હતી.

નામિબિયામાં દરિયાઈ હીરાનો સૌથી મોટો જથ્થો, ભારતને ડાયરેક્ટ આપતું નથી નામિબિયામાં દરિયાઈ હીરાનો વિશ્વનો સૌથી મોટો ભંડાર છે. અહીં સમુદ્રની નીચે ૮૦ મિલિયન કેરેટથી વધુ હીરા છે. જોકે, નામિબિયા ભારતમાં ડાયરેક્ટ કાચા હીરાની નિકાસ કરતું નથી.

તેના બદલે, તેઓ લંડન, એન્ટવર્પ અને અન્ય વૈશ્વિક વેપાર કેન્દ્રો દ્વારા ભારતીય કિનારા સુધી પહોંચે છે. પીએમ મોદીની મુલાકાત હીરાના સીધા વેપાર માટે પાયો નાખવામાં મદદ કરી શકે છે.

ખાસ કરીને કારણ કે ઘણી ભારતીય હીરા પ્રોસેસિંગ કંપનીઓ પહેલાથી જ નામિબિયામાં કાર્યરત છે.

ભારતે નામિબિયામાં ખાણકામ, ઉત્પાદન, હીરા પ્રક્રિયા અને સેવાઓ સહિત વિવિધ ક્ષેત્રોમાં ઈ૮૦૦ મિલિયન (લગભગ ?૬,૬૦૦ કરોડ)થી વધુનું રોકાણ કર્યું છે.

હીરા ઉપરાંત, નામિબિયા કોબાલ્ટ, લિથિયમ અને રેર અર્થ મટિરિયલ અને ખનિજોથી પણ સમૃદ્ધ છે જે ભારતના સ્વચ્છ ઊર્જા તરફ આગળ વધવા માટે જરૂરી છે.

### અમેરિકાએ

પહેલા પાનાનું ચાલુ

માટે પણ અત્યંત આકરા નિયમો કર્યા છે અને ખાસ કરીને વિદ્યાર્થીઓને સોશ્યલ મીડીયા એકાઉન્ટ ચેક કરાઈ રહ્યા છેમાર્ચથી મે દરમ્યાન અત્યાર સુધીમાં ૯૯૦૬ ભારતીય વિદ્યાર્થીઓને એફ-૧ વિઝા અપાયા છે જે ૨૦૨૨માં આજ સમયગાળામાં ૧૦૮૯૪ હતા. જોકે કોવિડ પહેલા તો તેનાથી વધુ ઝડપથી ભારતીય વિદ્યાર્થીઓને અમેરીકામાં સ્ટુડન્ટ વિઝા મળતા હતા.

એક તરફ હાલ અમેરીકામાં રહેલા હજારો ભારતીય વિદ્યાર્થીઓને પણ અનેક રીતે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અને તેમાં ટ્રમ્પ તંત્રએ હવે સ્ટુડન્ટ વિઝા પ્રક્રિયા પણ ધીમી બનાવતા વિદ્યાર્થીઓ આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા છે.

### ઉત્તરાખંડના

પહેલા પાનાનું ચાલુ

સુધીમાં સામાન્ય કરતાં ૧૨૧ ટકા વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે. સામાન્ય રીતે સરેરાશ ૮૪ મીમી વરસાદ થવો જોઈતો હતો, પરંતુ ૧૮૬ મીમી વરસાદ નોંધાઈ ચૂક્યો છે. બુધવારે પણ હવામાન વિભાગે ૨૫ જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ આપ્યું છે.

### સીઝનમાં

પહેલા પાનાનું ચાલુ

કરાવવાની પણ માંગ કરી હતી.એર ઈન્ડીયાના ચીફ એકઝીકયુટીવ કેમ્પબેલ વિલ્સને પેનલને એવી બાહેંધરી આપી હતી કે વિમાનમાં સીટ સહીતની ફરિયાદોનો બે વર્ષમાં સંપૂર્ણ ઉકેલ લાવવામાં આવશે.

બેઠકમાં સાંસદોએ ઉંચા વિમાની ભાડા પર પછતાળ પાડી હતી. મહાકુંભ, પહલગામ, વખતે ધરખમ ભાડાના દાખલા રજુ કર્યા હતા.

### નેશનલ હાઈવે

પેજ-૨ પાનાનું ચાલુ

મટિરિયલ અને પેવર બ્લોક્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સમારકામના કાર્યને ઝડપી બનાવવા ૨ કમ્પ્રેસર, ૨ પેવર, ૩ ગ્રેડર, ૬ રોલર, ૪ જેસીબી, ૧૫ ટ્રેક્ટર અને ૧૫૦ શ્રમિકો સહિત કુલ ૧૮૦થી વધુ સાધનો અને માનવબળ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે.

### સરકાર હંમેશા

પેજ-૨ પાનાનું ચાલુ

નિષ્ણાંત વકતા તરીકે ગુજરાત હાઈકોર્ટના પ્રેક્ટિશનર સી.એ. એડવોકેટ શ્રી હિરેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, વિભાગ જ્યારે રજિસ્ટ્રેશન રદ કરે છે તો તે અંગે ડિટેઈલમાં તેનું કારણ દર્શાવેલું હોવું જોઈએ, પરંતુ વિભાગ દ્વારા રજિસ્ટ્રેશન રદ થવા પાછળ માત્ર એક લાઈનમાં કારણ દર્શાવવામાં આવે છે, જેની સ્પષ્ટતા સંપૂર્ણપણે થતી નથી, જેથી જેનું રજિસ્ટ્રેશન રદ થાય છે તેને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે, જીએસટીમાં રૂલ ૨૫માં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે સ્પોટ વિઝીટ પહેલા નોટિસ આપવામાં આવે, પરંતુ વિભાગ દ્વારા નોટિસ વગર જ સ્પોટ વિઝીટ કરવામાં આવે છે. આવા કેસોમાં જ્યારે રજિસ્ટ્રેશન રદ કરવામાં આવે છે ત્યારે મીસ રિપ્રેઝન્ટેશન તરીકે કારણ દર્શાવવામાં આવે છે. જેને કારણે પણ ઉદ્યોગકારો અને વેપારીઓને મુશ્કેલી થાય છે.

વિભાગ બારોબાર પોર્ટલ પર નોટિસ આપી દે છે, જેની ટેક્ષ પેયરને બે વર્ષે જાણ થાય છે. આવા કેસમાં નોટિસના ત્રણ મહિનાની અંદર અપીલ કરવાની હોય છે, પરંતુ જાણ જ બે વર્ષે થાય ત્યારે ટેક્ષ પેયર કશું કરી શકતા નથી. ચાર મહિના પછી તો કોઈ અધિકારી પણ એને કોન્ડોન કરી શકતા નથી, કારણ કે એની પાસે સત્તા જ હોતી નથી. આવા કેસમાં ટેક્ષ પેયરને અપીલની સમય મર્યાદાનો બાદ નડે છે. આવી વિવિધ મુશ્કેલીઓ ટેક્ષ પેયરને સહન કરવાનો વારો આવે છે. તેમણે ટેક્ષ્ટાઈલ સેકટર માટેના જીએસટી કોમ્પ્લાયન્સિસ એન્ડ ચેલેન્જીસ વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

અન્ય નિષ્ણાંત વકતા તરીકે દેસાઈ લીગલના સ્થાપક સી.એ. એડવોકેટ શ્રી અભય દેસાઈએ જીએસટી સંબંધિત તાજેતરના જ્યુડિશિયલ પ્રોનાઉન્સમેન્ટ્સ એન્ડ ઈટ્સ ઈમ્પ્લીકેશન્સ અંગે માહિતી આપી હતી. તેમણે તાજેતરમાં જીએસટી અંગે આવેલા ન્યાયિક ચૂકાદાઓ અને તેનું ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ તથા અન્ય વ્યવસાયિક ક્ષેત્રો પર પડતા અસરકારક પરિણામો પર પ્રકાશ પાડયો હતો.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સર્વેનો આભાર વ્યકત કરતા જણાવ્યું હતું કે, જીએસટીની બદલાતી જોગવાઈઓ અને નીતિઓની વચ્ચે ઉદ્યોગકારોને યોગ્ય માર્ગદર્શન અને સ્પષ્ટતા મળી રહે એ જરૂરી છે. આવા કોન્કલેવ ઉદ્યોગ જગત માટે સરકારની નિયમનકારી બાબતોને સરળ બનાવી ઉદ્યોગ–ધંધાઓમાં આગળ વધવા માટે પ્રેરક બની રહે છે.

ચેમ્બરના માનદ્ ખજાનચી સી.એ. મિતિષ મોદીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે, જીએસટીના પ્રેકટીશનર્સને જીએસટીમાં દરરોજ નવું સમજવું પડે છે. સતત અભ્યાસ અને અમલીકરણની એમાં પ્રોસેસ રહે છે. ધંધાના ટ્રાન્ઝેકશન થતા હોવાથી કેસ સ્ક્રૂટીની અને ઓડિટમાં થતા હોય છે અને એના માટે આપણે શું કરી શકાય તે હેતુથી જીએસટી કોન્કલેવનું આયોજન કરવામાં આવે છે.

જીએસટી કોન્કલેવ ૨૦૨૫ અંતર્ગત Simplifying GST: Bridging Compliance and Clarity fro Growth વિષય પર પેનલ ડિસ્કશન યોજાયું હતું. આ પેનલ ડિસ્કશનમાં સી.એ. અવિનાશ પોદ્દાર, એડવોકેટ શ્રી રોહન દેસાઈ અને સી.એ. મુકુંદ ચૌહાણ પેનલિસ્ટ તરીકે જોડાયા હતા. તમામ પેનલિસ્ટોએ જીએસટીના વિવિધ પાસાઓ, નીતિ–નિયમોની જટિલતાઓ, ટેક્ષટાઈલ અને અન્ય ઉદ્યોગોના જીએસટી સંબંધિત વિવિધ પડકારો અને તેના સંભવિત ઉપાયો પર વિસ્તૃત ચર્ચા કરી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન સીએ હાર્દિક શાહે જીએસટી કોન્કલેવ ૨૦૨૫ અંગે માહિતી આપી હતી. ચેમ્બરની જીએસટી કમિટીના સભ્ય શ્રી દિપેશ શાકવાલાએ જીએસટી કોન્કલેવ ૨૦૨૫નું સંચાલન કર્યું હતું. જ્યારે સીએ રાજેશ ભાઉવાલાએ પેનલ ડિસ્કશનનું સંચાલન કરી ડિસ્કશનમાં જીએસટીના મુખ્ય મુદ્દાઓને રજૂ કર્યા હતા.

કોન્કલેવમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, પૂર્વ પ્રમુખ સીએ પી.એમ. શાહ, સુરતના ઉદ્યોગકારો, ટેક્ષ્ટાઈલ ઉદ્યોગના અગ્રણીઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને કોમ્પ્લાયન્સ કન્સલ્ટન્ટ્સ તેમજ એકાઉન્ટિંગ અને કન્સલ્ટિંગ ક્ષેત્રના નિષ્ણાંતો તથા ઉદ્યોગ સાહસિકો હાજર રહયા હતા. નિષ્ણાંતોએ ઉપસ્થિતોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કોન્કલેવનું સમાપન થયું હતું.

### ઓએનજીસી

પેજ-૨ પાનાનું ચાલુ

મીટનું આયોજન કરવામાં આવ્યું હતું.ઓએનજીસી હજીરા પ્લાન્ટના પ્લાન્ટ મેનેજર શ્રી ચંદ્ર શેખરે જણાવ્યું હતું કે, સરકારના રૂલ્સ એન્ડ રેગ્યુલેશનને આધારે GeM (Government evMarketplace) અને G e P N I C (evProcurement) પ્લેટફોર્મ્સના માધ્યમથી ઓએનજીસી દ્વારા ખરીદી કરવામાં આવે છે, આથી તેમણે ઉદ્યોગ સાહસિકો તેમજ સપ્લાયર્સને આ બંને પ્લેટફોર્મ્સની પણ સમજ આપી હતી. ઓએનજીસી દ્વારા વેન્ડર ડેવલપમેન્ટ માટે પણ કામ કરવામાં આવે છે, જેથી નવા સપ્લાયર્સને તેમની સાથે જોડાવા માટે તેમણે અનુરોધ કર્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ગૃપ ચેરમેન શ્રી સંજય ગજીવાલા અને ચેમ્બરની વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ કમિટીના સભ્ય જનક વ્યાસ તથા ઓએનજીસીના અધિકારીઓએ સ્થાનિક સપ્લાયર્સ અને ઉદ્યોગ સાહસિકોને વધુ તકો આપવાના દ્રષ્ટિકોણથી આવી મીટ્સનું વ્યાપક સ્વરૂપે આયોજન કરતા રહીશું તેમ જણાવ્યું હતું. વેન્ડર ડેવલપમેન્ટ જેવા આયોજનો ઉદ્યોગ સાહસિકોને નવી દિશા આપે છે અને નાના ઉદ્યોગોને સરકારી ખરીદીની મુખ્યધારા સાથે જોડવા માટે મહત્વના સાબિત થાય છે. આ વેન્ડર મીટ અંતર્ગત દક્ષિણ ગુજરાતના સંખ્યાબંધ ઉદ્યોગ સાહસિકો અને સપ્લાયર્સે ઓએનજીસી હજીરા પ્લાન્ટના અધિકારીઓ સાથે સીધો સંપર્ક સાધ્યો હતો. આ મીટમાં ખુલ્લા ફોરમ દ્વારા પ્રશ્નોત્તરી સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી, જેમાં ઉદ્યોગ સાહસિકોએ પોતાની મુંઝવણો રજૂ કરવાની સાથે સાથે તેમના સાહસો અંગે પણ વિસ્તૃત માહિતી આપી હતી.

### હાંસોટના

પેજ-૨ પાનાનું ચાલુ

વર્ષથી કાર્ય કરતા ગામના જૈમીન પરમારને કરી હતી.જૈમીન પરમારે આવી સાપનું રેસ્કયુ ઓપરેશન હાથ ધર્યું હતું અને તેને પકડી સુરક્ષિત જગ્યાએ છોડી મૂકવાની તજવીજ હાથ ધરી હતી.સાપને બહાર કાઢી જોતા તે ૨ ફૂટ લાંબો અને બિનઝેરી પ્રજાત્તિનો રૂપસુંદરી તરીકે ઓળખતો સાપ હોવાનું જણાવ્યું હતું. તેનો દેખાવ ખુબ સુંદર હોય તેને રૂપસુંદરી કહેવામાં આવે છે. ગ્રામજનો તેને સૂકી સાપણ તરીકે પણ ઓળખે છે.અંગ્રેજીમાં તેને કોમન ટ્રીનકેટ સાપ તરીકે પણ ઓળખવામાં આવે છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
બુધવાર, તા.૦૯ જુલાઈ ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## સી.આર. પાટીલે લાલ આંખ કરતા તંત્ર દ્વારા ગેરકાયદે ઝિંગા તળાવો પર હથાડો ઝીંકાયા

### સિંચાઈ વિભાગે આખરે આળસ ખંખેરી ડુમસ, મગદલ્લા વિસ્તારમાં કાફલા સાથે ફરી વળ્યાં

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં તાકીદે મળેલી એક બેઠક બાદ કલેક્ટર સહિતના મનપા તંત્રના અધિકારીઓ, કમિશનર વચ્ચેની ખાડીપુર સંબંધીત ચર્ચાઓ બાદ એક ખાસ કમિટી બનાવવામાં આવી છે ત્યારે ખાડીપુર પાછળના કારણભુત બનતા ડુમસ મગદલ્લા વિસ્તારના ગેરકાયદેસર ઝીંગા તળાવોના દબાણો હટાવવાની કામગીરી ચાલી રહી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. પોકલેન મશીન દ્વારા ઝીંગા તળાવોના પાળા તોડી પાડવાની આજે સવારથી કામગીરી હાથ ધરવામાં આવી હતી. સિંચાઈ વિભાગ દ્વારા ગેરકાયદેસર ઝીંગા તળાવોને દુર કરવામાં આવી રહ્યા છે.

સુરતમાં ખાડી પુરને કારણે લાખો પરિવારો અસરગ્રસ્ત થયા હોય કેન્દ્રીય જળશક્તિ મંત્રીએ તાકીદે એક બેઠક બોલાવી હતી. જેમાં મનપા, કલેક્ટર તેમજ સ્થાનિક તંત્રના તમામ અધિકારી ઓ હાજર રહ્યા હતા. લાંબી ચર્ચા બાદ કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલના આદેશ બાદ ખાડી પુરનો ખતરો દૂર કરવા અને ભવિષ્યમાં આવી સમસ્યા ન ઉભી થાય તેવી કામગીરી હાથ ધરવા સૂચના આપી હતી ત્યારે ખજોદ ખાતે આજે સવારથી સિંચાઈ વિભાગ દ્વારા ગેરકાયદેસર ઝીંગા તળાવો દૂર કરવાની કામગીરી શરૂ કરાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

અત્રે નોંધનીય છે કે, સુરતમાં દેમાર વરસાદ અને ખાડીપૂરથી ભારે તારાજી સર્જાયા બાદ સુરત મહાનગર પાલિકા, કલેક્ટર અને સિંચાઈ વિભાગીય તંત્ર દોડતું થયું હતું. અને ખાડી વિસ્તારના ગેરકાયદે દબાણોને દૂર કરવાના કામે લાગી ગયું છે.

## બંધના એલાનમાં સુરત ખાતે ટ્રેડ સંગઠનોનો દેખાવો-સૂત્રોચ્ચાર, કલેક્ટરને આવેદનપત્ર

### બેંકિંગ સહિત જાહેર સાહસોની કામગીરી પર અસર

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

કામદાર અને ખેડૂત વિરોધી સરકારી નીતિના વિરોધમાં દેશભરના વિવિધ ટ્રેડ યુનિયનોની કાઉન્સીલે આજે ભારત બંધના આપેલા એલાનને સુરત શહેરમાં અશતઃ અસર જોવા મળી હતી. સ્ટેટ બેંક સિવાયની રાષ્ટ્રીયકૃત બેંકો આ હડતાળમાં સામેલ થઈ હતી. ખાસ કરીને રાષ્ટ્રીય સારસોના કર્મચારીઓ બંધના એલાનના સમર્થનમાં હડતાળ પાડી દેખાવો કર્યો હતો.

સુરતના મુગલીસરા એલઆઈસી કચેરી ખાતે ટ્રેડ સંગઠનોના આગેવાનોની ઉપસ્થિતિમાં કર્મચારીઓએ હડતાળ પાડી દેખાવો યોજી સરકાર વિરૂદ્ધ ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા. દરમિયાન કામદાર અગ્રણી ભરત શેઠ મારે પ્રતાપ દર્પણ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે,




કામદાર અને ખેડૂત વિરોધી સરકારી નીતિના વિરોધમાં આજે બંધના એલાનના સમર્થન સાથે આજે સુરતના વિવિધ ટ્રેડ યુનિયનોએ કલેક્ટરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી. (તસવીર : હનીફ મલેક)

દેશવ્યાપી હડતાળમાં આજે સુરતમાં બેંક, એલઆઈસી, પોસ્ટ ઓફિસ સહિત જાહેર ક્ષેત્રોના કર્મચારીઓ હડતાલમાં જોડાયા હતા. સરકારની શ્રમવિરોધી, ખેડૂત વિરોધી કોર્પોરેટ તરફી નીતિના વિરોધમાં કેન્દ્રીય ટ્રેડ યુનિયનો સહિત સંલગ્ન સંગઠનોએ રાષ્ટ્રવ્યાપી બંધનું એલાન આપ્યું હતું. જેના સમર્થનમાં તમામ જાહેરક્ષેત્રના સંગઠનોએ સમર્થન આપી દેખાવો કર્યા હતા.

વધુમાં આજે બપોરે ૧૨ વાગે વિવિધ ટ્રેડ યુનિયનના સંગઠનોના આગેવાનો દ્વારા કલેકટરને આવેદનપત્ર આપી સરકારી નીતિઓનો ઉગ્ર વિરોધ નોંધાવી દેખાવો કરી સૂત્રોચ્ચાર કર્યા હતા.

## ઘોઘાથી હજીરા આવતી રો-રો ફેરીની શીપ ફરી ખોટકાઈ : ૨૦૦ મુસાફરો અટવાયા



### ટેકનીકલ કારણોસર શીપને પરત જેટી પર લવાય, આજે સવારની હજીરાથી ઘોઘાની શીપ રદ કરાઈ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

હજીરાથી ભાવનગર ઘોઘા વચ્ચે ચાલતી રો-રો ફેરી કોઈ ટેકનીકલ કારણો સર ભાવનગરથી હજીરા આવતા સમયે ત્યાં જેટી થી ૨૦૦ મીટર દૂર દરિયામાં અટકી પડી હતી. આ ફેરીમાં ૨૦૦થી વધુ મુસાફરો સવાર હતા. ૫ કલાક સુધી દરિયામાં જહાજ અટકી પડ્યું હોય મુસાફરો ચિંતામાં મુકાયા હતા. જેને પગલે જહાજને જેટી સુધી લાવવાના પ્રયાસો કરાયા હતા.

કંડલા દીનદયાળ પોર્ટ દ્વારા ઘોઘા હજીરા વચ્ચેની રો-પેક્સ ફેરીનું મોનીટરીંગ કરવામાં આવે છે. સને ૨૦૨૦માં ઘોઘાથી હજીરાને જોડતી આ ફેરી ચાલે છે. દરમિયાન હજીરાથી પણ ઘોઘા સુધી રો-પેક્સ ફેરી ચાલે છે. સમયની બચત સાથે ગુજરાતના એક શહેરથી બીજા શહેર સુધી પહોંચાડતી આ રો-રો ફેરી સર્વિસમાં ગઈકાલે મુસાફરો અટવાયા હતા.

ટેકનીકલ કારણોસર ગઈકાલે ઘોઘા જેટીથી સાંજે ૫ કલાકે નિકળેલું શીપ જેટીથી ૨૦૦ મીટર દૂર અટકી પડ્યું હતું. વરસાદ અને દરીયામાં ઉછળતા મોજાને કારણે શીપ ચેનલની બહાર નિકળી ગયું હતું. ૨૦૦ મીટર દરિયામાં દૂર આ શીપમાં ૫ કલાક સુધી મુસાફરો અટવાયા હોવાનું જાણવા મળ્યું છે. અટવાયેલા શીપને પરત ઘોઘા જેટી સુધી લાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

## પંડોળના હીરા કારખાનામાં હીરા ગરમ કરવાનું ઓવન ફાટતા આગથી ભાગદોડ

### ઉપરના માળે ફસાયેલા ૧૫ લોકોને રેસ્ક્યુ કરાયા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

વેડરોડના પંડોળ ખાતે આવેલા રાધા કૃષ્ણ જેમ્સ હીરાના કારખાનામાં વહેલી સવાર પહેલા હીરા ગરમ કરવાના ઓવનમાં ફાયર થતા ભાગદોડ મચી હતી. ઉપરના માળે ફસાયેલા ૧૫ લોકોને રેસ્ક્યુ કરી બાજુના ટેરેસ ઉપરથી ઉતારવામાં આવ્યાં હતાં.

ફાયરના સુત્રોના જણાવ્યા મુજબ વેડરોડ વિસ્તારમાં આવેલા પંડોળ ખાતે કેવિન બિલ્ડીગના ૨ માળે ફ્લેટ નંબર ૨૦૨માં રાધા કૃષ્ણ જેમ્સ હીરાનું ખાતું આવેલું છે. અહીં હીરા બનાવવાનું કામકાજ ચાલે છે. આજે વહેલી સવાર પહેલા ખાતામાં હીરા ગરમ કરવા માટે મૂકવામાં આવેલ ઓવન મશીનમાં અચાનક બ્લાસ્ટ થતા આગ ફાટી નીકળી હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

વહેલી સવારે મુગલીસરા, કતારગામ અને ડભોલીની ટીમ ઘટના સ્થળે પહોંચી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. ઉપરના ત્રીજા માળે ૫ વ્યક્તિ ફસાયા હતા. જેને રેસ્ક્યુ કરીને નીચે સહી સલામત બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઉપરાંત અન્ય ૧૦ થી ૧૨ વ્યક્તિઓને કેવિન બિલ્ડીગ ના ૫ માળેથી કેશવ દ્રષ્ટિ બિલ્ડીગની ટેરેસ ઉપર ઉતારી બચાવ કામગીરી હાથ ધરી હતી તેવું ફાયર ઓફિસર અક્ષય પટેલે જણાવ્યું હતું.

## લગ્નની લાલચ આપી ત્યક્તા ઉપર બળાત્કાર : બે સંતાનની માતા જંગે ચઢી

### બળાત્કાર ગુજારનાર અજયકુમાર મીર સામે જહાંગીરપુરા પોલીસે ગુનો નોંધ્યો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

જહાંગીરપુરા વિસ્તારમાં રહેતી બે સંતાનની માતા એવી ત્યક્તાને લગ્ન કરવાની લાલચ આપી બંને બાળકોને પણ અપનાવી લેવાનું જણાવી સને ૨૦૨૩થી મહિલા સાથે શરીર સંબંધ બાંધી લગ્ન નહીં કરી તરછોડી દીધી હતી. આ મામલે ભોગબનનાર મહિલાએ જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

જહાંગીરપુરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર જહાંગીરપુરા વિસ્તારમાં રહેતી અને છુટક કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતી એક બે સંતાનની માતાનો સંપર્ક કેળવી અજયકુમાર રઘુભાઈ મીર ઉ.વ.૩૩ (રહે. આંબેડકરનગર, ઝુંપડપટ્ટી, જહાંગીરાબાદ)એ સને ૨૦૨૩ના સમયગાળાથી મહિલાને લગ્ન કરવાની લાલચ આપી હતી. ત્યારબાદ જહાંગીરપુરા ખાતેના મહિલાના ફ્લેટમાં વારંવાર તેની સાથે શરીર સંબંધ બાંધ્યા હતા. મહિલાને બે સંતાનો હોય તેને પણ અપનાવી લેવાની વાતો કરનાર અજયકુમાર મીરે લગ્ન નહીં કરી વારંવાર મહિલા સાથે શરીર સંબંધ બાંધ્યા હતા. લગ્ન નહીં કરતા આખરે આ મામલો ગઈકાલે પોલીસ મથકે પહોંચ્યો હતો.

## મફતમાં ફીરકી લઈ જવાના મુદ્દે સરથાણાના ડી-સ્ટાફ પોલીસને ભારે પડ્યું

### ફિરકીના રૂપિયા માંગનાર સ્ટોર માલિક-કારીગરને માર મારવાના કેસમાં ત્રણ પોલીસકર્મી સહિત ચાર સામે ગુનો નોંધવા કોર્ટનો આદેશ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત.તા.૯**

ગત જાન્યુઆરી માસમાં પતંગ સ્ટોર પરથી વારંવાર પોલીસના નામે ફિરકી લઈ જવાના મુદ્દે પતંગ સ્ટોરના વિકલાંગ માલિક અને કારીગરને પોલીસ સ્ટેશને લઈ જઈ માર મારવા અંગે કોર્ટમાં થયેલી ફરિયાદના અનુસંધાને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટે સરથાણા પોલીસ સ્ટેશનના ડી સ્ટાફના ૩ કર્મચારી સહિત ૪ આરોપી વિરૂદ્ધ ફોજદારી કેસ રજીસ્ટર કરવા હુકમ કરવામાં આવ્યો હોવાનુ એડવોકેટ આર.બી.મેંદપરા દ્વારા જાણવા મળ્યું હતું.

કોર્ટમાં થયેલી ફરિયાદ મુજબ, કાપોદ્રા હરીકુંજ સોસાયટીમાં રહેતા રાકેશ લાલજી ગજેરાએ ગત ઉતરાયણ પર્વમાં સરથાણા પોલીસ સ્ટેશનની હદમાં ભગવાનગર ખાતે સાંઈ પતંગ સ્ટોરના નામે પતંગ અને ફિરકીના વેચાણ માટે દુકાન ખોલી હતી. રાકેશ ગજેરાને ત્યાં પતંગ સ્ટોર ઉપર મુકેશ નાનજી સોલંકી નામનો યુવક કારીગર તરીકે કામ કરતો હતો. દરમિયાન ગત.તા.૧૩ જાન્યુઆરીએ રાતે રવી ભુપત કસોટીયા રાકેશભાઈની પતંગ સ્ટોરે આવ્યો હતો. અને ૨૫૦૦ વારની એક ફિરકી લીધી હતી. રવી કસોટીયા પાસેથી ફિરકીના રૂ.૮૦૦ માગ્યા હતા. જેથી રવીએ કહ્યુ હતુ કે સરથાણા પોસ્ટેનો માણસ છું તેમ કહી પૈસા આપ્યા ન હતા. ત્યારબાદ રવી ફરીથી ઉતરાયણના દીવસે આવ્યો હતો અને પતંગ સ્ટોર પરથી ૫૦૦૦ વારની ફીરકી લીધી હતી. ત્યારબાદ રવીએ આ ફીરકીનો માંજો બીજી ફીરકીમાં ભરી આપવા જણાવ્યું હતું. જો કે રાકેશ ગજેરાએ કારીગર નથી તેમ કહી ફીરકી ભરવાની ના પાડી દીધી હતી. જેથી રવી કસોટીયાએ સરથાણા પોસ્ટેના ડી સ્ટાફના પોલીસ કર્મચારી રવિ ડાંગર, પ્રજ્ઞેશ ગોસ્વામી અને કૃપાલસીહ ભાટીને ઘટના સ્થળે બોલાવ્યા હતા. જ્યાં આ ત્રણ પોલીસ કર્મચારીઓએ રાકેશ ગજેરા અને કારીગર મહેશ સોલંકી સાથે માથાકુટ કરી હતી. લોકોએ આ તમાશાનો વિડીયો પણ ઉતાર્યો હતો.

ત્યારબાદ પોલીસ કર્મચારીઓ રાકેશ અને મહેશને સરથાણા પોલીસ સ્ટેશને લઈ ગયા હતા. જ્યાં રાકેશ અને મહેશને મારમારવામાં આવ્યો હતો તેવી ફરિયાદ વકીલ આર.બી.મેંદપરા મારફતે સુરત કોર્ટમાં આપી હતી. સુરત કોર્ટમાં આ ફરિયાદ ચાલી હતી. કોર્ટે જણાવ્યું હતુ કે ફરિયાદ હકીકત અને રજૂ થયેલા તમામ પુરાવા ધ્યાને લેતા આરોપીઓએ એકબીજાની મદદગારી કરી રાકેશ અને મહેશને માર માર્યો હોવાનુ જણાય આવે છે. આરોપીઓ સામે મારામારીનો ગુનો પ્રથમ દર્શનીય રીતે બનતો હોવાનુ જણાય આવે છે. આ ફરિયાદ ફોજદારી કેસ રજિસ્ટરે કરી આ ગુનાનો જવાબ આપવા આરોપીઓને સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ પણ કર્યો હતો.

## દ.ગુજરાતમાં મેઘરાજાનો વિરામ : ખેરગામમાં બે અને ઉમરપાડામાં એક ઇંચ વરસાદ

### નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લામાં પણ ઉઘાડ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

દ.ગુજરાતમાં મેઘરાજાએ વિરામ લીધો હોય તેમ વિતેલા ૨૪ કલાકમાં માત્ર સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં એક ઈંચ અને નવસારીના ખેરગામમાં આજે સવારે ૬ થી ૮ વાગ્યા દરમિયાન બે ઈંચ વરસાદ નોંધાયો હતો. વરસાદના વિરામ વચ્ચે આગામી ૬ દિવસ સુધી એલર્ટ પણ જાહેર કરાયું છે જોકે ગઈકાલથી આજે સવાર સુધી માત્ર સુરત જિલ્લાના ઉમરપાડા અને નવસારીના ખેરગામમાં જ વરસાદ નોંધાયો હતો.

ફ્લડ કંટ્રોલ પાસેથી મળતી વિગત અનુસાર વિતેલા ૨૪ કલાકમાં મેઘરાજાએ ઉઘાડ કાઢ્યો હોય તેમ વલસાડ, નવસારી, આહવા-ડાંગ, વાપી અને તાપી જિલ્લામાં વરસાદે વિરામ લીધો છે. માત્ર ઉમરપાડા તાલુકામાં ૧ ઈંચ અને ખેરગામમાં બે ઈંચ વરસાદ નોંધાયો છે. નવસારીમાં પુર આવ્યા બાદ પુર્ણા નદીની સપાટી પણ હાલ ૧૦ ફુટે પહોંચી છે. સિઝનના કુલ વરસાદની વાત કરીએ તો તમામ જિલ્લામાં અત્યારસુધીમાં ૩૫ થી ૪૦ ઈંચ સુધીનો વરસાદ પડી ચુક્યો છે.

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વરસાદને કારણે ઠેક ઠેકાણે રસ્તાઓ તૂટી જતા સ્થાનિક તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે રસ્તા રિપેરિંગનું કામ સતત કરવામાં આવી રહ્યું છે. જેમાં છેલ્લા બે દિવસથી મેઘરાજાએ ખમૈયા કરતા રસ્તા રિપેરિંગનું કામ મોટા ઉપાડે કરવામાં આવી રહ્યું છે.

## અરબી સમુદ્રમાં ફરી વાવાઝોડુ સક્રિય થતા દ.ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી

### તા.૧૫મી જુલાઈ સુધી મેઘરાજા દેમાર ખાબકશે

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

બંગાળની ખાડી ઉપર નોર્થ ઈસ્ટમાં ચક્રાવાત ઉદભવવા સાથે લો પ્રેશર પણ સર્જાયું હોય જે સાઉથ ગુજરાત તરફ આગળ વધવા સાથે આગામી ૧૫ જુલાઈ સુધીમાં સુરત સહિત દ.ગુજરાતમાં અતિ ભારે વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. બીજી તરફ ગઈકાલથી આજે સવાર સુધી મેઘરાજાએ હળવા વરસાદી ઝાંપટા વરસાવ્યા હતા. આજે સવારથી શહેરમાં વાદળોની જમાવટ વચ્ચે વરસાદ ગાયબ રહ્યો હતો ત્યારે હવામાન વિભાગની વધુ એક આગાહી આવી ગઈ છે. ૧૫ જુલાઈ સુધી વરસાદ દ.ગુજરાતને ધમરોળે તેવી સંભાવના છે.

બંગાળની ખાડી ઉપર ચક્રાવાત તેમજ લો પ્રેશર ઉભું થયું છે જે સાઉથ ગુજરાત સુધી અસર કરશે તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. અરબી સમુદ્રમાં પણ ચક્રાવાત સર્જાયું હોય જેને કારણે આગામી ૧૫ જુલાઈ સુધી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. સુરત ઉપરાંત દ.ગુજરાતના જિલ્લાઓમાં ૧૫ જુલાઈ સુધી ભારે વરસાદ પડી શકે છે. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે બપોરે સુરત સિટીમાં છુટા છવાયા જોરદાર વરસાદી ઝાંપટા પડ્યા હતા. જોકે ગઈકાલે સાંજથી આજે સવાર સુધી મેઘરાજાનો વિરામ રહ્યો હતો. સવારથી વાદળ છવાયા વાતાવરણ વચ્ચે વરસાદે હાજરી પુરાવી ન હતી.

## ઉભરાતી ગટરો અંગે ૨૦ દિવસથી સતત ફરિયાદ છતાં તંત્રનું કમઠાણ

### મોટા વરાછાથી ઉત્રાણ સર્કલ સુધીની ઉભરાતી તમામ ગટરોની ગંદકીથી લોકો ત્રાહિમામ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

મોટા વરાછાથી ઉત્રાણ જતા રસ્તા ઉપર લા મેરીડીયમ નામની બિલ્ડીંગની સામે મેઈન રોડ ઉપર છેલ્લા ૨૦ દિવસથી ગટરનું પાણી ઉભરાઈને રસ્તા ઉપર ફરી વળતું હોય સુરત મનપાના વરાછા ઝોનમાં અવાર-નવાર ફરીયાદ કરવા છતાં સંબંધીત અધિકારીઓ કર્મચારીઓને સ્થળ ઉપર નહીં મોકલી ઓનલાઈન કમ્પલેઈન કરી હોવા છતાં ખો આપી રહ્યા હોવાનું એક જાગૃત નાગરીકે પ્રતાપ દર્પણને જણાવ્યું હતું.



મોટા વરાછાથી ઉત્રાણ તરફ જતા વીઆઈપી સર્કલ નજીકના રસ્તા ઉપર રસ્તા ઉપર ગટરના પાણી ઉભરાઈ રહ્યા હોવા અંગે ઓનલાઈન કમ્પલેઈન ઉપરાંત ઝોન ઓફીસમાં ફરીયાદ કરી નિરાકરણ લાવવા માટે આ વિસ્તારના એક જાગૃત નાગરીક વારંવાર જણાવ્યું હોવા છતાં અધિકારીઓ દ્વારા કોઈ પગલા લેવાયા ન હતા. ગટરનું પાણી રસ્તા ઉપર ફેલાયું હોય ગંદકી અને રોગચાળાની દહેશત વચ્ચે સ્થાનિકો વહેલી તકે સાફ સફાઈ કરી ઉભરાતી ગટરો બંધ કરવાની માંગણી કરી રહ્યા છે.

## લિંબાયતમાં માત્ર ૧૦૦૦ રૂપિયાના મોબાઈલની બબાલમાં ખૂની ખેલ

### પિતા-પુત્રોએ મળીને યુવક ઉપર જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૯**

લિંબાયત મીઠીખાડી બેઠી કોલોની ખાતે ગત મોડી રાત્રે ખૂની ખેલ ખેલાયો હતો. મોબાઈલ પરત લેવાના સામાન્ય ઝગડામાં મિત્રએ તેના ભાઈ અને પિતા સાથે મળીને યુવકને ઢીક મુક્કીનો માર માર્યા બાદ ચપ્પુના ઘા ઝીકી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. લિંબાયત પોલીસે પિતા-પુત્રો સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. આ ઘટનાને પગલે પરિવારમાં ભારે રોષનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

લિંબાયત પોલીસના સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ લિંબાયત આઝાદ ચોક સ્થિત નુરાની મસ્જીદ પાસે રહેતા શરીફ રિયાઝ ખાન પઠાણે તેમના ઘર નજીક રહેતા સાહિલ અનવર શેખ,સોહેલ અનવર શેખ અને પિતા અનવર શેખ સામે લિંબાયત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

શરીફ પઠાણના ભાઈ અરબાઝખાનની આરોપી સાહિલ સાથે મિત્રાતા હતી. અરબાઝે મિત્રતામાં સાહિલને મોબાઈલ વાપરવા માટે આપ્યો હતો. અરબાઝે સાહિલ પાસે મોબાઈલ પરત માગ્યો હતો અથવા તેના બદલામાં ૧ હજાર રૂપિયા આપી દેવા કહ્યું હતુ. આ મુદ્દે અરબાઝ અને સાહિલ વચ્ચે ઝગડો થતા મિત્રતામાં તિરાડ પડી હતી. દરમિયાન સાહિલે આ ઝગડાની અદાવત રાખી મીઠીખાડી બેઠીકોલોની ઉર્દુ સ્કુલ નજીક અરબાઝ પાસે આવ્યો હતો. સાહિલ સાથે તેનો ભાઈ સોહેલ અને પિતા અનવર પણ આવી પહોંચ્યા હતા.

જ્યાં અરબાઝ સાથે ઝગડો કરી પિતા-પુત્રોએ તેને ઢીક મુક્કીનો મારમાર્યો હતો. ત્યારબાદ સાહિલે પોતાની પાસે રહેલ ચપ્પુથી અરબાઝ ઉપર જીવલેણ હુમલો કરી દીધો હતો. જેમાં અરબાઝનુ મોત નિપજ્યું હતું. પોલીસે સાહિલ, સોહેલ અને અનવર સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.